તવારીખની તલવાર

૦ સંપાદક ૦

મર્હુમ હાજી અબ્દુલ ગફ્ફાર ચોલા

(કલમબાઝ જામનગરી)

---

૦ પ્રકાશક ૦

મોહંમદ અમીન એ. ચોલા (નૂરી)

જામનગર. મો.૯૮૨૪૮ ૩૬૫૦૦

ઈસાલે સવાબ કિતાબો છપાવો

આપના મર્હુમોના ઈસાલે સવાબ અથવા નેક કાર્યની નિયતથી કોઈ પણ દીની કિંતાબો છપાવી ફ્રી તકસીમ કરવા સંપર્ક કરવા વિનંતી છે. અમે આપને ખુબ જ સસ્તા દરે દીની કિતાબો તૈયાર કરી છપાવી આપશું.

તુરંત જ સંપર્ક કરશો

Sagar Design & Publication

સાગર
ડિઝાઈન એન્ડ પબ્લિકેશન

ડી-૨, મુકુંદ ચેમ્બર્સ, ગ્રેઈન માર્કેટ,
દાણાપીઠ ગેઈટ પાસે, જામનગર-૩૬૧ ૦૦૧.
સંપર્કઃ ૯૮૨૪૮ ૩૬૫૦૦

★ કિતાબનું નામ ★

ત્વારિખની તલ્વાર

○ સંપાદક ○

(મર્હુમ) હાજી અબ્દુલ ગફફાર ચોલા

(કલમબાઝ જામનગરી)

○ પ્રકાશક ○

મોહંમદ અમીન એ. ચોલા (નૂરી)

જામનગર. મો.૯૮૨૪૮ ૩૬૫૦૦

કિતાબનું નામ

ત્વારિખની તલ્વાર

લેખક

(મર્હમ) હાજી અબ્દુલ ગફ્ફાર ચોલા

(કલમબાઝ-જામનગરી)

આવૃત્તિઃ બીજી (પ્રથમ આવૃત્તિ-૧૯૮૯) | પ્રત : ૧૦૦૦ (એક હજાર)

પ્રકાશન વર્ષ

ઈ.સ. ૨010 (હિજરી - ૧૪31)

પ્રુફ રીડીંગ

મોહંમદ અમીન એ. ચોલા (નૂરી)

હદીયોઃ

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન

મોહંમદ અમીન એ. ચોલા (નૂરી)

ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર-૩૬૧ ૦૦૧.
મો.૯૮૨૪૮ ૩૬૫૦૦

પ્રસ્તાવના

ઈમાન એ અલ્લાહ તઆલા પર સંપૂર્ણ વિશ્વાસ અને તેના આખરી નબી પયગમ્બર, મહેબુબ રસુલની મહોબ્બતનું નામ છે. તેમ છતાં કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલા પર ભરોસો અને ઈમાન હોવાનો દાવો કરે અને તેના મહેબુબ રસુલની શાનમાં ગુસ્તાખીઓ અને બેઅદબીભરી વાતો કરે અને મુસલમાન હોવાનો દાવો કરે તો એ યોગ્ય ગણાશે? અલ્લાહ તઆલા પોતે તેના મહેબુબ રસુલથી મહોબ્બત કરે છે, તેને મહાન નામોથી અને લકબોથી સંબોધન કરે છે અને કોઈ વ્યક્તિ મહાન પયગમ્બર અને અલ્લાહ તઆલાના રસુલને મજબુર અને સામાન્ય માનવી જેવા કહે (મઆઝલ્લાહ) તેને ઈન્સાફ પસંદ માનવી કે અલ્લાહ તઆલા સ્વીકારશે? અને આ પ્રકારનો ઈન્સાન પોતાની જાતને મુસલમાન કહે તો કોઈ માનશે?

અલ્લાહ તઆલાથી લઈને તેના જલીલુલ પયગમ્બર ત્યારબાદ સહાબાએ કિરામ, મહાન ઈમામો, ગવસે આઝમ અને દરેક અવલિયાએ કિરામ જે મહાન રસુલે આઝમ, રહેમતુલ્લીલ આલમીન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાને પાકમાં ખુબ જ પ્રસંશા સાથે અને મહાન લકબોની સાથે સંબોધન કર્યા છે, આપની શાને પાકમાં ના'ત અને મન્કબત તથા કસીદાઓ લખીને પોતાની જાતને ખુશનસીબ સમજેલ છે જ્યારે તેમના વિશે અમુક નાસમજ અને ગુમરાહ લોકો બેઅદબીભર્યા લખાણો લખી પોતાને આલીમ અને મુફ્તી સમજવા લાગે છે તો એ મહાન હસ્તીઓ સામે સામાન્ય વ્યક્તિની બુદ્ધિ કેટલી?

આપણા મહાન બુઝૂર્ગો આપણાં કરતાં હજારો ગણી બુદ્ધિ અને સમજ ધરાવતા હતાં. તેમણે ખુબ જ અદબની સાથે અલ્લાહ તઆલાના મહેબુબ રસીલની તા'રીફ કરેલ છે જ્યારે અમુક સામાન્ય બુદ્ધિના માનવીઓએ અલ્લાહ તઆલાના મહાન રસુલના ઈલ્મને તેમની શક્તિઓને માપવાના પ્રયત્નો કર્યા છે. સામાન્ય માનવી ફકત એક સામાન્ય વલીઅલ્લાહના ઈલ્મનો, તેમની શક્તિઓનો અંદાજો કરી શકતો નથી તો એ મહાન રસુલ જે બન્ને જહાનના સરદાર છે તેમના માટે જ અલ્લાહ તઆલાએ આ દુનિયાનું સર્જન કર્યું છે. તેમની શક્તિ તેમના ઈલ્મનો માપ કેવી રીતે કાઢી શકશે?

અફસોસ ! ભૂતકાળમાં એવા અનેક માનવીઓ થઈ ગયાં જેઓ ઈસ્લામ દુશ્મન શક્તિઓના હાથા બનીને અલ્લાહના રસુલથી ગદ્દારી કરી હંમેશા માટે જહન્નમી થઈ ગયાં. તેમની દુનિયા અને આખેરતને બરબાદ કરી દુનિયામાં પણ ઝલીલ થયાં અને આખેરતમાં પણ ઝલીલ થશે અને આજે તેમના ચેલાઓ પણ તે જ રસ્તે જઈ રહ્યાં છે અને પોતાની હઠધર્મી પણ કાયમ રહીને પોતાની દુનિયા અને આખેરતને બરબાદ કરી રહ્યાં છે.

આજે પણ અલ્લાહ તઆલાના નેક બંદાઓની ચોખટ પર કરામતો જોઈ શકાય છે, પરંતુ તેના માટે ઈમાનવાળી આંખો જોઈએ અને ઈન્સાફ ભરેલું દિલ જોઈએ તો જ તેને સમજી શકાશે. તેમ છતાં કોઈ વ્યક્તિ તેને સમજી ના શકે તો કસુર તેનો જ છે. ઈસ્લામના આગમનથી જ બાતિલ ફીર્કાઓએ તથા ગુમરાહ લોકોએ જે તે સમયના પયગમ્બરની શાનમાં ગુસ્તાખીઓ કરતાં આવ્યા છે, સચ્ચાઈનો વિરોધ કરતાં રહ્યાં છે.... પરંતુ આખરે જીત સચ્ચાઈની જ થતી આવી છે અને ઈન્શાઅલ્લાહ કયામત સુધી થતી રહેશે.

અલ્લાહના મહેબુબ રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના સમયમાં અમુક મુનાફીક પ્રકારના લોકો તેમની સાથે ઉઠતાં-બેસતાં અને પાછળથી મઝાક અને ઠઠ્ઠા કરતાં તેમનો અંજામ આખરે બુરો આવ્યો. ત્યાર પછી ઈસ્લામના મહાન ખલીફા અને શેરે ખુદા હઝરત અલી (રદિઅલ્લાહો અન્હો)ના સમયમાં ખારજી ફીર્કો અસ્તિત્વમાં આવ્યો. આપે તેમની સામે જંગનું એલાન કરી તેને નેસ્તોનાબુદ કર્યું. આ રીતે દરેક બુઝૂર્ગોના સમયમાં જુદા-જુદા ફીર્કાઓ અને ગુમરાહ લોકો આવતાં રહ્યાં. છેવટે તેમના અંજામ ખુબ જ બુરા આવ્યા અને તેમનું અસ્તિત્વ પણ આજે જોવા મળતું નથી.

છેલ્લા દોઢસો વર્ષથી વહાબી, દેવબંદી, નજદી, તબ્લીગી ફીર્કાઓએ અંગ્રેજોના માર્ગદર્શન હેઠળ દુનિયામાં અનેક ફીત્નાઓ ફેલાવી દૌલતના જોર પર અનેક મુસલમાનોને ગુમરાહ કરી તથા અલ્લાહના મહેબુબ રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાનમાં ખુલ્લી ગુસ્તાખીઓ કરી પોતાનો પ્રચાર કરવાના પ્રયત્નો કરતાં રહ્યાં. પરિણામ એ આવ્યું કે, તેમને દુનિયામાં અનેક સ્થળે ઝીલ્લત મળી, ઝલીલોખ્વાર થતાં રહ્યાં, લોકોથી નફરત મળી અને ખુબ-ખુબ બદનામ થયાં, અધુરામાં પુરૂ તેમના ગુરૂઓએ એવા પ્રકારની કિતાબો લખી કે, જે કિતાબોનું સભ્ય માણસો વાંચન પણ ના કરી શકે. બેશર્મીની હદ તો ત્યાં થઈ કે, જે વાત સામાન્ય માનવીની ઝબાનેથી નીકળી ના શકે તેવી વાતો એ લોકો એ કિતાબોમાં પ્રસિદ્ધ કરી દીધી.

ઈસ્લામના દરેક પયગમ્બર, સહાબાએ કિરામ, અવલિયાએ કિરામ તથા મહાન બુઝૂર્ગોએ અલ્લાહના મહાન રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની મહાનતાનો, ઈલ્મે ગૈબનો આપની શક્તિનો સ્વીકાર કર્યો છે અને કરતાં રહેશે. જ્યારે વર્તમાન સમયના અમુક બદફીર્કાઓએ તેનો ખુલ્લેઆમ ઈન્કાર કરી પોતાની ગુમરાહીયતને જાહેર કરેલ છે અને પોતાના અકીદાઓને પયગમ્બરોના અકીદાઓ, સહાબાએ કિરામના અકીદાઓ તથા અવલિયાએ કિરામના અકીદાઓથી અલગ કરી દીધાં છે.

માટે દરેક સુન્ની મુસલમાનોએ ગંદા અકીદાઓ તથા ગુમરાહ લોકોને ઓળખી લેવાની જરૂરત છે તથા વર્તમાન સમયના બદફીર્કાઓ જેમણે ઈસ્લામને ખુબ જ નુકસાન પહોંચાડવાના પ્રયત્નો કર્યા છે જેમ કે વહાબી, દેવબંદી, તબ્લીગી, નજદી, કાદિયાણી, રાફઝી, શીઆ, એહલે હદીસ, એહલે કુર્આન, જમાતે ઈસ્લામી (નામ માત્રના) વગેરેથી દુર રહી પોતાના ઈમાન અને અકીદા પર મજબુતીની સાથે રહેવું પડશે નહીં તો બાતિલ ફીર્કાના ફરેબમાં આવી જશો તો દુનિયા અને આખેરત પણ બરબાદ થઈ જશે.

આ કિતાબનું પ્રકાશન ફરી વખત એ જ ઉદ્દેશથી કરવામાં આવ્યું છે કે, જેથી લોકો બદફીર્કાઓથી વાકેફ થાય, તેમના ફરેબને ઓળખે તથા તેમનાથી દુર રહે અને પોતાના ઈમાન પર કાયમ રહે, સિરાતે મુસ્તકીમ પર હંમેશા ચાલતા રહે. આ કિતાબમાં કોઈ ભુલ જોવા મળે તો અમારૂ ધ્યાન દોરવા વિનંતી છે.

અલ્લાહ તઆલાથી દુઆ છે કે, તમામ સુન્ની મુસલમાનોને નેક રસ્તે, હક્કના રસ્તે ચલાવે, આશિકે રસુલ, આશિકે ગવસે પાક અને આશિકે ઔલિયા બનાવે તથા તમામ સુન્ની મુસલમાનોના ઈમાનને સલામત રાખે.. આમીન.

જામનગર.

એ જ

તા.૬.૧૦.૧૦ **આપનો મોહંમદ અમીન એ. ચોલા (નૂરી)**

જામનગર

ઈતિહાસના એંધાણો..

દુનિયામાં મહાન વ્યક્તિઓ જન્મ લેતી રહી, મઝહબી પેશ્વાઓ અને રાષ્ટ્રનેતાઓ જાહેર થતાં રહ્યાં, તેઓ 'હકગોઈ'ના પરચમ લહેરાવતા રહ્યાં, તેમને દુનિયાની કોઈ શક્તિ ઝુકાવી શકી નહીં, દુનિયામાં હક અને બાતીલ, નેકી અને બદી, સત્ય અને જુઠ, ઈન્સાફ અને ઝુલ્મ વચ્ચે શરૂઆતથી જંગ ચાલતી રહી છે, યુદ્ધના મેદાનમાં એવા સરફરોશો આવતાં રહ્યાં જેમની તલવારો ઝુલ્મ, અસત્ય અને અન્યાય સામે ચમકતી રહી, ઈતિહાસનો આ અનોખો અનુભવ છે કે, મહાપુરૂષોએ બુરાઈઓનો એટલી હદે મુકાબલો કર્યો નથી, જેટલો પુરૂષાર્થ તેમણે નેકીઓને ફેલાવવા માટે કર્યો છે. ફરેબી, ચાલબાઝી અને જાલીમ ઈન્સાનોનો શિકાર સીધા-સાદા અને ભલાભોળા ઈન્સાનો થતાં રહ્યાં છે. તેમના ઈશારા પર ગરદનો ઝુકાવતાં રહ્યાં છે. એવા સમયે કેટલાંક શરીફ અને પાકબાઝ ઈન્સાનો જાહેરમાં આવ્યા ત્યારે દુનિયાએ તેમના પ્રત્યે શંકાની દ્રષ્ટિથી જોયું, તેમની રાહમાં કાંટા બિછાવ્યા, તેમના ઉપર તરેહ-તરેહના અમાનુષિ જુલ્મો ગુઝારવામાં આવ્યા, પરંતુ એ ઈતિહાસનો અભ્યાસ કરવાથી સમજાયું કે, અન્યાય અને જુઠની શક્તિઓ એક સંગીન લોખંડી વ્યવસ્થા બનીને માનવતાનો 'જનાઝો' કાઢવાના નિરંતર પ્રયાસો કર્યા હતાં, તેમની હિદાયતને માટે અલ્લાહ તઆલાએ તેમના 'પયગમ્બરો' મોકલ્યા, હઝરત નૂહ (અલયહિસ્સલામ)ના સમયમાં એવી 'બાતિલ શક્તિઓ'ના અન્યાય અને જુલ્મો સામે ઘર્ષણ થયું, જયારે બાબત 'મર્યાદા બહાર'ની થઈ ગઈ ત્યારે કુદરતે એ જુલ્મી શક્તિઓને છિન્ન-ભિન્ન કરવા માટે તેનો 'અઝાબ' પાણીના ઘોડાપુરના રૂપમાં મોકલીને 'બાતિલ શક્તિઓ'ને પાણીમાં 'ગર્ક' કરી દીધી.

હઝરત હૂદ, હઝરત સ્વાલેહ અને હઝરત શુઅયબ (અલયહિસ્સલામ) 'અલ્લાહના પયગમ્બરો' બની તેમની કવમોને નેકી અને સચ્ચાઈની દા'વત આપી, ત્યારે તેમની બદબખ્ત કવમે તેમને લેશમાત્ર અચકાયા વિના કહી દીધું કે, 'અગર અમને તમારા 'કબીલા'ની માન-મર્યાદાનો ખ્યાલ ન હોત તો તમને અમે મોતને હવાલે કરી દીધાં હોત.' વિશેષમાં તેમની બદબખ્ત કવમે બેધડક કહ્યું કે, 'તમારા વર્તુળમાં દાખલ થયાં છે તેઓ ગરીબ છે, નાદાર છે, અમારાથી ઉતરતી કક્ષાના છે, આવા સમુહમાં અમે શામેલ થઈએ એ અમારા મોભાની સરાસર વિરૂદ્ધ છે.'

'પયગમ્બરો'ની શાનમાં આ પ્રકારના હિન કક્ષાના ઉચ્ચારણો કરનારા ઘમંડીઓ પર જ્યારે 'અલ્લાહનો અઝાબ' ઉતરી પડયો ત્યારે સચ્ચાઈનો સ્વીકાર કરવા માટેનો સમય વિતી ચૂક્યો હતો.

હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલયહિસ્સલામે) તેમની 'બૂતપરસ્ત કવમ' માટે 'હિદાયત'નો પયગામ સંભળાવ્યો ત્યારે તેમની બદબખ્ત કવમે તેમને 'કવમના ગદ્દાર' જાહેર કરી દીધાં, કવમનો બદબખ્ત સત્તાધિશ 'નમ્રૂદ' જેણે 'ખુદાઈ દાવો' કર્યો હતો તેણે 'અલ્લાહના દોસ્ત'ને ભભુકતી આગની જવાળાઓમાં ફેંકી દીધાં, પરંતુ એ 'આગ' 'અલ્લાહના ખલીલ'ને માટે 'બાગ' બની ગઈ, ત્યાર પછી અલ્લાહ તઆલાએ 'નમ્રૂદ'ના ઘમંડને ચૂર-ચૂર કરી દીધો.

હઝરત લૂત (અલયહિસ્સલામે) તેમની બદબખ્ત કવમને તેમના ઘૃણાજનક 'સૃષ્ટિ વિરૂદ્ધના કૃત્ય'થી રોકવાના ખૂબ-ખૂબ પ્રયાસો કર્યા. એ કવમ તેના ઘમંડમાં રાંચતી રહી. 'અલ્લાહના અઝાબ'ની લેશમાત્ર પરવા કરી નહીં, અલ્લાહ તઆલાએ એ ઘમંડી અને નાફરમાન કવમ પર 'પથ્થરોનો વરસાદ' વરસાવી તેઓની હસ્તીને 'હતી-ન-હતી' કરી દીધી.

'અલ્લાહના પયગમ્બર' હઝરત યાહ્યા (અલયહિસ્સલામ) તેમની કવમને નેકી અને સચ્ચાઈનો પયગામ સંભળાવતાં હતાં, એ સમયના 'સત્તાધિશ'ને તેમની એ વાત પસંદ નહોતી, તેમણે તેમના પયગામની સતત અવગણના કરી, એક 'નર્તકી'ને ખુશ કરવા ખાતર એ 'ઘમંડી સત્તાધિશે' અલ્લાહના પયગમ્બર હઝરત યાહ્યા (અલયહિસ્સલામ)નું મસ્તક ઉતારીને 'નર્તકી'ને ભેંટ ધરી દીધું. ત્યાર પછી અલ્લાહનો જે 'ગઝબ' (કોપ) એ બદબખ્ત કવમ અને તેના ઘમંડી સત્તાધિશ પર ઉતર્યો તેને વાંચીને કોઈ પણ ઈન્સાનના રૂંવાટા ખડાં થઈ જાય.

હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ) ગુમરાહીની મહેફીલમાં હિદાયતની શમ્આને રોશન કરી ત્યારે કવમના ગુમરાહોની આંખો અંજાઈ ગઈ, એ બદબખ્ત કવમ 'હિદાયતની રોશની'ને બરદાસ્ત કરી શકી નહીં અને અલ્લાહના એ 'પયગમ્બર'ના ખુનની પ્યાસી બની ગઈ, 'કાતિલ કરવત' વડે તેણે તેમના (પયગમ્બર)ના પવિત્ર શરીરને ચીરી નાખીને અલ્લાહના 'અઝાબ'ની એ કવમ અધિકારી બની ગઈ.

અલ્લાહના જલીલુલકદ્ર પયગમ્બર હઝરત મુસા કલીમુલ્લાહ (અલયહિસ્સલામ) ગુમરાહીની ગર્તામાં સપડાયેલી કવમને હિદાયતની રાહ પર ચલાવવાના પ્રયાસો શરૂ કર્યા એ સમયે કવમનો સર્વ સત્તાધિશ 'ફિરઔન' હતો, જેની પાસે વિપુલ દૌલત હતી, વિશાળ ધરતી પર તેની હકુમત હતી. એ 'ખુદાઈ દાવો' પણ કરતો હતો, તેને તેની વિપુલ દૌલત અને વિશાળ હુકુમત પર ઘમંડ હતો, હઝરત મુસા (અલયહિસ્સલામ) તેને મન 'મામુલી ઈન્સાન' હતાં, તેણે તેમની સામે હુંકાર કર્યો. તેને ત્યારે ભાન નહોતું કે, હઝરત મુસા કલીમુલ્લાહ 'અલ્લાહના પયગમ્બર' છે, એ કોઈ 'મામુલી માનવી' નથી, બદબખ્ત ફિરઔને હઝરત મુસા કલીમુલ્લાહને પરેશાન કરવામાં કંઈ જ બાકી રાખ્યું નહીં, પરંતુ ત્યાર પછી એવો સમય આવ્યો કે, ઘમંડી અને નાફરમાન ફિરઔન તેના લાવ-લશ્કર સહિત 'નીલ'માં ગર્ક થઈ ગયો અને તેનો ઘમંડ ચકનાચૂર થઈ ગયો.

હઝરત યુસુફ (અલયહિસ્સલામ) 'અલ્લાહના જલીલુલકદ્ર પયગમ્બર' છે, તેમના ઉપર પારકાના નહીં તેમના પોતાના ભાઈઓના જુલ્મ થયાં તેની દાસ્તાન હૃદયને કંપાવનારી છે, વર્ષો સુધી તેમને મિસરના કેદખાનાની કાળમીંઢ દિવાલો પાછળ રહીને અસહ્ય વેદનાઓ ઉઠાવવી પડી, છેવટે સચ્ચાઈની જીત થઈ, ઝાલીમોના શસ્ત્રો હેઠાં પડ્યાં.

હઝરત ઈસા મસીહ (અલયહિસ્સલામ) તેમની ગુમરાહ કવમની હિદાયત માટે દુનિયામાં પધાર્યા, તેમણે કવમની હિદાયત માટે અનેક 'મુઅજેઝા' બતાવ્યા પરંતુ તેમ છતાં તેમની બદબખ્ત કવમે તેમના ઉપર સદંતર જુઠા અને ઉપજાવી કાઢેલા આક્ષેપો ર્યા, તેમને કતલ કરી દેવાના હિન પ્રયાસો કર્યા પરંતુ તેમાં સફળતા મળી નહીં, અલ્લાહ તઆલાએ તેના એ 'પયગમ્બર'ને આસમાન

પર ઉઠાવી લીધાં અને તેમને ફાંસી પર લટકાવી દેવાના જેણે પ્રયાસો કર્યા હતાં તેમને ફાંસીના માંચડે લટકાવી દીધાં.

ઈતિહાસના એંધાણો બતાવે છે કે, માનવ જાત અધોગતિની ઊંડી ખીણને કિનારે આવી જાય છે, દુનિયામાં ન્યાયના નિશાનો ભુંસાઈ જાય છે, સચ્ચાઈ-નેકી અને રહેમ જેવી બાબતો નામશેષ થઈ જાય છે તેવા સમયે અલ્લાહ પાક માનવ જાતની હિદાયતને માટે તેના 'પયગમ્બર'ને મોકલે છે. અલ્લાહના આખરી નબી રહેમતલ્લીલ આલમીન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના અગમન પહેલાં દુનિયામાં ચારેયકોર ગુમરાહીનો ઘટાટોપ અંધકાર છવાઈ ગયો હતો. અન્યાય અને જુલ્મોથી માનવ જાત ત્રાહિમામ પોકારી ઉઠી હતી. સમગ્ર જગત ઉપર શયતાની સામ્રાજ્ય સ્થાપિત થઈ ગયું હતું. એવા ભયાનક અને કપરા કાળમાં 'અલ્લાહની રહેમત' દુનિયામાં 'નાઝિલ' થઈ, જેણે ઈન્સાનોને 'માનવતા'નો પયગામ આપ્યો, ન્યાય અને નેકીની રાહ બતાવી, જુલ્મોથી રોકાઈ જવાનો સબક સમજાવ્યો, જુઠા 'માઅબુદો'ની 'પરસ્તીશ' નહીં કરવા માટે લોકોને સમજાવ્યા, પરંતુ જેમની રગ-રગમાં જુલ્મ, નિર્દયતા, અન્યાય અને 'જુઠા માઅબુદો' રચી-બસી ગયાં હતાં તેમને ગળે એ વાત ઉતરે કેવી રીતે? પાષાણ જેવા હૃદયમાં 'ઈમાનના બીજ' ફૂલેફાલે કેવી રીતે? એ ઝાલીમોને 'દુનિયાની રહેમત'ની વાતો કડવી લાગી, તેઓ તેમની જાનના દુશ્મનો થઈ ગયાં, તેમણે તેમના અને તેમના જાંનિસાર સાથીદારો ઉપર ભયાનક જુલ્મોના પહાડો તોડ્યાં. દુનિયાથી તેમને સદંતર નેસ્તો નાબુદ કરવાના પ્રયાસો કર્યા એ સમયે 'શયખેનજદી'નું સ્વરૂપ ધારણ કરીને શયતાન પણ આગળ આવ્યો અને 'બાતિલ પરસ્તો'ને જુદા-જુદા સમયે જુદી-જુદી તરકીબો બતાવી, પરંતુ અલ્લાહ અને તેના આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર તેની કોઈ જ તરકીબ અસરકારક સાબિત થઈ શકી નહીં. દુનિયાના નામચીન ઘમંડીઓ અને 'તલવારના ધણી' કહેવાતા 'બાતિલ પરસ્તો' કાં તો મયદાનોની ધૂળ ચાટતા થઈ ગયા અને કાં તો 'અલ્લાહની રહેમત'ના કદમોમાં ઝૂકી પડ્યાં, એ રીતે સચ્ચાઈની જવલંત ફતેહ થઈ.

'શયતાની શક્તિ'એ ફરીવાર નબુવ્વતનો જુઠો દાવો કરનારા મુસયલેમહ કિઝઝાબના સ્વરૂપમાં માથું ઉંચક્યું, મુસયલેમહ કિઝઝાબ હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને અણગમતી ભૂમિ 'નજદ'ના વિસ્તારોનો હતો, તેણે નબુવ્વતનો જુઠો દાવો કર્યો, એ શયતાનના શયતાની પ્રયાસોથી તેની આસપાસ સેંકડો નહીં હજારો કહેવાતા મુસલમાનો એકઠાં થઈ ગયાં, પરંતુ ઈસ્લામના બીજા ખલીફા હઝરત સીદીકે અકબર (રદિયલ્લાહો અન્હો) એ તેના ઘમંડી મસ્તકને કચડી દીધું. ત્યાર પછી ઈસ્લામના 'ચોથા ખલીફા' હઝરત અલી શેરે ખુદા (રદિયલ્લાહો અન્હો)ના ખિલાફતકાળમાં 'ખારજીઓ' શયતાની શક્તિના સ્વરૂપમાં સામે આવ્યા, એ ખારજીઓએ ઈલ્મના ઘમંડમાં હઝરત શેરેખુદાથી ટકરાઈને છિન્ન-ભિન્ન થઈ ગયાં. 'કરબલા'ના મયદાનમાં ઈમામ હુસૈન (રદિયલ્લાહો અન્હો)એ 'યઝીદીઓ'ના મુખ પર 'સદાકતની સીલ' લગાવી, અબ્બાસી ખિલાફતમાં 'ખલ્ક કુર્આન'નો ફિત્નો ખડો થયો ત્યારે ઈમામ અહેમદ બીન હમ્બલ (રદિયલ્લાહો અન્હો)એ એકલે હાથે મુકાબલો કરીને બતાવી આપ્યું કે, ઝાલીમ અને

જાબીર રાજ્યકર્તાઓ સામે એક ઈન્સાન પણ 'હકની બોલી' બોલી શકે છે, હુઝૂર પીરાનેપીર દસ્તગીર ગવસુલ આ'ઝમ દસ્તગીર (રદિયલ્લાહો અન્હો)ના સમયમાં 'રાફઝી ફિત્નો' ખડો થયો, એ 'મહા ફિત્ના'એ ઈસ્લામના બુનિયાદી અકીદાની દિવાલમાં સુરંગ ચાંપવાનો હલકટ પ્રયાસ કર્યો ત્યારે ગવસુલ આ'ઝમ (રદિયલ્લાહો અન્હો)એ તેની નકાબકુશાઈ કરીને એ 'શૈયતાની શક્તિ'ને મિસ્માર કરી.

વિશાળ ભારત પર સમ્રાટ અકબરનું એકચક્રી શાસન વર્ષો સુધી રહ્યું, સત્તાની ભૂખ સંતોષાઈ જતાં મોગલ સમ્રાટને 'પયગમ્બર' થવાના અભરખાં થયાં, તેણે દિને ઈલાહીનું તૂત ઉભું કર્યું, પોતાના એ 'દિન'ને ફેલાવવાના કાર્યોમાં જુલ્મ અને અન્યાયનો દૌર છૂટો મુક્યો, આમ છતાં એ 'અકબર' મટીને 'અકફર' બન્યો, તેના 'દિને ઈલાહી'ના ફિત્નાને નાબુદ કરવા માટે કુદરતે એક સરહિંદી ફકીરને ખડો કર્યો જેનું નામ મુજદ્દીદે અલ્ફેસાની શયખ અહેમદ સરહિંદી (રહેમતુલ્લાહ અલયહે) છે, એક 'મહાન સમ્રાટ'ને એક 'ફકીરે' નામોશીભરી શિકસ્ત આપી અને તેના ઘમંડને ધૂળમાં મેળવી દીધો.

અરબસ્તાનનો એક વિસ્તાર જે 'નજદ'ના નામથી નામચીન છે, એ 'નજદ'ની ધરતી, જેને માટે અલ્લાહના આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) દુઆ કરવાનો ઈન્કાર ફરમાવ્યો હતો, બલ્કે 'આપે' આગાહી કરી હતી કે, એ 'નજદ'માંથી ફિત્ના નીકળશે, શયતાનના શિંગડા જાહેર થશે, ત્યાંથી ધરતીકંપો આવશે, 'આપ'ની ભવિષ્યવાણી અક્ષરસઃ સાબિત થઈને રહી, મુહંમદ બિન અબ્દુલવહહાબ નજદી 'શયખે નજદી' બનીને જાહેર થયો.

એક સમયે મક્કહના 'દારૂલનદવ'માં શૈયતાન સ્વયં 'શયખે નજદી' બનીને હાજર રહ્યો હતો. એ શયતાને 'નજદ'ના શયખ ઈબ્ને અબ્દુલ વહહાબને પોતાનો 'વારસ' બનાવ્યો, તેની 'હમેલ'માં 'કુફ્રના કારતુસો' ભર્યા, શિર્ક અને બિદઅતના શસ્ત્રોથી તેને સજ્જ કર્યો. ત્યાર પછી શયખે નજદી નજદના સઉદી કબીલાના વડાના ખભા પર બંદુક મુકીને તેના 'મિશન'ને ચલાવ્યું, વહાબી-સઉદી ગઠબંધન એક પુર્ણ શયતાની શક્તિ બનીને ઉભર્યું, અરબના વિસ્તારમાં તેમણે આતંક ફેલાવ્યો. તેમના 'ઘડેલા અકીદાઓ'ને ફેલાવવા માટે તેમણે મુસલમાનોની મોટા પ્રમાણમાં કત્લેઆમ કરી, સેંકડો વર્ષોના બનેલા મઝારો અને મઝારો પરના 'કુબ્બાઓ'ને તેમણે બિસ્માર કરી દીધાં. તેને સ્થાને ફલકબોસ ઈમારતો ખડી કરી દીધી. આજે પણ તેમની એ રીત ચાલુ છે, પરંતુ જુલ્મની જીવાદોરી ક્યાં સુધી? ઈતિહાસને 'વહાબી-સઉદી' વિસારી ચૂક્યા છે. જુલ્મ અને અન્યાયનો અંત ભયાનક હોય છે. એ સમય પણ નજીક છે, ત્વારિખને ભૂલીને ઘમંડમાં રાચનારાઓ પર 'ત્વારિખની ચમકતી તલવાર' લટકી રહી છે. એ તલવાર તેમના કુકૃત્યોનો બદલો લઈને રહેશે, તેમાં શંકાને લેશમાત્ર સ્થાન નથી.

જામનગર

તા.૨૫.૨.૧૯૮૯

અબ્દુલ ગફફાર હાજી ઉંમર ચોલા.

થોડીક જરૂરી સ્પષ્ટતા

ઈતિહાસની બુનિયાદ 'અકીદા' અને વિચારો પર નિર્ભર નથી, બલ્કે પરંપરાગત સાક્ષીઓ પર આધારિત હોય છે, 'અકીદા'ની સચ્ચાઈની સાબિતી 'કિતાબ' 'સુન્નત' અને તેની સ્પષ્ટ દલીલો પર છે, જેના અર્થઘટનો આપણાં મહાન બુઝૂર્ગોએ કર્યા છે અને એ તેમના અમલ અને કથનથી જાહેર થયું છે, આપણા આ પુસ્તકનો આધાર ઐતિહાસિક બનાવો પર નિર્ભર છે. પુસ્તકમાં રજુ થયેલી ઘટનાઓ અને હકિકતોને સમજી-વિચારી તેના પર મનન કરવામાં આવશે તો આસાનીથી સીધી અને સાચી રાહ મળી શકશે.

અરબની સરઝમીનની રજેરજમાંથી મુસલમાનોને તેમના 'ઈમાન'ની ધડકનો સંભળાય છે, કોઈ મુસલમાન જ્યારે 'હજ્જે બયતુલ્લાહ'થી પાછો ફરે છે ત્યારે તેના શહેરના મુસલમાનો તેના હાથને ચૂમે છે, તેની પેશાની પર બોસો આપે છે, તેનું કારણ એ કે, એ માનવીના હાથ 'કાઅબતુલ્લાહ'ની દિવાલો અને 'ગુંબદે ખિઝ્રા'ની જાળીઓને સ્પર્શ કર્યો હોય છે, તેની નજરોએ એ મુકદ્દસ જાળીઓના દીદાર કર્યા હોય છે, તેની આંખોએ એ પાક સરઝમીનને જોઈ હોય છે જેના ઉપર અલ્લાહના મહાન, શ્રેષ્ઠ અને આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના કદમ પડ્યા છે, એવી 'મુકદ્દસ સરઝમીન' પરથી પાછા ફરેલા માનવીથી કોઈ પણ મુસલમાનને મહોબ્બત થાય, તેનાથી 'બગલગીર' થાય, તેનો 'મુસહફા' કરે, તેના હાથ ચૂમે, એ એટલાં માટે કે એ માનવી 'હિજાઝ'ના એ મુકદ્દસ સ્થાનોનો 'લાભ' લઈને આવ્યો હોય છે, અલ્લાહ અને રસુલના 'હરમ'ને સ્પર્શીને તે આવ્યો હોય છે. આપણા મહાન 'સહાબા-એ-કિરામ' હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના 'વુઝૂ'ના પાણીના ટીપાં જમીન પર પડવા દેતાં નહોતાં એ 'તબર્રૂક'ને તેઓ હાથોહાથ લેવા માટે પડાપડી કરતાં હતાં, એ પાક પાણીને લઈને તેમની આંખો પર મલતાં હતાં, જે 'સહાબી'ના હાથમાં એ પાણીના ટીપાં આવતાં ન હતાં તેઓ બીજાના હાથ પર હાથ લગાવીને પોતાના હાથોને મુખ અને આખા શરીર પર ફેરવી લેતાં હતાં, એ એટલાં માટે કે હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના પાક શરીર સાથે સંબંધિત થયેલી વસ્તુ સાથે સંબંધ રાખવાને માટે પોતાને ખુશનસીબ સમજતાં હતાં. આપણા મહાન બુઝૂર્ગોના સંબંધે મશ્હુર છે

કે, તેઓ મદીનહ મુનવ્વરહના કૂતરાઓનો પણ આદર કરતાં હતાં, ભારત-પાકમાં એવા અનેક અલ્લાહના રસુલના આશિકો છે જે મદીનહ પાકના કૂતરાઓનો અહેતેરામ કરે છે અને ત્યાંના કૂતરાઓ પ્રત્યે પોતાને સંબંધિત કરવાને ધન્ય સમજે છે.

આજે 'હિજાઝ'ની સરઝમીન પર 'વહાબીઓ'ની હકુમત છે, તેમનો એકહથ્થુ કબજો અને સત્તા છે, એ 'એકહથ્થુ શાસન' હોવાથી તેમની જ વાત ત્યાં 'છેવટનો શબ્દ' ગણાય છે, એ એક નક્કર હકિકત છે. ૧૯૭૯ માં 'હરમે-નબી' અને 'હરમે-કઅબહ'ના 'ઈમામો' પાકિસ્તાન ખાતે આવ્યા ત્યારે પાકિસ્તાનના મુસલમાનોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. અકિદતથી ભરપુર દેખાવો પણ યોજાયા હતાં, તે એટલાં ખાતર નહીં કે, તેમનામાં એકનું નામ 'અબ્દુલઅઝીઝ' અને બીજાનું નામ 'અબ્દુલ્લાહ' હતું. આમ તો હજારો લોકો વ્યાપારિક ધોરણે અરબસ્તાનથી ત્યાં આવતાં હોય છે, તેમને કોઈ પૂછતું નથી, પરંતુ એ બન્ને 'ઈમામો'ને માટે જે કંઈ થયું એ એટલાં ખાતર થયું હતું કે, એ બન્નેનો સંબંધ 'મસ્જિદે નબ્વી' અને 'મસ્જિદુલહરામ' (કઅબતુલ્લાહ) સાથે હતો.

ઉપરોકત બનાવના થોડાં સમય પછી ફરીવાર 'કઅબતુલ્લાહ' અને 'હરમે નબ્વી'ના 'ઈમામો'નું પાકિસ્તાન ખાતે આગમન થયું. ત્યારે પાકિસ્તાનના એક 'વહાબીયત નવાઝ' અખબારે લખ્યું કે; 'જ્યારે 'હરમૈન શરીફૈન'ના 'ઈમામ' પાકિસ્તાનના 'ફરઝંદાને-તવહીદ'ને નમાઝ પઢાવશે ત્યારે ખબર પડી જશે કે, 'સંવાદે આ'ઝમ' (મુસ્લિમોનો સૌથી મોટો વર્ગ) કોણ છે?'

ખરેખર તો 'સંવાદે આ'ઝમ' (અહેલેસુન્નત)ની સંખ્યા જાણવાની આ રીત યોગ્ય નથી, વાત તો ત્યારે બનતી કે, અખબાર મજકુરે આ પ્રમાણેની જાહેરાત કરી હોત કે, 'ફલાણી તારીખે કરાંચી (પાકિસ્તાન)માં એ માનવી નમાઝ પઢાવશે જેનો 'અકીદો' એ છે કે, હુઝૂરે અકરમની 'શફાઅત' ચાહવી 'શિર્ક' છે, જેની માન્યતા એ છે કે, અલ્લાહના રસુલ અને તેના 'સહાબા' અને અવલિયા અલ્લાહની મુકદ્દસ મઝારો પર હાજરી આપવી 'કુફ્ર' છે તેમના 'વસીલા'થી દુઆ માંગવી એ 'બિદઅત' છે. તેમની મઝારો પર ફૂલ ચડાવવા 'હરામ' અને 'શિર્ક'થી કમ નથી, જેમનો 'અકીદો' એ છે કે, પાકિસ્તાન અને દુનિયાના બીજા ભાગોમાં જે જે 'ગયર મુકલ્લીદો' છે એ જ સાચા મુસલમાન છે. એ સિવાયના તમામે તમામ 'મુશ્રીકો' છે.

અગર આ પ્રકારની જાહેરાત કરવામાં આવી હોત ત્યાર પછી તેમની પાછળ ગણ્યા-ગાંઠ્યા 'વહાબીઓ' સિવાય કેટલાં માણસો નમાઝ પઢવા આવ્યા હોત? તેની હકિકત દુનિયાને સાચા અર્થમાં જાણવા મળી હોત, પરંતુ એ પ્રકારની જાહેરાત કરવામાં આવી નહોતી. બલ્કે ત્યારે આવનારા અને તેમનું આદર કરનારા 'ગયર મુકલ્લીદો' તેમના મઝહબી અકીદાને જાહેર કરવાને બદલે છૂપાવતાં હતાં.

કરાંચી-લાહોરથી પ્રસિદ્ધ થતાં મશહુર અખબાર 'નવા-એ-વકત' તા.૧૧, મે-૧૯૫૫ ના અંકમાં એક ખબર છપાઈ હતી જેમાં સ્પષ્ટ લખ્યું હતું કે, એ સમયના સઉદી શાહ ફયસલે દિલ્હીમાં ગાંધીજીની સમાધિ ઉપર 'અકીદતના ફૂલ' ચડાવ્યા હતાં ત્યારે 'વહાબી વર્તુળ'ની 'ઘડેલી શરીઅત'ના કપાળ ઉપર કોઈ કરચલી જોવામાં આવી નહોતી. એવી જ રીતે એ જ અખબારના ૨, ફેબ્રુઆરી-૧૯૫૭ ના અંકમાં એક ખબર છપાઈ હતી જેમાં લખ્યું હતું કે, વર્તમાન સઉદી શાહ સઉદ અર્લીંગટન (અમેરિકા)માં આવેલા 'ઈસાઈઓ'ના કબ્રસ્તાનમાં કોઈ 'ઈસાઈ'ની કબ્ર પર ફૂલોના ગુચ્છા મુકીને તેમની 'અકીદતમંદી' જાહેર કરી હતી. અને લાહોર (પાકિસ્તાન)ના મશહુર અખબાર 'કોહીસ્તાન'માં પ્રસિદ્ધ થયેલી ખબર અનુસાર એ સમયના સઉદી અરબના સંરક્ષણ પ્રધાન શાહઝાદા ફહદે જ્યોર્જ વોશીંગ્ટનની કબ્ર પર 'અકીદતના ફૂલ' ચડાવ્યા હતાં.

'સઉદી-નજદી' શાહો અને શાહઝાદાઓના આ 'ખુલ્લા શિર્ક' પર ભારત-પાક. અને 'નજદના ઉલ્માઓ' ચૂપ રહ્યાં. ક્યાંયથી તેમના એ 'કૃત્ય'નો કોઈ પડઘો સંભળાયો નહીં. બનવા જોગ છે કે, એ કહેવાતા ઉલ્માઓની નજીક 'શિર્ક'ના કાટલાં સામાન્ય મુસલમાનો અને 'નજદી-શાહો' અને 'નજદી ખાનદાન' માટે અલગ-અલગ હશે.

ભારતના આંજહાની પંતપ્રધાન પંડિત નહેરૂ કોણ હતાં? એ તો તેમના નામથી જાહેર છે, પંડિત નહેરૂ મુસલમાન નહોતાં, પરંતુ 'મુશરીક' હતાં. ઈસ્લામી ભાષામાં તેઓ 'ગયર મુસ્લિમ' હતાં. તેઓ એક સમયે 'સઉદી-શાહ'ના આમંત્રણ પરથી તેમના 'મહેમાન' બનીને ત્યાં ગયાં, ત્યારે એરપોર્ટ પર 'સઉદી-શાહે' તેમનું સ્વાગત 'મરહબા યા રસુલુસ્સલામ નહેરૂ'ના ગગનભેદી સૂત્રો ઉચ્ચારીને કર્યું હતું. અરબ અને ભારતના 'વહાબીઓ'એ એ સૂત્રો પર પ્રસંશાના પુષ્પો વેર્યા હતાં. અલબત્ પાકિસ્તાનના કેટલાંક હક પરસ્ત ઉલ્માઓએ 'સઉદી-નજદી-

સૂત્રોચ્ચાર'ની સખ્ત ટીકા કરી હતી, પરંતુ ભારત-પાક.ના 'ગયર મુકલ્લીદો' પણ તેમના હોઠોને સીવી લીધાં હતાં.

આ પુસ્તક લખવાનું કારણ એ છે કે, 'વહાબી ધર્મ'ના જન્મદાતા મુહંમદ ઈબ્ને અબ્દુલવહહાબ નજદી (જેને 'શયખે નજદી') કહેવામાં આવ્યો છે. તેના જન્મથી લઈને મૃત્યુ સુધીની હકિકતોને સામાન્ય મુસલમાન આસાનીથી સમજી શકે તેના 'ધર્મ'ના 'બાતિલ અકીદાઓ'થી પરિચિત થઈ શકે, એ સિવાય એક-બીજો મકસદ એ પણ હતો કે, 'સઉદી-નજદી' હુકુમત 'હીજાઝ' પર થઈ એ પહેલાં 'હીજાઝ' પર તુર્કોની હકુમત હતી, તુર્કોએ 'હિજાઝ'માં કેવા-કેવા શાનદાર કારનામાઓ કર્યા તેની પણ હકિકતને જાણી-સમજી શકે.

તુર્કોની હકુમત એ સમયે ઈસ્લામી જગતમાં 'ઉસ્માની ખિલાફત'ને નામે મશહુર હતી. ઈસ્લામી જગતને તેણે એક સાંકળમાં જકડી રાખ્યો હતો, એવી 'શાનદાર હુકુમત'ને કેવા-કેવા કાવતરાઓ રચીને ખત્મ કરી દેવામાં આવી હતી. મુહંમદ બીન અબ્દુલ વહહાબ નજદી કોણ હતો? તેણે મુસલમાનો સમક્ષ કયા પ્રકારની દા'વત પેશ કરી હતી? એ સમયના ઈસ્લામી જગતના મહાન ઉલ્માઓ પર તેની શું અસર થઈ હતી? બ્રિટન અને બીજી સત્તાઓ અરબ પ્રદેશમાંથી તુર્કોનું શાસન શા માટે ખતમ કરી દેવા ઈચ્છતી હતી? અમેરિકાનું તેમાં શું હિત હતું? અરબના વિસ્તારમાં 'વહાબી ચળવળ'ને કેવી રીતે કચડી નાખવામાં આવી હતી? 'વહાબીઓ'એ 'ગુંબદે ખીઝ્રા' પરના સોનાના ચાંદ-તારાને ઉતારી લીધો અને 'ગુંબદે ખીઝ્રા'ને પાડવાનો હિન પ્રયાસ કર્યો જેમાં તેના બે માનવીઓના મૃત્યુ થયાં એટલે તેણે એ વિચાર પડતો મુક્યો હતો, તેની પાછળના કયા 'પરિબળો' કામ કરી ગયાં? વગેરે.

એ સિવાય આ પુસ્તક પ્રસિદ્ધ કરવા પાછળ કોઈ માનવી અગર તો 'વર્ગ'ની દિલઆઝારી કરવાનો મુદ્દલ મકસદ નથી. બલ્કે, એવા માનવીઓ જેઓ 'વહાબીયત'ને અપનાવી રહ્યાં છે અગર તો તેની હિમાયત કરી રહ્યાં છે તેમને 'આયનો' દેખાડવાનો છે, એ આયનામાં અગર તેમને તેમનો ચહેરો વિકૃત અથવા બદસુરત દેખાય તો તેમણે એ આયના પર ગુસ્સો ઉતારીને તેને તોડી પાડવાના બદલે પોતાના 'ચહેરા'ની સુધારણા કરે એ મુળ મકસદ છે.

સામાન્ય રીતે 'વહાબી વર્તુળ' તરફથી એક પ્રકારનો નિરંતર પ્રચાર

કરવામાં આવ્યો છે કે, 'સંવાદે આંઝમ' (અહેલે સુન્નત)ના ઉલ્માઓ 'વહાબી વર્તુળ' પર 'કાફીર'ના 'ફત્વા' આપતાં હોય છે, એ બાબતમાં આ પુસ્તકનો અભ્યાસ કરવાથી સમજી શકાશે કે, ખરેખર મુસલમાનોને 'કાફીર' અને 'મુશ્રીક' કોણ બનાવે છે? 'વહાબી વર્તુળ'ની માન્યતા મુજબ જે મુસલમાન તેના 'અકીદા' સાથે સંમત ન હોય એ 'મુશ્રીક' અને 'કાફીર' છે, તેમના આ 'ફત્વા'ની ઝપટમાં મહાન 'સહાબા'થી લઈને આજ સુધીના મુસલમાનો આવી જાય છે, કોઈ બચી શકતું નથી. જેનો ખુલાસો એ છે કે, 'વહાબી વર્તુળ'ની નજીક 'સહાબા'થી લઈને આજ સુધીની તમામ 'ઉમ્મત' (તેમના સિવાયની) 'કાફીર' છે. જેઓ મૃત્યુ પામ્યા તેમનું મોત 'કુફ્ર' પર થયું અને જેઓ હયાત છે એ પણ 'કાફીર' અને 'મુશ્રીક' છે. (ખુદાની પનાહ)

'રિસાલત'ના દૌર પછી 'સહાબા'નો સમય આવ્યો, ત્યાર પછી 'તાબઈ' અને તેમના પછી 'તબેઅ-તાબઈન' અને ત્યાર પછી ઈમામોનો દૌર આવ્યો, તેમના દૌરમાં મક્કહ-મદીનહ, કરબલા, નજફે અશ્રફ અને બીજા શહેરોમાં મઝારાતો પર 'કુબ્બહ' અંકિત થયાં, 'કુબ્બા' બન્યા, સેંકડો વર્ષો પછી એવી જ હાલતમાં રહ્યાં, પરંતુ કોઈએ તેને તોડી પાડવાનો હુકમ આપ્યો નહોતો. કોઈએ તેની 'ઝિયારત' નહીં કરવાનો 'ફત્વો' પણ પ્રસિદ્ધ કર્યો નહોતો, એ હકિકતને જોતાં શું એ સમયના આપણાં મહાન બુઝૂર્ગો 'ઈલ્મથી કોરાં' હતાં? 'શરીઅત'ને લાગતી બાબતોથી અજ્ઞાન હતાં? હરગીઝ નહીં, તો પછી 'વહાબી ધર્મ'ના જન્મદાતાઓએ એ મુકદ્દસ મઝારોને જમીનદોસ્ત કરી દીધી? તેને 'શરીઅત'ને અનુરૂપ કઈ રીતે કહી શકાશે?

તુર્કીની હકુમતમાં એ મુકદ્દસ મઝારોની જાળવણી કેવી રીતે કરવામાં આવી હતી? ત્યાંથી આપણે શરૂઆત કરીએ.



તુર્કોની 'હિજાઝ' પર હકુમત

'વહાબી-સઉદી-નજદી'ની હુકુમત 'હિજાઝ'ના વિસ્તાર પર થઈ એ પહેલાં તુર્કસ્તાનની 'ઉસ્માની ખિલાફત'ની હુકુમત એ વિસ્તાર પર હતી. તુર્કોએ તેમના સમયમાં રસુલે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની 'વિલાદત'થી લઈને વિસાલ સુધીને સંબંધિત દરેકે દરેક રૂહાની, શારીરિક, ત્વારિખી અને જમાલિયાતી કૈફિયત અને તેને લગતાં બનાવોને ભવિષ્યની પ્રજાને માટે સુરક્ષિત રાખવાની નિર્ધારિત યોજનાને અમલમાં મુકી હતી. એ કાર્ય જો કે, અમલી રીતે 'નબ્વી દૌર' થતો રહ્યો હતો, પરંતુ તેને ત્યારે લગભગ એક હજાર વર્ષથી વધુ વર્ષનો સમય થઈ ચૂક્યો હતો. એટલે હવે જરૂરી હતું કે, એ કાર્ય એક ચોક્કસ કક્ષાએ થાય તેને માટે દિવાનગીની હદ સુધી રસુલે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પ્રત્યે અગાધ મહોબ્બત અને માનવીય હોશોહવાસની મર્યાદા, પવિત્રતા અને માનસિક સત્યતાની જરૂર હતી. આ તમામે તમામ બાબતો 'તુર્ક સ્વર'માં બરાબર મૌજુદ હતી. તેને કારણે તેઓ તે કાર્યમાં સંપુર્ણ રીતે સફળ પણ થયાં હતાં. તુર્કોનો ઈસ્લામી જગત પર એ મોટામાં મોટો અહેસાન છે.

તુર્કી હાકેમોને સારી પેઠે ભાન હતું કે, જે ધરતી પર અલ્લાહના આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની પધરામણી થઈ અને જ્યાં આપના કદમો પડ્યાં હતાં, જે વિસ્તારની હવા આપના શ્વાસોમાં સૌ પ્રથમ દાખલ થઈ હતી, જેની મધુરતા 'આપે' મહેસુસ કરી હતી, જ્યાં પક્ષીઓના મધુર કલરવ 'આપ'ના કાનો પર અથડાયા હતા, જ્યાંના અવકાશ પરથી સુરજ અને ચંદ્રએ આપના દિદાર કર્યાં હતાં, એ કદાવર ઘડીઓ, ખુણા અને વળાંકો, સ્વર અને ધ્વનિ ત્યાંની એ તમામે તમામ નાની-મોટી નિશાનીઓ જે દુનિયાભરના મુસલમાનો માટે અતિ પવિત્ર 'નિશાનીઓ' છે. તેની જાળવણી કઈ રીતે કરવી? તેનું તુર્કી હાકેમોને પુરેપુરૂ ભાન હતું. એ 'નિશાનીઓ'ને તેમણે તેની મૂળ સ્થિતિમાં ખૂબ જ સરસ રીતે બનાવી-જાળવી હતી, તેના ઈતિહાસ પર દ્રષ્ટિપાત કરીએ.

અલ્લાહના આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના 'વાલીદ' હઝરત અબ્દુલ્લાહ (રદિયલ્લાહો અન્હો) તેમની પવિત્ર બીબીની સાથે મક્કહથી મદીનહની રાહ પર જઈ રહ્યાં હતાં. ભર યુવાન વય હતી, શરીમાં બુખારની ગરમી વરાળ બનીને નીકળી રહી હતી, બેચેનીને દૂર કરવા માટે સાંજના સમયે 'ગશ્ત' કરી રહ્યાં હતાં, પરંતુ કુદરતને કંઈક ઔર મંજુર હતું, માતાના શરીરમાં અલ્લાહની 'અમાનત'ની પરવરીશ થઈ રહી હતી. એવી સ્થિતિમાં પિતા (હઝરત અબ્દુલ્લાહ) પેટમાં રહેલાં એ બાળકને 'યતીમ' અને બીબીને બેસહારા અને વિધવા છોડીને દિલમાં આશાઓ અને અરમાનોને લઈને દુનિયાથી 'વિદાય' થઈ ગયાં.

પતિના વિયોગનું પહાડસમુ દુઃખ ઉઠાવીને એ 'વિધવા' પહાડની ગોદમાં આવેલાં નાનકડા ઘરમાં જેની પહેલી મંઝીલ પર ઉત્તર દિશા તરફ એક નાનકડો કમરો હતો, ત્યાંની ચાર દિવાલો પાછળ ચાર દિશાઓ મળતી હતી, એ વિધવા-માતાના પેટમાં રહેલું બાળક જે કાએનાતની 'અમાન' હતું, એ જાહેર થયું હતું. બાળકનું જન્મ થતાં જ એક વૃદ્ધે તેના મહેનતી હાથો વડે ઉંચકી લીધું, એક ચાદરમાં લપેટીને તેને એ તરફ લઈ ચાલ્યા જેની પગદંડી અલ્લાહના ઘર તરફ જતી હતી, ત્યાં પહોંચીને એ વૃદ્ધ માનવીએ ચાદરમાં લપેટેલા બાળકને હાથો પર ઉઠાવીને દુનિયાના ખાલિક અને માલિકની બારગાહમાં દુઆ કરી કે, 'અય દુનિયાના ખાલિક! આ 'બાળક' પર રહેમ ફરમાવ, એટલા માટે કે, એ 'યતીમ' છે.' ખરેખર એ બાળક 'યતીમ' હતું, પરંતુ એ સ્વયં દુનિયાની 'રહેમત' હતું, 'કુદરતની શાન' હતું.

તુર્કોએ એ સ્થાન જેમાં એ 'દુર્રે યતિમ'ની 'વિલાદત' થઈ હતી અને એ પગદંડી જેના પર ચાલીને એ વૃદ્ધ માનવી 'અલ્લાહના ઘર' તરફ ગયાં હતાં, તેની 'નિશાની' બરાબર જાળવીને જેમની તેમ રાખી હતી એ સ્થળને પણ શોધીને સુરક્ષિત રાખ્યું હતું. જ્યાં દુઆના છ વર્ષ પછી તેના મૃત પિતાની કબ્ર પરથી પાછા ફરતી વખતે પોતાના છ વર્ષના 'દુર્રે યતિમ'ની આંગળી પકડીને એ 'વિધવા ખાતુને' એક રાતના વિશ્રામ માટે 'પડાવ' નાખ્યો હતો, અને એ જ સ્થળે તેનું

અવસાન થયું હતું. છ વર્ષના એ બાળક તેની માતાના ચહેરાથી સંપુર્ણ 'માનૂસ' થઈ ચૂક્યો હતો. તેણે એ ચહેરાને છેલ્લીવાર જોયો અને ત્યાર પછી તેના કોમળ હાથો તેને અજાણી માટીમાં ઉતારીને કાફલાની સાથે તેના 'મુકદ્દર' તરફ ચાલી નીકળ્યો હતો. તુર્કોએ એ સ્થાનની ચોકકસ નિશાની, સાદગી અને સફાઈ સાથે જેમની તેમ જાળવી રાખી હતી, ત્યાં એક 'કુત્બો' પણ મુકી દીધો હતો જેથી ત્યાંથી પસાર થવાવાળા બરાબર જાણી શકે કે, બન્ને જહાનના સરદારની 'વાલેદહ' અહીં 'આરામ' ફરમાવી રહ્યાં છે, તેમની બારગાહમાં અકીદતની સાથે સર ઝૂકાવીને ચાલો.

તુર્કોની બીજી યોજના એ હતી કે, એ રસ્તાઓની નિશાનીઓને જીવંત અને નિશ્ચિત કરવા જેના પર એક સમયે એક બાળક એક વૃદ્ધની મૈયતની સાથે-સાથે તેના જનાઝાના પાયા પકડીને બધાંની સાથે ખુબ જ કરૂણ સ્વરે રડતો-રડતો ચાલ્યો હતો, તેને કદાચ તેનો અહેસાસ હતો કે, આજ પછી કદાચ ક્યારેય ખુલીને રડી શકશે નહીં, એ મૈયત એ બાળકના દાદા અબ્દુલમુત્તલીબની હતી.

તુર્કોએ રસુલે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની 'વિલાદત'થી લઈને 'વિસાલ' સુધીમાં જે જે બનાવો બન્યા હતાં તેની 'નિશાનીઓ'ને ભવિષ્યની પ્રજાના ત્વારિખી, જમાલિયાતી, તેમના ઈમાની શઉરની દુરસ્તગીને સ્વચ્છ રાખવા માટે તેને 'સુરક્ષિત' રાખવાનો બીડો ઉઠાવ્યો હતો. તેમાં તેઓ વધુ ભાગે સફળ રહ્યાં હતાં. 'આપ'ના બચપનથી લઈને 'વિશાલ' સુધીના સ્થાનો અને દિશાઓને નિશ્ચિત કર્યા પછી 'ગારે હિરા' પર નજર નાખી 'હિરા' નામની એ ગુફા જે પહાડના દામનમાં એવી રીતની હતી જેમાં એક ઈન્સાન રહી શકે, નમાઝ પઢી શકે અને તેનું મુખ 'કાઅબહ' તરફ રહી શકે જ્યાં અલ્લાહના આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અલ્લાહ તઆલા સાથે 'રાઝો ન્યાઝ'ની વાતો કરવા માટે આવતાં હતાં. નિરવ એકાંતમાં તેમને ખુબ જ આત્મસંતોષ પ્રાપ્ત થતો હતો. સૌથી 'પહેલી વહી' આ 'ગારે હિરા'માં

જીબ્રઈલ (અલયહિસ્સલામ) લઈને આવ્યા હતાં. 'આપ'ના પુનિત પત્ની હઝરતે ખદીજહ (રદિયલ્લાહો અન્હા) 'આપ'ને 'ગારે હિરા'માં જરૂરી એવી ખાદ્ય સામગ્રી સમયસર મોકલાવતાં હતાં. એ ખદીજહ, એ ઉમ્મુલ મુઅમેનીન, જેમણે રસુલલ્લાહને આશ્વાસન આપ્યું હતું, હૂંફ આપી હતી, જ્યારે મક્કહ પર ઈસ્લામનો પરચમ લહેરાયો ત્યારે 'આપ'ને 'જાં' નિસારોએ પૂછ્યું કે; 'યા રસુલુલ્લાહ! આપ ક્યાં 'કયામ' કરશો?' ત્યારે આપે ફરમાવ્યું કે; 'મારો કયામ હઝરતે ખદીજહ (રદિયલ્લાહો અન્હા)ની કબ્ર પાસે રહેશે, મારો 'ખૈમો' ત્યાં લગાવવામાં આવે.' કેટલાંકોએ પૂછ્યું કે; 'કબ્રસ્તાનમાં એક કબ્રને કિનારે શા માટે?' તેના જવાબમાં આપે ફરમાવ્યું કે; 'જયારે હું ગરીબ હતો ત્યારે તેણે મને માલામાલ કર્યો, બીજાઓએ જયારે મને જુઠલાવ્યો ત્યારે તેણે મારા પર પૂર્ણ વિશ્વાસ જાહેર કર્યો હતો, જયારે આખી દુનિયા મારા વિરૂદ્ધ હતી ત્યારે તેણે મને સાથ આપ્યો હતો, મારી સાથે જીંદગીના છેલ્લા શ્વાસ સુધી તેણે 'વફા' કરી હતી.'

ત્વારિખના પૃષ્ઠો પર આ બનાવ અક્ષરસઃ લખાયેલો છે. અલ્લાહના આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ઉમ્મુલ મુઅમેનીન હઝરતે ખદીજહ (રદિયલ્લાહો અન્હા) પ્રત્યે અસીમ મહોબ્બત તેમાં જોવા મળે છે. એટલે જે 'આપે' મક્કહ ફતેહ થયો ત્યારે કોઈ વિશાળ જગ્યામાં કે, આરામદાયક સ્થળે રહેવાના બદલે કબ્રસ્તાનમાં તેમની કબ્ર પાસે રહેવાનું પસંદ કર્યું હતું જે કબ્રની નિશાની આજની 'સઉદી-નજદી' હકુમતે સદંતર મિટાવી દીધી છે, પરંતુ તુર્કોએ આ 'યાદગારો'ને તેના મુળ સ્વરૂપમાં જાળવી રાખી હતી..!

જ્યાં વિશ્વાસની બુનિયાદી પળો વિતી હતી એ મકાન હઝરતે ખદીજહ (રદિયલ્લાહો અન્હા)નો હતો જેમાં અલ્લાહના આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પણ રહેતાં હતાં, એ મકાનની જાળવણી તુર્કોએ કેવી મહેનત અને લગનથી કરી હતી તેનું વર્ણન દિલચસ્પીથી ખાલી નથી. તુર્કોની 'ઉસ્માની

ખિલાફત' દ્વારા જે 'ફરમાનો' જાહેર થયાં હતાં તેમાં શું હતું? તેને આપણે જોઈએ.

હઝરતે ખદીજહ (રદિયલ્લાહો અન્હા)ના એ મકાનની જાળવણીની રીત એ હતી કે, દરેક વર્ષે માહે રમઝાનનો ચાંદ દેખાતાંની સાથે જ એ મકાનને સફેદ રંગથી રંગવામાં આવતું, રાતભર એ રંગકામ થતું અને 'ફજરની અઝાન' સુધી ઔરતો તેમાં કુર્આનની તિલાવત કરતી રહેતી હતી, હઝરત અબ્દુલમુત્તલીબના મકાનની ઉત્તર દિશા તરફના ઓરડા બાબત પણ એ 'ફરમાન' હતો કે, માહે રબીઉલ અવ્વલની પહેલી તારીખે એ ઓરડાને સફેદ રંગે રંગવામાં આવે, રંગનારા બધા કુર્આને પાકના 'હાફીઝ' હોય, માહે રબીઉલ અવ્વલની અગિયારમી તારીખ અને બારમી રાતે જેમાં 'આપ'ની 'વિલાદત' થઈ, એ સમયે કુર્આને પાકની 'તિલાવત' કરવામાં આવે.

તુર્કોએ ઉમ્મુલ મુઅમેનીન હઝરતે ખદીજહ (રદિયલ્લાહો અન્હા)ના મકાન અને મકબરાની નિશાનીઓને સંપુર્ણ રીતે જાળવી રાખી હતી, એ પ્રમાણે હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની એ 'બેઠક' જે 'બનુ અકરમ'ને નામે મશહુર હતી તેને તેની મુળ સ્થિતિમાં જાળવી રાખી હતી. પુરાતન ધર્મોના જાણકાર વકરહ બીન નૌફલની ડેલી અને જ્યાંથી 'આપ' 'મેઅરાજ'ની સફરે ગયાં હતાં એ હઝરતે ઉમ્મેહાની (રદિયલ્લાહો અન્હા)ના આંગણાને સુશોભિત બનાવીને તેની જાળવણી કરી હતી, એ સિવાય મક્કહ અને મદીનહના એ પુરાતન કબ્રસ્તાનો જેમાં રસુલે પાકના ખાનદાનના સભ્યો, સહાબા-એ-કિરામ અને બીજા મહાન બુઝૂર્ગો જેઓ 'કયામત'ના આગમનની રાહ જોઈ રહ્યાં છે, એ કબ્રસ્તાનોને સાફ અને સુઘડ બનાવ્યા અને તેમાંની દરેક કબ્ર પર તેની 'નિશાની' રાખીને તેના નકશા તૈયાર કરાવીને રાખ્યા હતાં.

એ તમામ કાર્યવાહીઓમાં તુર્કીનો તરીકો ખુબ જ અસરકારક અને બેમિસાલ હતો. દા.ત. તુર્કોએ જ્યારે 'હીજાઝ'માં આવ્યા ત્યારે 'મસ્જિદે બિલાલ' જે 'ખાને-એ-કઅબહ'ની સામેની એક પહાડી પર બનેલી હતી, સદીઓની ગફલતને કારણે

એ લગભગ માટી અને પત્થરોનો ઢગલો બની ગઈ હતી. એ નાનકડી 'મસ્જિદે બિલાલ'ને તેના મુળ પ્રકારમાં ફરીવાર તાઅમીર કરવા માટે જે રીત અપનાવવાંમાં આવી હતી એ બેજોડ હતી, પ્રથમ તેની માટીને અલગ કરવામાં આવી ત્યાર પછી ચૂનાને જુદો કરવામાં આવ્યો, ત્યાર પછી તેના પત્થરોને અલગ કરવામાં આવ્યા. આ વિધિ પત્યા બાદ માટી અને ચૂનાને મિલાવીને તેને બારીક પીસવામાં આવ્યા અને તેને ચારણીમાં ચાળીને તેમાં 'બુઝાઈ ગયેલા' ચૂનાને કિમીઆઈ રીતે' ચકાસીને તેના અંશને જાણી લેવામાં આવ્યા ત્યાર બાદ તેના જુના અંશ મુજબનો બીજો ચૂનો તેમાં ભેળવીને તેને 'શક્તિશાળી' બનાવવામાં આવ્યો અને એ ચૂનાનો ઉપયોગ નવેસરથી તાઅમીર કરવામાં વાપરવામાં આવ્યો, પત્થરોની સાઈઝને લક્ષમાં રાખીને પત્થરોને એવી જ રીતે તેના મુળ સ્થાને મુકવામાં આવ્યા જ્યાં 'નબ્વી દૌર' વખતે મુકવામાં આવ્યા હતાં, એવી જ રીતે એ જ માટી, એ જ ચૂનો એ જ ગારો અને એ જ પત્થરોનો તેમાં એવી રીતે ઉપયોગ કરવામાં આવ્યો જેવી રીતે સદીઓ પહેલાં મસ્જિદની પ્રથમ વખતે તાઅમીર થઈ હતી, તુર્કોએ તેવી જ રીતે આ કાર્ય પુર્ણ કર્યું ત્યારે મસ્જિદ નવી બની ગઈ હતી અને ખુબી એ હતી કે, તેની મુળ સ્થિતિમાં જરા પણ ફરક પડ્યો નહોતો.

'હિજરતની રાતે' અલ્લાહના આખરી રસુલે 'ગારે સૌર'માં વિશ્રામ કર્યો હતો, તુર્કોએ પણ એ જ રાહે આગળ વધ્યા. 'ગારે સૌર'ના પ્રવેશ દ્વાર પર કબૂતરોના માળા અને કરોળિયાના જાળા લાગેલાં હતાં, પરંતુ તેમણે તેને જેમના તેમ રહેવા દીધાં તેમાં કોઈ પ્રકારનો ફેરફાર કર્યો નહીં. 'ગારે હિરા'ની ઊંચી ચઢાઈને તેમણે આસાન બનાવવાનોં પણ પ્રયાસ કર્યો નહોતો એ એટલાં માટે કે એ 'ગુફા' સુધી પહોંચવા માટે કોઈપણને સુરક્ષિત રહેવાનો બરાબર અહેસાસ થતો રહે. અલબત્ તુર્કોએ એટલો 'સુધારો' જરૂર કર્યો હતો કે, બે તૃત્યાંશ જેટલી ઊંચાઈએ પાણીની એક મોટી 'નાંદ' બનાવી મુકાવી હતી જેથી તેમાં વરસાદનું પાણી એકઠું થઈ શકે અને બાળકો અને વૃદ્ધો એ પાણીથી તેમની તૃષ્ણા બૂઝાવી શકે.

ત્યાર પછી તુર્કોએ હઝરત અબુબક્ર સિદ્દીક (રદિયલ્લાહો અન્હો)ના મકાનથી લઈને મદીનહની આસપાસની 'બનુ નજાર'ની કાચી વસતિ અને 'હિજરત'ના રસ્તાઓનો 'સંપુર્ણ નકશો' તૈયાર કરાવ્યો, તુર્કો જ્યારે 'હિજાઝ' ખાતે આવ્યા ત્યારે 'બનુ નજાર'નો વિસ્તાર છિન્ન-ભિન્ન થઈ ગયો હતો, પરંતુ તુર્કોએ બચેલા અને રડ્યા-ખડ્યા લોકોને શોધી કાઢ્યા, જેમના સિનામાએ સમયથી પ્રચલિત 'લોક ગીતો' સુરક્ષિત હતાં તેને તેમણે 'કલમબદ્ધ' કર્યા, 'મસ્જિદે કુબા'ને તેમણે ખુબ જ કુનેહ અને પરિશ્રમથી તેની મુળ હાલતમાં તૈયાર કરાવી ત્યાર પછી તેઓ કુવાની એ પાળ પર આરામ લેવા થોડીક ક્ષણો બેઠાં જ્યાં 'હિજરત' પછી પ્રથમ નમાઝ પઢીને રસુલે પાકે 'આરામ' ફરમાવ્યો હતો, ત્યારે 'આપ'ને જોવા માટે કુવાનો પાણી ઉપર ચઢી આવ્યો હતો તેણે તેની અંદર 'આપ'નું પ્રતિબિંબ જોઈને દુનિયાની દૌલત પોતાની અંદર સમેટી લીધી હતી.

એ કુવા પાસેથી સીધો રસ્તો મદીનહના મયદાન તરફ જતો હતો જ્યાં 'આપ'ની પધરામણી થઈ તેના ત્રેપન વર્ષ પહેલાં એક ખુબસૂરત અને કદાવર નવયુવાન તેના ઘરમાંથી ઘણે દૂર બુખારની ગરમીમાં સપડાઈને તેની બેચેનીને દૂર કરવા માટે તેની યુવાન પત્નીને લઈને આવ્યો હતો, ત્યારે તેની પત્નીના શરીરમાં એક 'મુકદ્દસ બાળક' પરવરિશ પામી રહ્યું હતું. એ સમયે એ યુવાન માનવી 'અલ્લાહનો પ્યારો' બન્યો હતો એ મયદાન જ્યાં 'મસ્જિદે નબ્વી' તાઅમીર થવાની હતી.

તુર્કોના સમયમાં 'મસ્જિદે નબ્વી'ને તેને અનુરૂપ બનાવવાની જરૂર હતી જ, 'મસ્જિદે નબ્વી'ની નવેસર તાઅમીર પણ ઈમાન, અજોડ હુન્નરમંદીની એક અનોખી દાસ્તાંન છે. તેને નવેસરથી તાઅમીર કરવા માટે વર્ષો સુધી તુંર્કોને હિંમત થઈ નહોતી. તેમની નજીક એ કાર્ય એક કાએનાતી અને ઈન્સાની મર્યાદાથી અતિ વિશેષ અમલ હતો. તેઓ તો એક સામાન્ય માનવી હતાં, પરંતુ જ્યારે ઈન્સાનના દિલમાં સાચી લગન અને મહોબ્બત હોય એ સ્થિતિમાં તેની અંદર હિંમતનો સંચાર થાય છે. તુર્કોએ તેમની મહોબ્બત અને લગનને સહારે હિંમત

પૂર્વક એ કામની શરૂઆત કરી તેનો એ'લાન 'ઉસ્માની ખિલાફત'ના પાટનગર ઈસ્તંબુલથી કરવામાં આવ્યો.

તુર્કસ્તાનની 'ઉસ્માની ખિલાફત'માં સર્વત્ર એ'લાન કરવામાં આવ્યો તેની સાથે-સાથે ઈસ્લામી જગતમાં પણ એ એ'લાન કરવામાં આવ્યો કે, 'મસ્જિદે નબ્વી'ને તાઅમીર કરવા માટે ઈમારત કામના નિષ્ણાંતો અને તેને લગતાં કાર્યોમાં જેઓ ખુબ જ અનુભવી હોય તેવા લોકોની જરૂરત છે. ઈસ્લામી રાષ્ટ્રોમાં તેની જાહેરાત થતાંની સાથે ભારત, અફઘાનિસ્તાન, ચીન મધ્ય એશિયા, ઈરાન, ઈરાક, શામ, મિસર, ગ્રીસ, ઉત્તરી અને મધ્ય આફ્રિકન અને બીજા વિસ્તારોમાંથી નકશા બનાવનારા નિષ્ણાંત કારીગરો, પત્થરો તરાશનારા, ધરતીની રગોમાં પાયો નાખનારા, છત અને સાયબાનને હવામાં તરતાં બનાવનારા, નકશોનિગાર કરનારા, કાચ બનાવનારા, રંગ લગાડનારા, ખગોળ શાસ્ત્રીઓ, હવાના રૂપ પર ઈમારતોના વળાંકો બનાવનારા, હુન્નરમંદો અને ઈમારતોને લગતાં રહસ્યમય સ્તંભો ઉભાં કરનારા માહિરો વ્યવસાયિક રીતો ધરાવનારાઓ વગેરે ઈસ્લામી જગતના ખુણે-ખુણેથી તેમના કુટુંબ-કબીલા સહિત એ 'અનોખા આમંત્રણ' પરથી તુર્કસ્તાનના પાટનગર તરફ ચાલી નીકળ્યા. દૂર દૂરથી ઘણે દૂરથી વિશાળ રેગીસ્તાનમાં 'જન્નત'ની કિયારીને કિનારે તેમના પ્યારા રસુલની 'આરામગાહ' તાઅમીર થવાની હતી તેમાં તેમનો હુન્નર અને કારીગરી બતાવવા માટે પોતાની જાતને 'વકફ' કરીને આવવા લાગ્યા.

તુર્કોની એ વિશિષ્ટ ભાવનાથી તેમને એ આશા હતી કે, તેમની વિચારેલી યોજના જરૂર પરીપુર્ણ થઈને રહેશે, પરંતુ એ પણ કહેવામાં આવ્યું કે, આ મહાન સમુદાયિક અને વિશાળ કાર્યક્રમને સંપુર્ણ રીતે સફળતા મળી ત્યારે તેમના આશ્ચર્યની અવધિ રહી નહોતી. જો કે, શરૂઆતની તેમની તૈયારીઓ પણ આશ્ચર્યકારક હતી. તુર્કસ્તાનના જયાં-જયાં 'એલચીઓ' હતાં ત્યાં-ત્યાં જાહેરાત થતાંની સાથે સાથે લોકો ઉમળકાભેર સહકારની ભાવના વ્યક્ત કરી હતી. એટલું

જ નહીં, ઉસ્માની ખિલાફતના એલાન પર પોતાની સેવાઓ આપવા માટે તત્પરતા બતાવી હતી.

તુર્કસ્તાનના પાટનગરથી થોડાક માઈલો દૂર આવેલા વિશાળ મયદાનમાં એક મોટી વસાહત વસાવવા માટે તૈયાર કરવામાં આવી હતી. જયારે વિદેશી હુન્નરમંદોના કાફલા ત્યાં પહોંચવા લાગ્યા ત્યારે તેમને જુદા જુદા મહોલ્લાઓમાં તેમને વસાવવાની શરૂઆત કરવામાં આવી. એટલું જ નહીં, તુર્કસ્તાની હકુમતે એ તમામે તમામના નિભાવની પણ જવાબદારી ઉઠાવી. આ કાર્ય પાછળ પંદર વર્ષનો સમય પસાર થઈ ગયો. ત્યાર પછી સર્વેક્ષણ કરતાં ચોક્કસ પણે ખાત્રી થઈ ગઈ કે, આ વસતિમાં તેના સમયના 'શ્રેષ્ઠ કારીગરો' એકઠાં થઈ ગયાં છે ત્યારે 'ખલીફા'એ એક મિટીંગ બોલાવીને તેમની સમક્ષ તેની એ 'યોજના'નો બીજો હિસ્સો રજુ કર્યો. એ 'યોજના' એવી હતી કે, દરેક હુન્નરમંદ તેના એક અથવા વધુ બાળકો (અગર બાળકો ન હોય તો તેમના શાગીર્દો)ને પસંદ કરે અને એ બાળક પુખ્ત વયનો થાય ત્યાં સુધી તેના 'હુન્નર'માં તેને પારંગત બનાવે, હકુમત તેના એ કાર્ય પાછળ જે કંઈ ખર્ચ થશે તે અદા કરશે, કાર્યક્રમ પ્રમાણે પ્રથમ એ બાળકને કુર્આને પાક પઢાવે, તેને શક્ય હોય તો કુર્આને પાકનો 'હાફીઝ' બનાવે તેની સાથે સાથે એ બાળકને ઘોડેસ્વારી શિખવે. આ 'યોજના'ની તૈયારી પાછળ પચાસ વર્ષનો સમય નક્કી કરવામાં આવ્યો, જેટલાં પણ 'નિષ્ણાંતો' હાજર હતાં તેમણે એ યોજનાને આવકાર આપ્યો અને ભારે પરિશ્રમ-ધિરજ અને લગન સાથે તેના પર અમલ કરવાની શરૂઆત કરી.

જોત જોતામાં એ મુદ્દતની અવધિ પુરી થઈ ગઈ, એક અજોડ અને અનોખા 'હુન્નરમંદો'ની એક નવી 'નસ્લ' ઉછેરીને તૈયાર થઈ ગઈ, એ ત્રીસ-ચાલીસ વર્ષની વયના ખુબ જ નેક તબિયત ધરાવનારા યુવાનોની એક એવી 'જમાઅત' હતી જે માત્ર તેમની 'વારસાગત હુન્નરમંદી'ના ધોરણે જ નહીં, બલ્કે પોતાની રીતે તૈયાર થયેલો 'નિષ્ણાંત' હતો. એ કુર્આને પાકનો 'હાફીઝ' હતો, 'હાફીઝ'

હોવાની સાથે એ ચબરાક ઘોડેસ્વાર હતો, તેને તેના બાળપણમાં એ બતાવવામાં આવ્યું હતું કે, તેને એક દિવસે દૂર, ઘણે દૂર રેગીસ્તાનની ધરતી પર 'જન્નત'ની ક્યારીને કિનારે તેમના મહાન-શ્રેષ્ઠ અને આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની 'આરામગાહ'ની આસપાસ એક એવી 'અદ્ભુત ઈમારત' તાઅમીર કરવાની છે જે આસમાન તરફથી ધરતી પરની 'અદ્ભુત નિશાની' છે.

'મસ્જિદે નબ્વી' તાઅમીર માટે 'સર્વશ્રેષ્ઠ નિષ્ણાતો'માંથી પાંચસોની પસંદગી કરવામાં આવી. એ દરેક રીતે તૈયાર હતાં. બીજી તરફ તુર્કસ્તાનની હુકુમત અદ્ભૂત ઈમારતને તાઅમીર કરવા માટેનો સામાન અને સાધનો એકઠાં કરવાની તૈયારીમાં મશ્ગુલ હતી, એ પણ તેમની 'યોજના' ખરેખર અદ્ભૂત હતી, અનોખી અને બેમિસાલ હતી.

પ્રથમ પત્થરોના નિષ્ણાંતોને એવી ખાણો શોધવા માટે ચૂંટીને એ કામ પાછળ તેમને લગાડવામાં આવ્યા તેમણે એવી ખાણોને શોધીને તેમાંથી જરૂરત મુજબના પત્થરોને કાઢીને એ ખાણને હંમેશાને માટે બંધ કરી દીધી. એ ખાણોના સ્થાનોને ખુબ જ રહસ્યમાં રાખવામાં આવ્યા હતાં. તેની કોઈ નિશાની રહેવા દેવામાં આવી નહોતી. આજપર્યન્ત કોઈને તેની જાણ થઈ શકી નથી કે, 'મસ્જિદે નબ્વી'ની તાઅમીરમાં જે પત્થરોનો ઉપયોગ થયો છે તે પત્થરો ક્યાંથી લાવવામાં આવ્યા હતાં? ત્યાર પછી એવા જંગલોને શોધવામાં આવ્યા જે દુનિયાની નજરોથી 'અદ્રશ્ય' હતાં. એ જંગલોના લાકડાઓ કાપીને તેને વીસ વર્ષ સુધી 'હિજાઝ'ની આબોહવામાં આસમાન હેઠળ રાખવામાં આવ્યા. રંગોના નિષ્ણાંતો ઈસ્લામી આલમમાં ઉગતા વૃક્ષો, ભૂમિં અને પાણીમાં ઉછરતા ઝાડવાથી તરેહ-તરેહના રંગો બનાવવાના કાર્યમાં પ્રવૃત્ત થઈ ગયાં. કાચ બનાવવાના નિષ્ણાંતોએ 'હિજાઝ'ની રેતી મિશ્રિત કરીને ઈરાનમાં કાચ બનાવીને લાવ્યા, નકશોનિગાર માટેની વસ્તુઓ ભારતની જમીનમાં અને મિસરની નીલ નદી પર ઉગાડવામાં આવ્યા. આ પ્રકારના નિષ્ણાંતોની એક 'જમાઅત' આ ભગીરથ કાર્યમાં પ્રવૃત્ત

થઈ. મહાન બુઝૂર્ગોની તૈયાર કરેલી 'જમાઅત'ના નિષ્ણાંતોએ ઈમારતી સામાન ખુબ જ સાવધાની પૂર્વક પ્રથમ ખુશ્કી અને ત્યાર પછી સમુદ્રને રસ્તેથી 'હિજાઝ'ની સરઝમીન સુધી પહોંચાડ્યો. મદીનહથી બાર માઈલ દૂરના એક વિસ્તારને સામાન રાખવા માટે પસંદ કરવામાં આવ્યો, ત્યાં એક 'નવી વસતિ' વસાવવામાં આવી.

અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, જયારે બાંધકામ મદીનહમાં થવાનું હતું તેવી સ્થિતિમાં બધો સામાન મદીનહમાં રાખવાની શી જરૂર હતી? તો પછી મદીનહથી બાર માઈલ જેટલાં વિસ્તારને શા માટે પસંદ કરવામાં આવ્યો? તેનું કારણ તુર્કોએ એ બતાવ્યું કે, એક મહાન અને અદ્ભૂત ઈમારત બનાવવાની હતી, જેને માટે જુદી જુદી સાઈઝોના હજારો પત્થરોને કાપીને તેને આકાર આપવાના હતાં. મોટી-મોટી 'મચાનો' ઉભી કરવાની હતી એ સિવાય ઈમારતી કામ માટે વૃક્ષો કાપીને તેને આકાર આપવાના હતાં, તેને કારણે ભારે અવાજો થાય તેની પુરેપુરી શક્યતા હતી. તુર્કો એ ચાહતાં હતાં કે, ઈમારતની તાઅમીર દરમિયાન મદીનહમાં કોઈ પ્રકારના અવાજો થવા જોઈએ નહીં. રસુલે અકરમના સમયે મદીનહનું જે શાંત વાતાવરણ હતું એ બરાબર જળવાઈ રહે, એ રીતે યોજના આગળ વધતી ગઈ જયારે જે વસ્તુની જરૂરત પડી એ પ્રમાણે ત્યાંથી મદીનહ ખાતે લાવવામાં આવતી રહી. એક એક પત્થરોને 'નવી વસતિ'માં કાપીને આકાર આપવામાં આવ્યો, ત્યાર પછી ઈમારતમાં ગોઠવવામાં આવતો રહ્યો, ક્યારેક એવું બન્યું કે, પત્થરની સાઈઝ અગર આકારમાં સહેજસાજ ફરક પડી ગયો તો એ પત્થરને જેમ તેમ ઠોકીને ત્યાં ગોઠવી દેવામાં આવ્યો નહીં, બલ્કે તેને પાછો બાર માઈલ દુર પહોંચાડી દેવામાં આવ્યો ત્યાં ફરી તેને 'દુરસ્ત' કરીને પાછો મદીનહ ખાતે પહોંચાડવામાં આવ્યો.

અહીં એ બાબત પણ ધ્યાનમાં લેવા જેવી છે તે એ કે, એ સમયે ભારે વજનના માલ-સામાન લઈ જવા અને લાવવા ઝડપી સાધનો નહોતાં, ઝડપી સામાન

લાવનારા જાનવરોમાં ઘોડાં મુખ્ય હતાં, એ સિવાય બીજા કોઈ સાધનો નહોતાં.

મદીનહમાં એ 'અદ્ભૂત ઈમારત' બનાવવા માટે તુર્કોએ મદીનહથી બાર માઈલ જેટલે દૂર તેને માટે સાધનો અને સામાન એકઠો કરી લીધો, ત્યાર પછી સુનંદા એકસો જેટલાં નિષ્ણાંતોની જમાઅતને તેની વ્યવસ્થા માટે નિયુક્ત કર્યા, એ 'જમાઅત'ને દરેક પ્રકારની સહુલતની સાથે તેવી સ્વતંત્રતા આપવામાં આવી કે, તેઓ તેમની કલાને કામમાં લગાડે. ખુબીની વાત તો એ હતી કે, 'નિષ્ણાંતો'ની એ 'જમાઅત'નો દરેક સભ્ય તેના કાર્ય દરમિયાન 'બાવઝુ' રહેતો હતો, એટલું જ નહીં કામની શરૂઆતથી અંત સુધી એ કુર્આને પાકની 'તિલાવત' કરતો હતો. એવા 'બાવઝુ' અને 'હાફીઝે કુર્આન' નિષ્ણાંતોની એ 'જમાઅત' પુરા પંદર વર્ષ સુધી 'મસ્જિદે નબ્વી'ની તાઅમીરના કાર્યમાં પ્રવૃત્ત રહી ત્યાર પછી એક દિવસે વહેલી સવારે 'મસ્જિદે નબ્વીના 'અવકાશી નિશાનો'ના શિખર પરથી ફજની અઝાને ધરતી પરથી પુર્ણ વિશ્વાસ અને ઈમાન સાથે બનેલી એ 'ઈમારત'ને મુકમ્મલ થવાનો એ'લાન કર્યો.

આ ઈમારત કેવી છે? શું છે? ક્યાં છે? અને ક્યાં લઈ જાય છે? એ વિષયમાં એક જુદુ જ પુસ્તક લખવું પડે, અહીં માત્ર એટલું જ કહી શકાય કે, આ 'ઈમારત' આ જહાનમાં હોવા છતાં બીજા જહાનમાં છે, આપણી જાતને આપણે સ્થિર અને સમતોલ રાખીને આ 'ઈમારત' 'ને જોઈએ તો લાગે કે, આ 'ઈમારત' ક્યાંક બીજે છે અને આપણી જાતને તેમાંથી બહાર કાઢીએ તો લાગે કે, આ 'ઈમારત' બધે સ્થળે છે અને આપણે કંઈક જુદા જ છીંએ. પત્થર, અવકાશ, હવા, અવાજ, ધ્વનિ, નિયત, ઈમાન અને નુર બધાં મળીને તેને એવી રીતે 'ગુંથી' છે જાણે તેમાં જુદા જુદા રંગના ધાગા છે, તેમાં રંગ વિહોણો દોરો પણ છે, એ ઈમારતનું નૂર છે, જે તેની ગુંથણીને અર્થ આપતો નથી, બલ્કે સમયોના એક -બીજાથી 'રહસ્યમય સંબંધ' બનીને એક કેન્દ્રિય સ્થાન મેળવી દે છે. એ કેન્દ્ર પરથી આપણને આપણા પ્યારા રસુલનો સ્વર સંભળાય છે કે, જેવી રીતે અવકાશ સુરક્ષિત પણ હોય અને

સ્વતંત્ર પણ હોય, અવાજ પક્ષી પણ હોય અને લોહી પણ હોય, અંધકારભર્યા મયદાનોમાં ક્યારેક નુરના વૃક્ષ ઉગે તો ક્યારેક નુરની વાદીઓમાં અંધકાર સ્વયં એક વૃક્ષ હોય, નૂર માત્ર નૂર ન હોય બલ્કે નૂરનું ઉદ્‌ભવ સ્થાન હોય. એટલે જ્યારે 'રિયાઝુલ જન્નહ' પાસે અવકાશ ઝુકતો હોય એવા સમયે રસુલે પાકના સિરહાના પાસે બોસો તો 'કશ્ફ' થાય છે કે, આખર મહોબ્બત શું છે? તેનો અર્થ શું છે? ત્યાર પછી એ બેનામ નિષ્ણાંત યાદ આવે છે જેમણે તેમના હુન્નરથી એટલાં માટે મહોબ્બત હતી કે, તેમને તેમના પ્યારા રસુલ થી અનહદ મહોબ્બત હતી. જેમણે આ ચટીયલ (સખ્ત) મયદાનમાં 'જન્નત'ની કિયારીને કિનારે પ્રાણ પ્યારા રસુલની 'આરામગાહ'ની હયા, સુકુન અને હૈરતને કાઈમ રાખીને 'ઈમારત'ને અવકાશના વળાંક પર તાઅમીર કરી હતી. આજે એ 'ઈમારત'માં માત્ર તેમનો 'હુન્નર' જ નહીં બલ્કે તેમના 'હુન્નરનો ગયબ' પણ સુરક્ષિત છે. ત્યાર પછી તુર્કોને માટે આપણા રોમ-રોમમાંથી દુઆ બુલંદ થાય છે.

★★★

(૨)

ત્યાર પછી વર્ષોના વહાણા વિતી ગયાં, આંતરિક ષડયંત્રો અને બહારના કાવતરાના દબાણ હેઠળ પુરાની હકુમતો કમઝોર થતી ગઈ, નવી-નવી હુકુમતો અને શક્તિઓ જાહેર થવા લાગી, આમ વીસમી સદીનું આગમન થયું. તેવામાં પ્રથમ વિશ્વ યુદ્ધ સળગી ઉઠ્યું, આ 'મહાયુદ્ધ'માં તુર્કોની 'ઉસ્માની-ખિલાફતે' અંગ્રેજ, ફ્રેન્ચ અને ઈટાલીની હુકુમતો વિરૂદ્ધ જર્મનીને સાથ આપ્યો. ૧૯૧૮ માં 'તુર્કી-જર્મન' મોરચાને શિકસ્ત મળી, વિજેતા રાજ્યોએ પરાજિત જર્મનીના ટૂકડા કરીને તેમના પ્રભાવને છિન્ન-ભિન્ન કરી દીધું. તુર્કીનો રૂઆબ પણ ખુનમાં વહીને ખાકમાં મળી ગયો. 'ઉસ્માની ખિલાફત'નો વિશાળ પ્રદેશ 'વિજેતા ટોળકી'ના કબજામાં આવ્યો. વિજેતા ટોળકીએ પરાજિત 'ઉસ્માની હુકુમત' પર પોતાનું સામ્રાજ્ય વધારવા માટે બે રીતો અપનાવી. પહેલીં રીતે સીધેસીધી

હુકુમત કરવાની હતી જે તેમને માટે શક્ય નહોતું. એટલે તેમણે બીજી રીતને અપનાવી. એક ચોક્કસ યોજના હેઠળ એવા કબીલા, રાજકીય પક્ષો અથવા તેના સભ્યોનો સહારો લઈને તેને 'શક્તિ' પ્રદાન કરી અને જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં મિલ્લતે ઈસ્લામીયહમાં વધુને વધુ અશાંતિ-અજંપો અને તંગદીલી ફેલાવી.

પહેલાં મહાયુદ્ધમાં તુર્કીનો પરાજય થયાં પછી તેમના હાથ હેઠળના અરબના 'હિજાઝ'ના પ્રદેશમાં જે શક્તિઓએ પ્રાદેશિક અફરાતફરી ફેલાવીને લાભ ઉઠાવ્યો અને તેમાં ખુબ જ અગ્રભાગ ભજવ્યો તેમાં 'નજદ પ્રાંત'ના ધંધાદારી બળવાખોરો મુખ્ય હતાં. તેમાં 'સઉદ' નામનો કબીલો સૌથી મોખરે હતો. મહાયુદ્ધ દરમિયાન એ લોકોએ અંગ્રેજો સાથે 'છૂપા કરાર' કરીને પરસ્પર એક-બીજાને સહાય પહોંચાડી હતી. મહાયુદ્ધ વખતે આ કબીલાના લોકો ઠેર-ઠેર બંડ પોકારતાં હતાં, હુમલાઓ કરતાં હતાં અને 'છાપામાર' પ્રવૃત્તિ ચલાવીને તુર્કોને એટલી હદે પરેશાન કરતાં હતાં કે, તુર્કો મધ્ય-પૂર્વમાં અંગ્રેજ આક્રમણખોરો તરફ પુરતું ધ્યાન આપી શકતાં નહોતાં, તેના બદલામાં અંગ્રેજોએ તેમને ખાત્રી આપી હતી કે, તેઓને યુદ્ધમાં વિજય મળશે તો તેઓ પ્રથમ 'નજદ' અને ત્યાર પછી બીજા અરબના વિસ્તારો પર આ 'નજદી સઉદી' કબીલાનું આધિપત્ય સ્થાપિત કરવામાં તેમને સહાય કરશે. પરંતુ એ અંગ્રેજોનો વાયદો હતો, અંગ્રેજોના વાયદા લગભગ બેતરફી હોય છે. અંગ્રેજોએ આવા જ પ્રકારનો વાયદો 'હુસયની કબીલા'ને પણ કર્યો હતો. બન્નેનો વાયદા તેમના કરારોમાં એક સરખાં જ હતાં. તુર્કોના પરાજયમાં આ કારણો મુખ્ય હતાં જેને લીધે તુર્કોની શિકસ્ત થઈ અને અરબના 'હિજાઝ' પ્રદેશમાંથી તેમને નીકળવું પડ્યું.

ગમે તેમ તુર્કોની હાર પછી વિજેતા હકુમતો (જેમાં પાછળથી અમેરિકા પણ સામેલ થયું હતું) તેમની સહાય અને બળ વડે સઉદી-નજદી મળીને તેમના વિસ્તારના 'હરીફો'ને શિકસ્ત આપીને ૧૯૨૧ માં 'નજદ પ્રાંત' પર તેમની બાદશાહતનો એલાન કરી દીધો. પ્રથમ વિશ્વ યુદ્ધની સમાપ્તિ થઈ એ પહેલાં

તુર્કોના હાથમાં 'હિજાજની વ્યવસ્થા હતી. એ વ્યવસ્થા ત્યાંના એક કબીલાના સરદારને સુપ્રત કરીને તેમની ફોજને 'હિજાઝ'થી પાછી બોલાવી લીધી, તેમનું કથન હતું કે, યુદ્ધમાં પરાજય થયાં પછી તેઓ 'હિજાઝ'માં તેમનો કબ્જો ફોજી તાકાત દ્વારા રાખી શકે નહીં. તેમ કરવામાં આવે તો 'હિજાઝ'ની ભૂમિ પર ખુનામરકી થાય અને મક્કહ-મદીનહમાં ગોળીઓ ચલાવવી જરૂરી થઈ જાય, એ બાબત 'તુર્ક મિજાજ'થી સદંતર વિરૂદ્ધ હતી. એટલે હિજાઝના તુર્ક ગવર્નરને 'ઉસ્માની હકુમત' તરફથી હુકમ મળ્યો કે, હિજાઝમાં રહેતાં તમામ તુર્કો 'ખાન-એ-કાઅબાહ'નો છેલ્લો તવાફ કરે અને 'મસ્જિદે નબ્વી'ની ચૌખટને ચૂમીને તુર્કસ્તાન પાછી ફરે એ હુકમ પર અમલ કરવામાં આવ્યો, તુર્કોએ હિજાઝની ભૂમિ પરથી આંખોમાં અશ્રુઓ સાથે વિદાય લીધી.

ત્યાર પછી 'નજદીઓ' અને તેના કેટલાંક હિજાઝી બળવાખોરો મળીને એ પ્રદેશો પર તેમની બાદશાહત સ્થાપવા ચાહતાં હતાં. તેમણે ત્યારે અંગ્રેજોની સહાય લીધી. એ રાજકીય અવકાશને ભરવા માટે 'સઉદીઓ' મોખરે હતાં. તેમણે મળીને ૧૯૨૪ માં મક્કહ પર કબ્જો કર્યો અને ૧૯૨૫ માં મદીનહ અને જીદ્દાહ પર તેમનું વર્ચસ્વ જમાવવામાં સફળ થયાં. નજદી કબીલાએ 'સઉદી' સાથે મળીને ૧૯૨૬ માં 'નજદ' અને 'હિજાઝ' પર તેમની 'બાદશાહત'નો એ'લાન કરી દીધો. અહીંથી 'હિજાઝ' પર 'સઉદી-નજદી-દૌર'ની શરૂઆત થઈ જે આજે પણ ચાલુ છે, હવે સવાલ એ છે કે, 'સઉદી' કોણ હતાં? આપણે આ પહેલાં જોઈ ગયાં કે, 'હિજાઝ'ની ઉત્તરે 'નજદ' આવ્યું છે. 'સઉદીઓ'નો સંબંધ પણ 'નજદ'થી હતો, રસુંલે પાકના મુબારક સમયમાં જે 'કબીલા'એ સૌથી છેલ્લે ઈસ્લામનો સ્વીકાર કર્યો હતો અને ત્યાર પછી 'આપ'નો વિસાલ થતાં એ કબીલો ઈસ્લામથી ફરી ગયો હતો એ કબીલો આ 'સઉદીઓ'નો હતો. ઈતિહાસ સાફ બતાવે છે કે, ઈસ્લામના પહેલાં ખલીફા હઝરત અબુબક્ર સિદ્દીક (રદિયલ્લાહો અન્હો)એ 'ખિલાફત'ની જવાબદારી તેમને માથે લીધી ત્યારે સૌથી

પહેલાં એ 'ફરી ગયેલા' સઉદી કબીલાનું માથું કચડવા માટે હઝરત ખાલીદ બીન વલીદ (રદિયલ્લાહો અન્હો)ને લશ્કરના સિપેહ સાલાર બનાવીને મોકલ્યા હતાં. હઝરત ખલીદ બીન વલીદ (રદિયલ્લાહો અન્હો) અને 'સઉદી કબીલા' વચ્ચે ઘમાસાણની જંગ થઈ તેમાં 'સઉદીઓ'ની શિકસ્ત થઈ હતી ત્યાર પછી તેમાંના ઘણાઓએ ફરી 'ઈસ્લામ'નો સ્વિકાર કર્યો હતો એ સમયે હઝરત ખાલીદ બીન વાલીદ એ ઈલાકામાં એક મસ્જિદ તાઅમીર કરી હતી એ મસ્જિદ આજે એક ખંઢેરના સ્વરૂપમાં જોવા મળે છે.

'વંશીય' અથવા 'નસ્લી વિદ્યા'ના નિષ્ણાંતોનું કથન છે કે, 'નબુવ્વત'નો જુઠો દાવો કરનારો મુસયલેમહ કિઝઝાબનો સંબંધ આ 'કબીલા' સાથે અગર તો એ એની 'કેન્દ્રિય શાખા' સાથે હતો, બનવા જોગ છે કે, આ 'ભયાનક સ્ફોટ'માં ભૂલચૂક હોય, પરંતુ 'હિજાઝ'માં સત્તાના સૂત્રો સંભાળતાની સાથે જ 'સઉદીઓ'એ જે પ્રકારની બદસલુકી રસુલે પાકથી સંબંધિત ત્વારિખી, જમાલિયાતી, રૂહાની અને સામાજિક પરંપરાગત 'નિશાનીઓ' સાથે કરી છે તેથી એવો અંદાજો થઈ શકે છે કે, 'વંશીય' અને 'નસ્લી' વિદ્યાના નિષ્ણાંતોનું કથન સાચું જ હશે.

અઢારમી સદીની શરૂઆતમાં મુહંમદ બિન અબ્દુલ વહહાબ નજદીનો 'વહાબી ફિત્નો' ખડો થયો, એ બદબખ્ત માનવીની ધારદાર તલવારને તેની જવાળાસમ તકરીરનો સહારો મળ્યો, શરૂ-શરૂમાં લોકો તેને 'બિમાર માનસ'ની બકવાસ સમજીને એક કાને સાંભળીને બીજે કાનેથી કાઢી નાખતાં હતાં, પરંતુ ધીમે-ધીમે તેની તલવાર અને કૂટનીતિને કારણે તેને થોડીઘણી સત્તા પ્રાપ્ત થઈ એ સત્તાનો ફેલાવો થવા લાગ્યો. અઢારમી સદીના મધ્યમાં ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી અને તેના 'સઉદી સરપરસ્તો'ની એટલી બધી હિંમત વધી ગઈ કે, ઈસ્લામી જગતના શાહો અને સુલતાનોને તેમણે તેમના 'ધર્મ'માં દાખલ થવાનો અનુરોધ કરતાં લખ્યું કે, 'અલ્લાહ એક છે અને 'મુહંમદ' તેના બંદા અને રસુલ

છે, પરંતુ મુહંમદની તા'રીફ અગર તો તાઅઝીમ કરવી જરૂરી નથી.'

આજે પણ સઉદી ખુનમાં એ 'ખસ્લત' ભારોભાર રહી છે.

'હિજાઝ' પર કબજો જમાવતાંની સાથે 'સઉદી-નજદી' સત્તાધિશોએ પહેલું કામ એ કર્યું કે, 'હિજાઝ'ના વિશાળ પ્રદેશમાં જ્યાં જ્યાં રસુલે પાકનું નામ મુબારક અંકિત હતું તેને ભૂંસી નાખવું, ખાન-એ-કઅબાહ, મસ્જિદે નબ્વી અને બીજા તમામ સ્થળે જ્યાં-જ્યાં જે -જે ઈમારત પર 'મુહંમદ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ'નું નામ મુબારક ખુબ જ પરિશ્રમ અને કલાત્મક રીતે અંકિત થયું હતું તેને બેહદ ભૂંડી રીતે ભૂંસી નાખવામાં આવ્યું એવા અમુલ્ય નમુનાઓ પર 'તારકોલ' ફેરવી દેવામાં આવ્યો, ક્યાંક-ક્યાંક તો નવેસરથી પ્લાસ્ટર કરીને એ 'નામ મુબારક'ને ઢાંકી દેવામાં આવ્યું, ક્યાંક એ નામ મુબારકને કાઢી નાખવા માટે છીણી અને હથોડીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો. આ ભયાનક દુશ્મની અને ખુલ્લી ગુસ્તાખીના નિશાનો આજે પણ 'ખાન-એ-કાઅબાહ', 'મસ્જિદે નબ્વી' અને બીજી પુરાતન મસ્જિદો પર જોઈ શકાય છે.

અલ્લાહના મહાન, શ્રેષ્ઠ અને આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પ્રત્યે વેરની ભાવનાને એ રીતે 'સઉદી-નજદી' બન્ને મળીને સૌ પ્રથમ જાહેર કરી ત્યાર પછી 'સઉદીઓ'એ એક કાયદેસર વ્યવસ્થા હેઠળ રસુલે પાકની મુકદ્દસ ઝીંદગીથી સંબંધિત દરેક ત્વારિખી, જમાલીયાતી, રૂહાની અને શારીરિક નિશાનીઓને તેમના વિકૃત માનસ અને બદઅકીદાનો શિકાર બનાવી.

'જન્નતુલ અવલા' અને 'જન્નતુલ બકીઅ' નામના બે કબ્રસ્તાનો, એક મક્કહમાં અને એક મદીનહમાં એ બન્ને કબ્રસ્તાનોની પવિત્ર માટીમાં હઝરત અબ્દુલમુત્તલીબ, હઝરત વર્કહ બીન નૌફલ, ઉમ્મુલમુઅમેનીન હઝરતે ખદીજતુલ કુબ્રા, હઝરત અબ્બાસ, હઝરતે હલીમહ સઅદીયહ, ઉમ્મહાતુલ મુઅમેનીન, હુઝૂરે અકદ્દસની સાહેબઝાદીઓ, આપના સાહેબઝાદા, આપના ખાનદાનના સભ્યો, મહાન સહાબા-એ-કિરામ અને તેમના કુટુંબીઓ, મશહુર

મશાયખો, મહાન સુફીઓ, ઈસ્લામની નામવર વ્યક્તિઓ અને દુનિયાની ચારે દિશાએથી ઈમાન, મહોબ્બત અને અકીદતને મનમાં લઈને આવેલા અગણિત ગુમનામ મુસલમાનો એ કબ્રસ્તાનોમાં શાંતિ અને આત્મ સંતોષની સાથે આરામ ફર્માવી રહ્યાં છે, એ મહાન અને મુકદ્દસ બુઝૂર્ગોની મુકદ્દસ મઝારો પર લોખંડના ભારેખમ બુલડોઝર ચલાવીને તેને જમીનદોસ્ત કરી દેવામાં આવી 'જન્નતુલબકીઅ' (મદીનહ)ની સામે સડકની પેલે પાર 'શોહદા-એ-કિરામ'ના મઝારોને સડક પહોળી કરવાના બહાને મિટાવી દેવામાં આવ્યા, હઝરત અબ્દુલ્લાહ (રદિયલ્લાહો અન્હો)ની મઝાર અને 'તાબૂત'ને એક બજારનો વિસ્તાર વધારવાને માટે રાતોરાત 'ગાયબ' કરી દેવામાં આવ્યા.

આજે ન તો આબુતાલીબનો મહોલ્લો રહ્યો, ન તો વર્કહ બીન નૌફલની ડેલી રહી છે, ન તો 'ઉમ્મેહાની'ના મકાનનું આંગણું રહ્યું છે, ન તો 'બનુ અકરમ'ની એ 'બેઠક'નું નિશાન ત્યાં જોવા મળે છે, જે સ્થળે અબુતાલીબનો મહોલ્લો હતો ત્યાં એક આધુનિક ઈમારત ખડી થયેલી જોવામાં આવે છે. વર્કહ બીન નૌફલનું મકાન જ્યાં હતું ત્યાં એક કપડાં બજાર જોવામાં આવે છે. 'દારે અકરમ'ને સ્થાને આજે ટેકસીઓનો અડ્ડો બની ગયો છે. 'ઉમ્મેહાની'નું એ મકાન જ્યાં બે સમય મળીને એક થયાં હતાં એ 'મસ્જિદે હરમ'ને પહોળી કરવા દરમિયાન મિસ્માર કરી દેવામાં આવ્યું છે જ્યારે અબ્દુલમુત્તલીબની કબ્ર રહી નહીં તો ત્યાં જવાનો રસ્તો ક્યાંથી રહી શકે? જે સ્થાને એક 'નવ વર્ષનો બાળક' કરૂણ સ્વરે રડ્યો હતો, એ પગદંડી પણ ક્યાં રહી? જ્યાંથી એક 'વૃદ્ધ ઈન્સાન' એક ચાદરમાં એક 'નવજન્મિત બાળક'ને લપેટીને ચાલ્યો હતો. અબુંતાલીબના મહોલ્લાને ખોદીને ત્યાં એક વિચિત્ર પ્રકારની ઈમારત બનાવી લેવામાં આવી છે. એ મકાન અને તેનો એ ઓરડો જેમાં ક્યારેક ચારેય દિશાઓ મળતી હતી એ ઓરડામાં લાંબા સમયથી 'સફેદી' થઈ નથી, ન તો બારમીના ચાંદના દિવસે માઅસુમ બાળકો 'તિલાવત' કરવા એ મકાનમાં દાખલ થાય છે, એ ઓરડાની ઉત્તર તરફ એક

'રોશનદાન' જરૂર મૌજુદ છે, પરંતુ હવે તેમાંથી ઉત્તરનો તારો જોઈ શકતો નથી, ત્યાં અનેક માળાની એક અણઘડ ઈમારત જે બીજે ક્યાંયે કદાચ બની શકે તેમ નહોતી, એ બરાબર રસ્તાની વચ્ચેવચ્ચ ખડી છે. પક્ષીઓને 'આઝાદ' કરવાનો રિવાજ તો આ શહેર (મક્કહ)માંથી લગભગ ખતમ થઈ ચૂક્યો છે, અને હા અગર તમે એ ઘરમાં જ્યાં 'રહેમતલ્લીલ આલમીન' (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની 'વિલાદત' થઈ હતી ત્યાં બે 'રકઅત' શુક્રાનાની નમાઝ પઢવા ઈચ્છતા હો તો હંટર હાથમાં પકડીને ત્યાં ઉભેલો 'નજદી સિપાહી' તેમ કરતાં રોકશે, એ એટલાં માટે કે, તેના અને તેના 'આકાઓ'ની નજીક એ 'અલ્લાહની રહેમત' પર 'અલ્લાહનો શુક્ર' અદા કરવું 'સરાસર શિર્ક' છે.

ઉમ્મુલ મુઅમેનીન હઝરતે ખદીજહ (રદિયલ્લાહો અન્હા)ના મકાન વિશેની હકિકતને સમજી-જાણી લ્યો, જ્યાં વિશ્વાસની બુનિયાદી ઘડીઓ વિતી હતી, એ મુકદ્દસ મકાન અને તેના ઓરડા અર્ધી સદીથી 'રંગ રોગાન'થી સદંતર વંચિત છે, 'હાફીઝે કુર્આન'ની તિલાવત એ તો ભૂતકાળની બાબત બની ચૂકી છે, એ મકાન અને તેનો તમામ વિસ્તાર આજે 'શરાફ બજાર'માં પરિવર્તન થઈ ગયાં છે.

'હિજરત'ના રસ્તાના નિશાનો ભૂસાઈ ચૂક્યા છે, નવી 'નજદી-સઉદી-હકુમતે' મક્કહથી મદીના સુધી જવાનો એક 'નવો રસ્તો' બનાવી લીધો છે, આ રસ્તો મક્કહથી 'બદ્ર'ના મુકામ સુધી સમંદરની સાથે-સાથે જાય છે, આ એ રસ્તો છે જ્યાં (હઝરત) અબુસુફયાને ઈસ્લામના લશ્કરની રવાનગીની ખબર સાંભળીને તેમના પોતાના 'કાફલા'ને તેનાથી બચાવીને મક્કહ તરફ 'ફરાર' થયાં હતાં.

મદીનહ પહોંચતાની સાથે માનવી 'મસ્જિદે કુબા'નું રૂખ કરે છે, તેની સામેના વિસ્તારમાં એક પુરાતન કૂવો હતો, જેનું પાણી 'આપ'ના ચહેરા મુબારકને જોવા માટે ઉછળીને બહાર આવ્યું હતું, એ કૂવાને 'સઉદી-નજદી-હકુમતે' પત્થરોની

મોટી-મોટી શીલાઓથી બંધ કરી દીધું છે. પૂછપરછ કરતાં તદ્દન શુલ્ક જવાબ મળ્યો કે, 'મશીન પમ્પ આવી ગયાં છે, એટલે હવે કૂવાની કોઈ જરૂર રહી નથી.'

એ રીતે પરાજયની વહેશતનાક પરંપરાનો અમલ શરૂ થયો, ત્યારે 'સઉદી-નજદી-કબીલા'ના સરદારે એ'લાન કર્યો કે, તુર્કોએ તાઅમીર કરેલી 'મસ્જિદે નબ્વી' અને 'ગુંબદે ખીઝા'ને હવે તોડી પાડવામાં આવશે. આ એ'લાન પછી મોટા-મોટા તોતિંગ મશીનો મંગાવવામાં આવ્યા, ત્યાર પછી ખૂણા પરના એક સ્તંભથી તોડી પાડવાની કાર્યવાહી આરંભાઈ, પુરા બે મહિના સુધી એ શક્તિશાળી મશીનો એ 'સ્તંભ' સાથે ટકરાતાં રહ્યાં, સ્તંભને તોડી પાડવાના પ્રયાસો કરતાં રહ્યાં, પરંતુ એ સ્તંભ તેના સ્થાનેથી લેશમાત્ર ખસ્યો નહીં, એ તેને સ્થાને અડગ રહ્યો, કેવી રીતે ખસે? એ સ્તંભની બુનિયાદ 'બાવઝૂ હાફીઝે કુર્આન' 'હુન્નરમંદો'એ ઈમાન, યકીન અને મઝબુત અકીદતની સાથે તેને સીસાથી ઢાળ્યો હતો. એ તેના સ્થાન પરથી હઠી શકે જ નહીં, જ્યારે તોતીંગ અને શક્તિશાળી મશીનો દ્વારા લગાતાર બે મહિના સુધી કોશીષ કરવા છતાં એક સ્તંભ તેના મૂળ સ્થાન પરથી ખસી શક્યો નહીં. ત્યાર પછી 'મસ્જિદે નબ્વી'ને તોડી પાડવાની 'વહેશતનાક યોજના'ને પડતી મુકવાની ફરજ પડી, 'મસ્જિદે નબ્વી'ના એ સ્તંભ પર એ અમલના 'નિશાન' આજે પણ જોઈ શકાય છે.

ક્યા-ક્યા દુઃખોનું વર્ણન કરીએ? 'પહેલાં નકશ'ને અકીદાની કમઝોરીએ મિટાવ્યો તો કોઈને દિલની કાળાશે, જે 'નકશ' એ બન્નેની પકડમાં આવી શક્યા નહીં તેને તેના પ્રત્યેની સદંતર બેપરવાઈએ દૂર કરી દીધાં.

અગર 'સઉદી-નજદી' સત્તાધિશોને તેમના એ કાર્યો વિશે પૂછવામાં આવે તો પ્રથમ તો તેઓ ઉપખંડના મહોબ્બતના માર્યા મુસલમાનોને તેને લાયક સમજતાં નથી કે તેમને કોઈ જવાબ આપવામાં આવે, અગર કોઈ મજબુર કરે તો તેનો જવાબ એ શબ્દોમાં આપવામાં આવે છે; 'પહોળાઈ..'.... શિર્ક..!

શું પહોળાઈ એવી રીતે થઈ શકતી નહોતી જેવી રીતે તુર્કોએ તેમના સમયમાં કરી હતી? 'શિર્ક'ને મિટાવવાની આ રીત હતી કે, હઝરતે ખદીજહ (રદિયલ્લાહો અન્હા)ની બાવફા હસ્તીઓના નિશાનો સદંતર મિટાવી દેવામાં આવે? નેસ્તો નાબૂદ કરી દેવામાં આવે?

★★★

મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદીનો ઈતિહાસ

શયખ મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદીનું ઈ.સ. ૧૭૦૩ 'નજદ' દક્ષિણ વિસ્તાર 'અફીફહ'ના એક સ્થળ જેનું નામ 'અઈનહ' છે ત્યાં થયું હતું. અરબની સરઝમીનના પશ્ચિમમાં 'હિજાઝ' અને પૂર્વમાં 'નજદ'નો વિસ્તાર આવેલો છે. હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) 'નજદ' વિશે ફરમાવ્યું છે કે, 'હઝરત અબ્દુલ્લાહ બીન ઉંમર (રદિયલ્લાહો અન્હુમા) ફરમાવે છે કે, તેમણે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી સાંભળ્યું ત્યારે 'આપ' પૂર્વ તરફ મુખ રાખીને ઉભાં હતાં, 'આપે' પૂર્વ તરફ ઈશારો કરીને ફરમાવ્યું કે, 'આ સ્થળે શયતાનના શિંગડા નીકળશે.'

બીજી 'રિવાયત'માં છે કે, હુઝૂરે અકરમે દુઆ માંગી અને ફરમાવ્યું કે, 'અય અલ્લાહ! અમારા 'શામ' અને 'યમન'માં બરકત આપ.' ત્યારે લોકોએ કહ્યું કે, 'હુઝૂર! અમારા 'નજદ' માટે દુઆ ફરમાવો.' ત્યારે 'આપે' ફરમાવ્યું કે, 'અય અલ્લાહ! અમારા 'શામ' અને 'યમન'માં બરકત અતા ફરમાવ.' ત્યારે લોકોએ કહ્યું કે, 'હુઝૂર! અમારા 'નજદ' માટે દુઆ ફરમાવો.' હઝરત અબ્દુલ્લાહ બીન ઉંમર (રદિયલ્લાહો અન્હુમા) કહે છે કે, 'મને યાદ છે કે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ત્રીજી વખત ફરમાવ્યું કે, 'એ સ્થળે (નજદમાં)થી ઝલઝલા (ધરતીકંપ) આવશે અને ફીત્ના જાહેર થશે અને ત્યાંથી 'શયતાનના શિંગડા' નીકળશે.'

ઉપરોક્ત 'હદીસ'નું અર્થઘટન કેટલાંકોએ એવું કર્યું છે કે, 'નજદ'થી 'નજદ પ્રાંત' નહીં બલ્કે, 'નજદ'નો એક અર્થ 'ઊંચી જમીન' છે, જે આપણી ભૂમિથી બુલંદ હોય, ઊંચા વિસ્તારમાં હોય એ થાય છે, પરંતુ એ અર્થઘટન તદ્દન ગલત છે. કેમ કે, 'હદીસ'ની શરૂઆતમાં 'શામ' અને 'યમન'ના નામો આવ્યા છે. એટલે ત્રીજુ નામ 'નજદ' એ વિસ્તારનું જ છે અને હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) દુઆ ફરમાવી ત્યારે અરબના પૂર્વ તરફ ઈશારો કર્યો હતો અને અરબના પૂર્વ તરફ 'નજદ'નો ઈલાકો આવેલો છે.

આ થઈ 'નજદ'ની ઓળખ, એ 'નજદ' ના દક્ષિણી વિસ્તારમાં આવેલા હનીફ નામની વાદીમાં આવેલા એક સ્થળ 'અઈનહ'માં 'શયખે નજદી' પૈદા થયો હતો, 'નબુવ્વતનો જુઠો દાવો કરનારો' 'મુસયલીમહ કિઝઝાબ' 'શયખનજદી'ના જન્મ સ્થાન 'આઈનહ'માં પૈદા થયો હતો. એ પણ એક અસાધારણ હકિકત છે. ઈસ્લામી ત્વારિખમાં 'નજદ'માં સૌથી પહેલો ફિત્નો 'નબુવ્વત'નો જુઠો દાવો કરનારા 'કિઝઝાબ' મુસયલેમહે ખડો કયો હતો એ 'મહા ફીત્નો' ખડો કરનારા 'કિઝઝાબ'નું માથું કચડવા માટે અલ્લાહના મહાન, શ્રેષ્ટ અને આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) 'સહાબા'ને ભાર પૂર્વક ભલામણ કરી હતી અને મુસયલેમહ કિઝઝાબને 'જહન્નમનો કૂતરો' બનાવ્યો હતો. 'સિદ્દીકી-ખિલાફત'ની શરૂઆતમાં આ 'મહા ફિત્ના'ને કચડવા માટે ઈસ્લામી લશ્કર મુકાબલામાં આવ્યો ત્યારે તેમાં જેટલાં 'સહાબા' શહીદ થયાં હતાં તેમાં કુર્આને પાકના 'હાફીઝો'ની સંખ્યા ઘણી વધારે હતી. મુસયલેમહ કિઝાબ એ જંગમાં 'જહન્નમ રસીદ' થયો હતો, એ 'નજદ'ની ધરતી પર બીજો મહા ફિત્નો બરાબર અગિયારસો વર્ષ પછી 'શયખ નજદી'એ ખડો કર્યો જેણે મુસલમાનોના 'અકીદા'માં 'ધરતીકંપ' કરી દીધો, એ ભયાનક ધરતીકંપ જેના ઝટકા હિજરી ૧૧૧૫ થી લઈને આજ સુધી મહેસુસ થઈ રહ્યાં છે. એ 'મહાફિત્ના'એ 'સહાબાએ કિરામ'ના 'આસાર'ને જમીનદોસ્ત કરી દીધાં. જેણે

'જહન્નતુલબકીઅ'ના હર્યા-ભર્યા કબ્રસ્તાનોને વેરાન કરી દીધો, જેણે અરબની પાક સરઝમીનને ખુનથી નવડાવી દીધી, 'તાઈફ'થી લઈને 'કરબલા' સુધી કોઈ 'હરમ' સલામત રહ્યો નહીં, રહેમતલ્લીલ આલમીન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમના 'ગુંબદે ખીદ્રા'ની છતને બરબાદ કરી દેવામાં આવી, 'કબ્રે અનવર' પરથી ચાદર ઉતારી લેવામાં આવી, એવું કરનાર કોણ હતો? બદબખ્ત માનવી 'શયતાનનો શિંગડો' હતો, જેનાથી શયતાન પણ પનાહ માંગતો હશે! તેણે 'મહોબ્બતના મતવાલાઓ'ની વિરૂદ્ધ તલવારને મ્યાનથી બહાર ખેંચી કાઢી હતી, તેમના જાન અને માલને પોતાના માટે 'હલાલ' બતાવ્યા જેના અનુયાયીઓ, તેની ઈતાઅત કરનારાઓ આજે લોકોના ઈમાન ખરીદવા માટે સોના-ચાંદીના થેલાઓના મોઢાં ખોલી દીધાં છે.

'શયખે નજદી'ની તાઅલીમ વિશે જાણવા મળ્યું છે કે ઈ.સ. ૧૭૦૩ મુતાબીક હિજરી ૧૧૧૫ માં 'અઈનહ'માં પૈદા થયો હતો, બચપનથી એ ખુબ જ હોંશિયાર અને તંદુરસ્ત હતો. દસ વર્ષની ઉંમરે તેણે 'કુર્આને પાક' ખત્મ કર્યો, બાર વર્ષની ઉંમરે તો એ પુખ્ત દેખાવનો થઈ ગયો હતો એટલે તેની શાદી પણ એ વખતે કરી દેવામાં આવી, શાદી પછી તેણે 'હજ્જ' અને મદીનહની 'ઝિયારત' કરી અને તેના વતનમાં પાછો ફર્યો અને ત્યાં તેણે તેના વાલીદ પાસે 'હમ્બલી ફિકહા' શીખી. ત્યાર બાદ એ 'હિજાઝ' ગયો, મદીનહ ખાતે તેની મુલાકાત શયખ મુહંમદ હયાત સિંધી સાથે થઈ. શયખ મુહંમદ હયાત સિંધી કટ્ટર પ્રકારનો 'ગયર મુકલ્લીદ' હતો. તેણે 'શયખ નજદી'ને 'તાઅલીમ' આપી હતી, શયખ મુહંમદ હયાત સિંધી ભારતનો કટ્ટર 'ગયરં મુકલ્લીદ' આલીમ હતો. હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી મદદ હાંસલ કરવાને એ 'શિર્ક' કહેતો હતો. તેના વિશે એક મશહુર હિકાયત છે કે, એક દિવસે 'શયખે નજદી' હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના 'હુજરા' સામે ઉભો હતો ત્યાં કેટલાંક લોકો 'આપ'ના 'વસીલા'થી દુઆઓ માંગી રહ્યાં હતાં. ત્યારે

'શયખે નજદી' એ શયખ મુહંમદ હયાત સિંધીને પૂછ્યું કે, 'આ લોકો વિશે તમારૂં શું કહેવાનું થાય છે?' તેના જવાબમાં શયખ મુહંમદ હયાત સિંધીએ કહ્યું કે, 'આ લોકો તબાહ થઈ જવાના છે, તેમના આ'માલ બાતિલ છે.' આ બનાવ પછી 'શયખ નજદી' બસ્રહ (ઈરાક) ચાલ્યો ગયો, બસ્રહ ખાતે તેની મુલાકાત એવા આલીમથી થઈ જેનું નામ મુહંમદ મજમુઈ હતું, તેની પાસે લાંબો સમય 'શયખ નજદી' રહ્યો, 'શયખ નજદી' એ 'આલીમ' પાસે કહેવાતા 'શિર્ક' અને 'બિદઅત'ને વખોડતો રહેતો અને તેનો 'ઉસ્તાદ' તેની તા'રીફ કરતો રહેતો.

'શયખ નજદી'ની 'હિજાઝ'માં જે ઉલ્માઓથી મુલાકાત થઈ એ લગભગ 'ગયર મુકલ્લીદ' હતાં અને તેઓ ઈબ્ને તયમીહના વિચારોથી પ્રભાવિત હતાં, પરંતુ 'શયખ નજદી' ક્યારેક ઈબ્ને તયમીયહના બાતિલ વિચારોથી ખૂબ જ આગળ વધી જતો હતો.

'ગયર મુકલ્લીદ' આલીમોની તાઅલીમથી 'શયખ નજદી' ખૂબ જ પ્રભાવિત થયો અને તેના પહેલાં ઈબ્ને તયમીયહ નામનો બદબખ્ત માનવી પૈદા થયો હતો જેણે ઈસ્લામ મઝહબ વિશે જે વિચારો તેની કિતાબોમાં એકઠાં કર્યા હતાં તેને વાંચીને 'શયખ નજદી' તેના વડવાઓની પરંપરા મિટાવી દેવાને માટે તૈયાર થઈ ગયો હતો. ઈબ્ને તયમીયહે તો માત્ર કલમને બળે તેના બાતિલ વિચારોને ફેલાવ્યા હતાં, ત્યારે 'શયખ નજદી'એ કલમની સાથે તલવાર પર પણ પ્રભુત્ત્વ હાંસલ કર્યું હતું અને બેધડક તેના 'વિરોધીઓ'ની ગર્દનો ઉડાવતો ચાલ્યો, ઈબ્ને તયમીયહ વિશેની વિગતો આગળ આવશે.

જે લોકોએ 'શયખ નજદી' (મહુંમદ બીન અબ્દુલ વહહાબ નં' 'જીવન વૃતાંત' પર પુસ્તકો લખ્યાં છે એ લગભગ 'દેવબંદી' ' ધરાવનારા અગર તો 'ગયર મુકલ્લીદ' વર્ગથી સંબંધ રાખન 'અકીદો' છે કે, 'અવલિયા-એ-કિરામ'ના 'વસી 'નાજાયઝ' છે. 'અમ્બિયા' અને 'અવલિયા'ર્

★★★ ત્વારિખની તત્વ.

કબ્રોના 'આસાર'થી 'તબર્રૂક' હાંસલ કરનારા 'મુર્તદ' (એટલે કે ઈસ્લામથી ફરી જનારા) છે જો કે, 'અહેલે સુન્નત'ના મઝહબમાં એ તમામ બાબતો 'રિસાલત્ત'ના સમયથી લઈને આજ સુધી પ્રચલિત છે. 'શયખ નજદી'એ જે વાતાવરણમાં આંખો ખોલી હતી ત્યાં પણ એ બાબતો સદીઓથી પ્રચલિત હતી. 'શયખ નજદી'એ તમામ બાબતોને 'શિર્ક' અને 'કુફ્ર' જાહેર કરી, તેનું અનુસરણ તેના 'જીવન વૃત્તાંત' લખનારાઓએ પણ કર્યું. કબ્રો પર જઈને 'અસ્હાબે-કુબુર'ના 'વશીલા'થી દુઆઓ માંગવી, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના 'ગુંબદે ખીદ્રા' પર જઈને 'શફાઅત'ની દરખાસ્ત કરવી એ તમામ બાબતો તેની નજદીક 'ઈબાદત લેગયરુલ્લાહ' હતી, તેમણે એ બાબતોને 'બુતપરસ્તી' બતાવી, હકિકતમાં એ કથન હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની આ 'હદીસ'થી સંદતર વિરૂદ્ધ છે જેમાં 'આપે' ફરમાવ્યું છે કે, 'શયતાન એ બાબતથી નિરાશ થઈ ચૂક્યો છે કે, મુસલમાન અરબના વિસ્તારમાં તેની 'ઈબાદત' કરે છે, અલબત્ત એ (શયતાન) તેમને (મુસલમાનોને) આપસમાં લડાવતો રહેશે.'

જે મુસલમાન હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની 'હદીસ' પર ઈમાન રાખતો હશે એ બાબતને કદી પણ માનશે નહીં કે, 'શયખ નજદી'ના આગમન પહેલાં એ વિસ્તારમાં લોકો બુતપરસ્તીના શિકાર થયેલાં હતાં.

'શયખ નજદી' અમ્બિયા (અલયહિસ્સલામ)ની તાઅઝીમ અને 'શફાઅત'ની દરખાસ્ત વિરૂદ્ધ જે દા'વત લઈને ખડો થયો હતો તેની સફળતા માટે તેને તલવારની તાકાતની જરૂર હતી, અગર એવી શક્તિ તેને હાંસલ ન થાય તો તેના 'અકીદા' અને 'વિચારો'ને ફેલાવી શકે નહીં અને એ બાબતો ઈબ્ને તયમીહની જેમ માત્ર કાગળના પૃષ્ઠો પર મર્યાદિત થઈને રહી જાય, 'શયખ નજદી'એ તેને પરિપુર્ણ કરવા માટે 'નજદ'ના સરદારો સંબંધે વિચારવા લાગ્યો, છેવટે તેની દૃષ્ટિ મુહંમ્મદ બીન સઉદ પર પડી તેણે 'નજદ'ના એ સરદાર મુહમ્મદ

બીન સઉદની પત્ની દ્વારા તેને સમજાવ્યો, અમીર મુહમ્મદ બીન સઈદ 'શયખ નજદી'એ ચલાવેલી 'ચળવળ'થી પહેલાં એક સીધો-સાદો ઈન્સાન હતો, તેની પત્નીની સમજાવટથી તેના દિલમાં 'શયખ નજદી'ની મહોબ્બત ઘર કરી ગઈ, ત્યાર પછી શયખ મુહમ્મદ બીન સઉદે 'શયખ નજદી' સમક્ષ બે શરતો મૂકી, એક શરતમાં એ કહેવાયું કે, અગર અમે (શયખ મુહમ્મદ બીન સઉદ) તમારી (શયખ નજદીની) મદદ કરીએ અને આપણને 'સફળતા' મળે ત્યારે તમે અમારો સાથ છોડી દો નહીં, બીજી શરત એ મુકી કે, 'દરઈયહ' નામની જે ફસલ છે તેની મહેસુલીની અમુક રકમ અમે લઈએ છીએ તેનાથી અમને રોકવા નહીં.

'શયખ નજદી'એ મુહમ્મદ બીન સઉદની બન્ને શરતો ખુશી-ખુશી સ્વીકારી લીધી અને હાથ મિલાવતાં કહ્યું કે, 'મારો ખુન તમારો ખુન અને મારી બરબાદી તમારી બરબાદી.'

આમ થતાં તલવાર મુહમ્મદ બીન સઉદની હતી અને મઝહબ 'શયખ નજદી'નો હતો, આજે એ બનાવને લગભગ બસ્સો વર્ષનો સમય વિતી ચૂક્યો છે, પરંતુ એ બન્નેનો સંબંધ જેમનો તેમ રહ્યો છે. 'શયખ નજદી' અને શયખ મુહમ્મદ બીન સઉદ બન્ને વચ્ચે એ 'કરાર' થયો હતો ત્યારે 'શયખ નજદી'ની ઉંમર ૪૨ વર્ષની હતી.

'શયખ નજદી' અને શયખ મુહમ્મદ બીન સઉદ વચ્ચે થયેલાં કરાર પછી સૌ પ્રથમવાર પાટનગર 'રિયાધ'ના એ સમયના અમીર દહમ બીન દવ્વાસ વચ્ચે ટક્કર થઈ. દહમ બીન દવ્વાસ એ 'સઉદી વહાબી' 'સુમેળ'નો સખ્ત વિરોધી હતો, એ સામાન્ય માનવીથી 'અમીર'ના દરજ્જા પર પહોંચ્યો હતો, એ તેની શરૂઆતની જીંદગીમાં તેના કાર્યમાં ઈબ્ને સઉદની મદદ મેળવીને તેનો અહેસાન લઈ ચૂક્યો હતો. એ વિશ્વાસે ઈબ્ને સઉદે તેને 'શયખ નજદી'નું શરણ લેવાની દા'વત આપી, પરંતુ ઈબ્ને દવ્વાસ 'નજદી' કોઈ શયખ અથવા અમીરની તાબેદારી કરવા ચાહતો નહોતો, એ ખરૂં કે તેને તેની હુકુમત સ્થાપવાના કાર્યમાં

ઈબ્ને સઉદે મદદ કરી હતી, પરંતુ એ તેના 'અકીદા'માં ચૂસ્ત હતો, એટલે તેણે સ્પષ્ટ શબ્દોમાં 'શયખ નજદી'ની ઈતાઅતનો ઈન્કાર કર્યો હતો, આ બાબતનું વર્ણન 'વહાબી-સઉદી-હિમાયતી' ઈતિહાસનવેશ સરદાર મુહમ્મદ હસની બી.એ. ઓનર્સે તેની કિતાબ નામે 'સ્વાનેહ હયાત સુલતાન અબ્દુલઅઝીઝ આલે સઉદ'માં લખ્યું છે કે;

'ઈબ્ને દવ્વાસમાં મોટામાં મોટી ખુબી એ હતી કે, એ તેના 'અકીદા'ના ધોરણે બેહદ મજબુત હતો, તેની તબિયતમાં સાબિદકદમી હતી, પુરા ત્રીસ વર્ષ સુધી એ ઈબ્ને સઉદ સાથે લડતો રહ્યો, ક્યારેક વિજય મેળવતો તો ક્યારેક પરાજય, પરંતુ તેણે હિંમત હારી નહીં તો પણ ધીમે-ધીમે અમીર સઉદે 'રિયાધ' સિયાયનો કેટલોક વિસ્તાર કબજે કરી લીધો, ત્યારે 'શયખ નજદી' તેમના અનુયાયીઓની હિંમત વધારતો રહ્યો એ રીતે એ અનિર્ણાયક યુદ્ધ ચાલતું રહ્યું. ઈ.સ. ૧૭૭૩ માં અબ્દુલઅઝીઝ બીન મુહમ્મદ બીન સઉદે 'રિયાધ' પર વિજય હાંસલ કર્યો પરંતુ એ ઈબ્ને દવ્વાસને ગીરફતાર કરી શક્યો નહીં, ઈબ્ને દવ્વાસ પરાજય પામીને રણ પ્રદેશમાં ભાગી છૂટ્યો, આ યુદ્ધ ત્રીસ વર્ષ સુધી ચાલ્યું. તેમાં સત્તરસો 'વહાબી સઉદી' માર્યા ગયાં અને ત્રેવીસસો કહેવાતા મુશ્રીકો માર્યા ગયાં એ રીતે ચાર હજાર અરબો આ યુદ્ધમાં નાહક માર્યા ગયાં.'

ઉપરોક્ત હવાલામાં 'સઉદી-નજદી'ના 'હિમાયતી'એ પણ ઈબ્ને દવ્વાસ અને તેના સહાયકોને કહેવાતા મુશ્રીકો (ખરેખર 'મુશ્રીકો' નહીં) લખ્યાં છે, એટલે તેઓ 'મુશ્રીકો' નહીં પણ મુસલમાનો હતાં, પરંતુ 'સઉદી-નજદી-ધર્મ'ની દષ્ટિએ તેઓ 'મુશ્રીકો' હતાં. એટલે તેમણે 'ઘડેલા ધર્મ' મુજબ તેમના 'ખુન હલાલ' અને તેમના માલ-મિલ્કત લૂંટી લેવાને 'જાઈઝ' બનાવી લીધાં હતાં, તેમનો કસુર માત્ર એટલો હતો કે, તેઓ 'સઉદી-નજદી-ધર્મ'ને અપનાવવાનો ઈન્કાર કર્યો હતો.

મુહમ્મદ બીન સઉદનું અવસાન ઈ.સ. ૧૭૬૪ માં થયું, ત્યાર પછી તેનો

પુત્ર અબ્દુલ અઝીઝ તેને સ્થાને આવ્યો, એ તેના પિતાથી ચાર ચાસણી ચઢી જાય તેવો હતો, તેનો પુત્ર સઉદ તેનાથી વધે તેવો હતો તેણે તેના બાપને પૂછ્યા વિના 'નજફ અશ્રફ' અને 'કરબલા' પર હુમલો કરીને ત્યાંની મઝારાતોને તોડી પાડી હતી અને લાખોની લૂંટ કરી હતી, ત્યાંના નિર્દોષ રહીશોની મોટા પાયે કત્લેઆમ કરી હતી ઈ.સ.૧૮૦૨ માં સુલતાન અબ્દુલ અઝીઝ મસ્જિદમાં નમાઝ પઢી રહ્યો હતો ત્યાં એક 'શિયા' આવ્યો અને તેણે સુલતાન અબ્દુલઅઝીઝને કત્લ કરી દીધો.

અબ્દુલ અઝીઝ બીન મુહમ્મદ બીન સઉદે ઈ.સ.૧૭૬૫ થી ઈ.સ.૧૮૦૩ સુધી એકંદરે ઓગણચાલીસ વર્ષ સુધી હુકુમત કરી હતી એ સમય દરમિયાન 'શયખ-નજદી' તેની નિગરાની કરતો હતો. 'શયખ-નજદી'ની લાંબી જીંદગીમાં 'નજદ'ના ત્રણ સરદારો એક-પછી-એક હુકુમતના સ્થાને આવ્યા, મુહમ્મદ બીન સઉદ ત્યાર પછી અબ્દુલ અઝીઝ બીન મુહમ્મદ બીન સઉદ, ત્યાર પછી સઉદ બીન અબ્દુલ અઝીઝ 'નજદ'ના એ ત્રણે સરદારો હદ દરજ્જાની ક્રુર પ્રકૃત્તિ ધરાવતા હતાં, તેમના જુલ્મોને જોઈને લોકો હલાકુ અને ચંગીસખાન જેવા બેરહેમ રાજ્યકર્તાઓને ભૂલી ગયાં હતાં, એ ઝાલીમોએ નિઃશસ્ત્ર મુસલમાનોની ગરદન પર તલવાર રાખીને 'શયખે નજદી'ના 'મિશન'ને પરિપૂર્ણ કર્યું.

'શયખ નજદી' (મુહમ્મદ બીન અબ્દુલ વહહાબ નજદી)ના મૃત્યુ વિશે મશ્હુર 'વહાબી ઈતિહાસવેત્તા' મસઉદ આલમ નદવીએ તેમની કિતાબ 'મુહમ્મદ બીન અબ્દુલવહહાબ'માં લખ્યું છે કે, 'હિજરી ૧૨૦૬ ના સવ્વાલ મહિનામાં એક જીવલેણ બિમારીએ 'શયખ નજદી'ને પથારી પર સુવડાવી દીધો. એ માનવી જે જીવનભર વિદ્યાર્થીઓના ટોળામાં ચહેકતો રહ્યો, ઈલ્મી મોતીઓની વર્ષા વરસાવતો રહ્યો એ ત્યારે એક ભયંકર બિમારીને કારણે મજબુર થઈને ઘરના એક ખુણામાં 'કેદ' થઈ ગયો, હિ.૧૨૦૬ ના ઝીલ્કઅદ મહિનાના છેલ્લા દિવસે (તા.૨૨, જુન-૧૭૯૨ ના રોજ) ઈલ્મ અને આલમનો એ આફતાબ અસ્ત થઈ

ગયો, પરંતુ તેની (વહાબી) 'ચળવળ' રોજબરોજ જોર પકડતી ગઈ.'

કેટલાંક ઉલ્માઓએ 'શયખ નજદી' (મુહમ્મદ બીન અબ્દુલ વહહાબ નજદી)ના મૃત્યુ દિવસના શબ્દો આ આંકડાકીય (અદદી) રીતે 'બેહા હાદેકલ ખબીસ'થી કાઢ્યાં છે.

★★★

શાહ સઉદની ફુઝૂલખર્ચી

શાહ સઉદ એક વખતે અમેરિકા આવ્યા ત્યારે તેમણે એક જ સ્ટોર્સમાં બાર લાખ રૂપિયાના કપડાંની ખરીદી કરી હતી, 'ફલોરિડા'માં તેમણે એક બેંક મેનેજરને કહ્યું કે, તેમને વીસ લાખ રૂપિયાનું 'પરચૂરણ' 'ટીપ' આપવા માટે જોઈએ છે ત્યારે બેંક મેનેજર મોઢું ફાડીને તેમને જોતાં જ રહી ગયાં..!

સઉદી અરબમાં તેમના એકંદરે ચોવીસ 'એયરકન્ડીશન્ડ મહેલો' હતાં, એક ડઝન જેટલાં શ્રેષ્ઠ પ્રકારના વિમાનો હતો, સેંકડો એયરકન્ડીશન્ડ મોટરો હતી જેમાં એક મોટર તેમાં તેઓ બેસતાં હતાં એ તો પુરેપુરી સોનાની બનેલી હતી તેમની ત્રીસ જેટલી 'પત્નીઓ' અને નેવું 'કનીઝો' હતી, એક સમયે તેમને જ્યારે ખબર આપવામાં આવી કે, તેમની ત્રણ પત્નીઓએ પુત્રોને જન્મ આપ્યો છે એ સાંભળીને તેઓએ અત્યંત ખુશી વ્યક્ત કરી હતી.

શાહ સઉદ જ્યારે કોઈ વિદેશની યાત્રાએ જવા માટે નીકળતાં ત્યારે તેમની સાથેના 'સંદુકો'માં ચાલીસ કરોડ રૂપિયાનું સોનું જરૂર રહેતું. જે તેઓ વિદેશમાં 'ખર્ચ' કરતાં હતાં, તેમણે તેની પરવા કરી નહોતી કે, તેમણે કેટલી મોટી રકમનું સોનું ખર્ચી કાઢ્યું છે?

એક સમયે તેમને અચાનક યુનાન (ગ્રીક) આવવાનું થયું, રાતના સમયે તેમણે ફરમાઈશ કરી કે, 'હું સવારે ઊંટણીના દૂધનો નાસ્તો કરીશ.' એટલે એ જ વખતે 'વાયરલેસ' દ્વારા 'જીદ્દાહ' ખાતે તેની ખબર આપી એ પરથી રાતોરાત કેટલી ઊંટણીઓ વિમાન મારફત ત્યાં પહોંચાડવામાં આવી, વહેલી સવારે શાહ

સઉદને 'નાસ્તા' માટે ઊંટણીનું તાજું દૂધ પેશ કરવામાં આવ્યું હતું.

શાહ સઉદનો હુકમ હતો કે, તેઓ વિદેશમાં જ્યાં પણ નિવાસ કરતાં એ સ્થળનો તમામ ફર્નિચર તદ્દન નવો બનાવી દેવામાં આવતો હતો, ચાહે તેને માટે કેટલું'ય ખર્ચ કેમ ન થાય? તેઓ બીજાના ઉપયોગમાં રહેલી વસ્તુનો ક્યારેય ઉપયોગ કરતાં નહોતાં.

શાહ સઉદ જ્યારે તેમની મોટરમાંથી નીચે ઉતરતાં ત્યાં તેમના પગ મૂકવા માટે કિંમતી ગાલીચા બિછાવી દેવામાં આવતાં હતાં, એક સમયે તેમને લશ્કરનું નિરીક્ષણ કરવાનો અવસર મળ્યો, તેમના લશ્કરની 'સફ' (લાઈન) ચાર ફલાંગ જેટલી હતી, એટલે તેમના માટે ચાર ફલાંગ જેટલાં લાંબા ગાલીચા બીછાવવામાં આવ્યા હતાં.

આ તો શાહ સઉદના સમયની પરિસ્થિતિ છે જેને લગભગ પચાસ વર્ષનો સમય વિતી ચૂક્યો છે, તેમના પછીના 'સઉદી શાહો'ના લખલુટ ખર્ચની કોઈ સીમા નથી. આ હકિકત છતાં 'સઉદી શાહો' પોતાને 'કુર્આન' અને 'હદીસ' મુજબ ચાલનારા બતાવીને દુનિયાની આંખોમાં ધૂળ નાખી રહ્યાં છે. એટલું જ નહીં તેઓ પોતાને સાચા અને પાકા મુસલમાન સમજી રહ્યાં છે અને તેમની માન્યતાના વિરોધીઓને તેઓ 'કાફીર' અને 'મુશ્રીક' જાહેર કરી રહ્યાં છે.

'શયખ નજદી'એ પોતાના ઘડેલા 'અકીદાઓ'ને સ્વીકારવા માટે ઈસ્લામી જગતને દા'વત આપી તેનો જેણે પણ ઈન્કાર કર્યો તેમને તેણે 'કતલને પાત્ર' જાહેર કર્યો તેમાં જ્યાં જ્યાં 'હાથ' પહોંચ્યાં ત્યાં ત્યાં તેણે લૂંટ અને ખુનામરકી કરવામાં કંઈ જ બાકી રાખ્યું નહીં, એ સમયના મહાન ઉલ્માઓ તેના 'ગલત અકીદાઓ' વિરૂદ્ધ કિતાબો લખતાં આવ્યા છે, જેમાં સૌ પ્રથમ 'શયખ નજદી'ના ભાઈ સુલયમાન બીન અબ્દુલવહહાબ (ઈ.સ.૧૨૦૮)નું નામ છે, જેમણે 'શયખ નજદી'ના 'ગલત અકીદા'ની વિરૂદ્ધમાં એક કિતાબ લખી હતી જેનું નામ 'અસ્સવાઈકુલ ઈલાહીયહ' છે આ કિતાબમાં સુલયમાન બીન

અબ્દુલવહહાબે તેમના 'શયખ નજદી' (મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદી)ના 'ઘડેલા અકીદાઓ'નું જે રીતે ખંડન કર્યું છે તેની ટૂંકમાં વિગતો જોઈએ.

શયખ સુલયમાન બીન અબ્દુલવહહાબે તેમની કિતાબ 'અસ્સવાઈકુલ ઈલાહીય્યહ'માં મુસલમાનને 'કાફીર' અને 'મુશરીક' બતાવતા 'શયખ નજદી'ના વિચારોના જવાબમાં લખ્યું છે કે;

'તમારા (એટલે કે 'શયખ નજદી'ના) 'અકીદાઓ' અને 'કુફ્ર'ના 'ફત્વાઓ' યોગ્ય નહીં હોવાની દલીલ એ છે કે, તવહીદ' અને 'રિસાલત'ની ગવાહી આપ્યા પછી ઈસ્લામનું સૌથી મોટું 'રૂકન' નમાઝ છે, એ છતાં કોઈ માનવી 'રિયાકારી'ની રીતે નમાઝ પઢતો હોય છે જેના વિશે 'ફુકહા' (ઈમામો)એ કહ્યું છે કે, અલ્લાહ તઆલા એ માનવીની નમાઝ કબુલ ફરમાવશે નહીં, જે માનવીએ પોતાના કોઈ અમલમાં તેની સાથે (એટલે કે, અલ્લાહની સાથે) કોઈ બીજાને 'શરીક' કરી લ્યે તેના એ અમલ અને 'શિર્ક'ને છોડી દઈને 'કયામત'ને દિવસે 'રિયાકાર' (દેખાવ ખાતર નમાઝ પઢનાર) વિશે અલ્લાહ તઆલા ફરમાવશે કે, 'જા, જઈને તેનો 'બદલો' એ માનવી પાસેથી લઈ લે જેના માટે તે અમલ કર્યો હતો.'

એવા માનવીને સંબંધે 'ઈસ્લામના ફુકહા-એ-કિરામે' કહ્યું છે કે, 'તેનો અમલ બાતિલ છે, પરંતુ એવું કહ્યું નથી કે, તેને કતલ કરી દેવું, તેનો માલ લૂંટી લેવું 'જાયઝ' છે. જ્યારે તમે (શયખ નજદી) તેનાથી પણ ઉતરતી કોટિની અને તદ્દન સામાન્ય એવી વાતને 'કુફ્ર' બતાવી રહ્યાં છો..?!'

શયખ સુલેમાન બીન અબ્દુલવહાબે મજકુર કિતાબમાં લખ્યું છે કે;

'મુસલમાનોને 'કાફીર' બતાવવા સંબંધે તમારી માન્યતા એટલાં માટે ખરી નથી કે, 'ગયરૂલ્લાહ'ને પોકારવું અને 'નઝર-ન્યાઝ' કરવી 'સ્પષ્ટ કુફ્ર' છે, એટલે સુધી કે તેમ કરનાર મુસલમાનને 'ઈસ્લામી મિલ્લત'થી 'ખારીજ' કરી દેવામાં આવે કેમ કે, 'સહીહ હદીસ'માં છે કે, હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)

ફરમાવ્યું છે કે, 'શંકાને કારણે 'શરઈ સજા'નો અમલ કરશો નહીં.' અને બીજી 'રિવાયત'માં છે કે, 'જયારે કોઈ માનવીની સવારી કોઈ વેરાન સ્થળે અગર તો રણપ્રદેશમાં ગુમ થઈ જાય તો એ માનવી ત્રણવાર કહે કે, 'અય ઈબાદલ્લાહ!' (એ અલ્લાહના બંદાઓ) મને તમારા રક્ષણમાં લઈ લો.' તો અલ્લાહ તઆલાના કેટલાંક બંદાઓ છે જેઓ તેને તેમની 'હિફાઝત'માં લઈ લે છે. એક બીજી રિવાયતમાં છે કે, અગર એ માનવી મદદ ચાહતો હોય તો આમ કહે કે, 'અય અલ્લાહના બંદાઓ! મારી મદદ કરો.' આ 'હદીસો'નું વર્ણન 'ફુકહા-એ-ઈસ્લામે' તેની ઉચ્ચ કિતાબોમાં કર્યું છે. એ પરંપરાગત પ્રચલિત પણ છે, કોઈએ તેનો ઈન્કાર કર્યો નથી, ઈમામ નુવીએ 'કિતાબુલ અઝકાર'માં તેનું વર્ણન કર્યું છે અને ઈબ્નુલકય્યુમે તેની કિતાબ 'અલકલેમતુત્તૈયબ'માં તેની વિગત લખી છે. હઝરત ઈમામ અહેમદ બીન હમ્બલ (રદિયલ્લાહો અન્હો)ના સાહેબઝાદા બ્યાન કરે છે કે, 'મેં મારા 'વાલીદ' (એટલે કે, ઈમામ અહેમદ હમ્બલ)થી સાંભળ્યું છે, તેઓ ફરમાવતાં હતાં કે, મેં પાંચ વાર હજ્જ કર્યા છે, એક વખત હું પગપાળા જઈ રહ્યો હતો અને રસ્તો ભુલી ગયો, ત્યારે મેં કહ્યું કે, 'અય ઈબાદલ્લાહ! મને રસ્તો બતાવો.' આમ કહેતો રહ્યો, થોડી જ વારમાં મને રસ્તો મળી ગયો.'

હવે હું કહું છું કે, જે માનવી કોઈ 'અદશ્ય' અથવા તો 'વફાત' પામેલા બુઝૂર્ગોને પોકારે છે તો તેને તમે (શયખ નજદી) 'કાફીર' બતાવો છો અને તમારા બાતિલ અનુમાનને આધારે એ માનવીને 'મુશ્રીક' બતાવીને એને 'મુશ્રીકો'ની હરોળમાં મુકો છે?! જેઓ 'ઈબાદત'ને કારણે 'ગયરૂલ્લાહ'ને પોકારતાં હતાં અને તેઓ અલ્લાહના રસુલને ખુલ્લંખુલ્લા જુઠલાવતાં હતાં, શું તમે (શયખ નજદી)એ 'હદીસ' જેના પર મહાન ઉલ્માઓનો વિશ્વાસ હતો તેમના એ અમલને માનવીને માટે બુનિયાદ નથી માનતા? જે બુઝૂર્ગોને પોકારે છે અને માત્ર તમારી બાતિલ અટકળથી તેને 'શિર્ક' બતાવો છો? (ઈન્ના લીલ્લાહે વઈન્ના

ઈલયહે રાજેઉન) જ્યાં માત્ર શંકાને કારણે 'સરઈ સજા' પણ આપી શકાતી નથી, એ સ્પષ્ટ હકિકત છે કે, જે માનવી 'તવહીદ' અને 'રિસાલત'ની ગવાહી આપતો હોય તેને કોઈ 'બિદઅત'ને કારણે 'કાફીર' કહી શકાય નહીં, (તમારા માન્ય પેશ્વા) ઈબ્ને તયમીયહે પણ એ બાબતને અગ્રીમતા આપી છે ત્યારે કોઈ મર્હુમ બુઝૂર્ગને પોકારે છે એ ખરેખર તો કોઈ 'બિદઅત'નું કૃત્ય કરનારો નથી કેમ કે, તેનું એ કૃત્ય (મર્હુમ બુઝૂર્ગોને પોકારવાનું) એક મજબુત અને 'સહીહ હદીસ' અનુસાર છે જેના પર આપણા પુર્વજોનું પણ અમલ રહ્યું છે.'

'શયખ નજદી'ની મુસ્લિમોને 'કાફીર' બતાવવાની રીતનું ખંડન કરતાં શયખ સુલયમાન બીન અબ્દુલવહહાબે લખ્યું છે કે;

'તમારા (શયખ નજદી)ના મઝહબના ખંડન માટે (હદીસની માન્ય કિતાબો) 'બુખારી' અને 'મુસ્લિમ' સ્પષ્ટ અને નક્કર દલીલ છે જેમાં હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું કથન મુબારક છે કે, 'કુફ્ર'નો ગઢ (કિલ્લો) પૂર્વ તરફ હશે.' (એટલે મદીનહથી પૂર્વ દિશાએ 'નજદ'નો ઈલાકો છે જેના તરફ 'આપનો' નિર્દેશ હતો) એક 'રિવાયતમાં છે કે, 'ઈમાન યમાની' છે અને ફીત્નો ત્યાં હશે જ્યાંથી શયતાનના શિંગડા નીકળશે.'

હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના 'વિસાલ' પછી 'નજદ'ની ભૂમિ પરથી જે પહેલો ફિત્નો જાહેર થયો એ 'શયખ નજદી'નો ફિત્નો હતો જેણે સદીઓથી મુસલમાનોમાં પ્રચલિત એવી બાબતોને 'કુફ્ર' અને મુસલમાનોને 'કાફીર' બનાવ્યા બલ્કે 'શયખ નજદી'એ એ લોકોને પણ 'કાફીર' બતાવ્યા જેઓએ મુસલમાનોને 'કાફીર' ન કહે. જો કે, મક્કહ-મદીનહ અને યમનના ઈલાકામાં સદીઓથી એ બાબતો પ્રચલીત હતી. બલ્કે, એ નક્કર હકિકત છે કે, અવલિયાના વસીલા, તેમની કબ્રોથી વસીલા અને મદદ અને તેમને પોકારવા એ તમામ કાર્યો દુનિયામાં સૌથી વધુ 'યમન' અને મક્કહને મદીનહમાં કરવામાં આવતાં હતાં. 'નજદ'થી જે 'ફિત્નો' જાહેર થયો

તેવો બીજે કોઈ સ્થળેથી જાહેર થયો નથી. હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ક્યાંયે એવું ફરમાવ્યું નથી કે, મુસયલેમહ કિઝઝાબની ભૂમિ (નજદ) 'દારૂલ ઈમાન' બનશે અને મક્કહ-મદીનહ અને યમન 'કુફ્રના શહેરો' બની જશે, જેમાં 'બૂત પરસ્તી' થશે અને ત્યાંથી 'હિજરત' કરવી 'વાજીબ' થશે, પરંતુ 'આપે' સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું કે, 'નજદ' માંથી ફિત્નો નીકળશે, ત્યાંથી 'શયતાનના શિંગડા' જાહેર થશે.'

એક સમયની વાત છે, 'શયખ નજદી' તેના ગામ 'દરઈયહ'માં જુમ્આના દિવસે 'ખુત્બો' આપી રહ્યો હતો. 'ખુત્બા' દરમિયાન તેણે કહ્યું કે, 'જે માનવી હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના 'વસીલા'થી દુઆ માંગે છે એ 'કાફીર' છે. જુમ્આની નમાઝ પછી 'શયખ નજદી'ના ભાઈ શયખ સુલયમાન બીન અબ્દુલવહહાબે તેને પૂછ્યું કે, 'બતાવો, ઈસ્લામના 'અરકાન' કેટલાં છે? જવાબમાં 'શયખ નજદી'એ કહ્યું કે, 'પાંચ' તો શયખ સુયલમાને કહ્યું કે, 'તમે તો ઈસ્લામનો 'છઠ્ઠો રૂકન' પણ બતાવી રહ્યો છે અને તે એ કે, જે તમારી પૈરવી (તાબેદારી) ન કરે એ પણ 'કાફિર' છે.'

'શયખ નજદી' જુદી-જુદી રીતે જુદા-જુદા સમયે હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાનમાં ગુસ્તાખીના શબ્દો ઉચ્ચારતો હતો તેને એવો ગુમાન થઈ ગયો હતો 'તવહીદ'ને 'મહેફુઝ' રાખવાનો આ એક જ તરીકો છે તેની 'ગુસ્તાખીઓ'ની થોડી વિગતો જોઈએ.

(૧) હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને એ 'તારીશ' કહ્યા કરતો હતો, 'નજદ'ની (લુગત ડિક્ષનેરી)માં 'તારીશ'નો અર્થ 'ટપાલી' અગર તો 'એલચી' થાય છે.

(૨) 'શયખ નજદી'ની સામે તેના એક 'અનુયાયી'એ કહ્યું કે, મારી લાઠી 'મુહમ્મદ' (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી બહેતર છે કેમ કે, એ સાંપ વગેરેને મારવાના કામમાં આવી શકે છે અને 'મુહમ્મદ' (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

મૃત્યુ પામ્યા છે અને હવે તેમનામાં કોઈ જ નફો બાકી રહ્યો નથી, તેઓ માત્ર એક 'એલચી' હતાં, હવે દુનિયાથી તેઓ ચાલ્યા ગયા છે.

(૩) ઊંચા મિનારા પર અઝાન આપનારાઓને દરૂદ શરીફ પઢવાની સખ્ત મનાઈ કરતો હતો, એક સરસ કંઠ ધરાવતા 'નાબીના મુઅઝ્ઝીન'ને દરૂદ પઢવાના કસુર માટે તેણે કતલ કરાવી દીધો હતો.

(૪) 'શયખ નજદી' કહેતો હતો કે, કોઈ વેશ્યા સ્ત્રી તેના 'કોઠા' પર સિતાર બજાવે તે એટલી ગુનેહગાર નથી, જેટલો ગુનોહ મસ્જિદના મિનારા પર ચઢીને હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર દરૂદે પાક પઢે છે તેનાથી થાય છે.

(૬) 'શયખ નજદી'ના અધમ કૃત્યોમાં એક કૃત્ય એ હતું કે, તેણે 'દલાઈલુલ ખયરાત' અને બીજી દરૂદ શરીફની ફઝીલતોની કિતાબો સળગાવી દીધી હતી અને તેણે એ કિતાબો પઢવાને 'બિદઅત' બતાવી હતી.

(૭) કુર્આને પાકમાં જે 'આયતો' 'મુનાફીકો' અને 'મુશ્રીકો'ને સંબંધે નાઝિલ થઈ છે તેને એ (શયખ નજદી) મુસલમાનો પર 'ફીટ' કરતો હતો, કુર્આને પાકની 'તફસીર' પોતાની રીતે કરતો હતો અને તેના 'અનુયાયીઓ' (વહાબીઓ)ને કહેતો હતો કે, તેઓ 'તફસીર' તેની પોતાની રીત પ્રમાણે કરતાં રહે.

(૮) નમાઝ પછી દુઆ માંગવી એ (શયખ નજદી) મના કરતો હતો અને એ કહેતો હતો કે, તમે (નમાઝીઓ) અલ્લાહ તઆલા પાસે 'ઈબાદત'ની મંજૂરી માંગી રહ્યાં છો.

એક માણસે 'શયખ નજદી'ને પૂછ્યું કે, 'અલ્લાહ તઆલા રમઝાનુલ મુબારકમાં દરરોજ રાત્રે કેટલાં મુસલમાનોની બક્ષીશ કરતો હોય છે?' તેના જવાબમાં 'શયખ નજદી'એ કહ્યું કે, 'એક લાખ મુસલમાનોની.' તો એ માનવી કહેવા લાગ્યો કે, 'તમારા અનુયાયીઓ (વહાબીઓ)ની સંખ્યા તો તેના કરતાં

તદ્દન નજીવી છે તો આખરે એ ક્યા મુસલમાનો છે જેની 'બક્ષીસ' અલ્લાહ તઆલા રમઝાનુલ મુબારકતની રાતોમાં કરીને તેમને 'જહન્નમ'થી મુક્ત કરે છે? અને તમે મુસલમાન તેને જ સમજો છો જેઓ તમારા અનુયાયીઓ (વહાબીઓ) માત્ર છે?' 'શયખ નજદી' આ 'પકકડ'થી એટલો બધો હેબતાઈ ગયો કે, તેને કોઈ પ્રકારનો જવાબ આપી શક્યો નહીં. આ બનાવ પછી 'શયખ નજદી'ના ભાઈ શયખ સુલયમાન તેનાથી નારાજ થઈને 'દરઈયહ'થી મદીનહ મુનવ્વરહ ચાલ્યા ગયા અને ત્યાં રહીને તેઓ 'શયખ નજદી'ના 'અકીદા'નું ખંડન કરવા લાગ્યા.

એક વખત એક 'કબીલા'નો વડો 'શયખ નજદી'ને મળવા માટે આવ્યો અને તેને કહ્યું કે, 'અય શયખ! તમારો એક વિશ્વાસુ માણસ જેને તમે દરેક રીતે સાચો સમજતા હોવ એ તમારી પાસે આવીને કહે કે, 'આ પહાડ દેખાય છે તેની પાછળ એક મોટું લશ્કર તમારા પર હુમલો કરવાની તૈયારીમાં છે ત્યારે તમે એક હજાર માણસોને તેની ખાત્રી કરવા માટે મોકલો એ એક હજાર માણસોને જોઈને તમને કહે કે, પહાડની પાછળ ન તો કોઈ લશ્કર છે અને ન તો કોઈ હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે તો તમે તમારા એક વિશ્વાસુની વાત માનશો કે એક હજાર માણસોની વાતને માનશો?' તેના જવાબમાં 'શયખ નજદી'એ કહ્યું કે, 'હું એક હજાર માણસોની વાત માનીશ.' એ સાંભળીને 'કબીલા'ના વડાએ કહ્યું કે, 'એવી રીતે અગાઉના મુસલમાનો અને મર્હુમ બુઝૂર્ગોએ તેમની કિતાબોમાં તમારી (વહાબી) 'ચળવળ' અને તમારા 'અકીદા' અને તમારા વિચારોનું ખંડન કરેલું છે જેની સંખ્યા હજારોની છે, હવે તમે જ બતાવો કે, અમે તમારી વાતને માનીએ કે એ હજારોની વાતને માનીએ?' 'શયખ નજદી' આ સવાલનો કોઈ જ ઉત્તર આપી શક્યો નહીં.

એક માણસે 'શયખ નજદી'ને પૂછયું કે, 'જે 'દિન' તમે લઈને આવ્યા છો એ 'પહેલાં ઈસ્લામ'થી મળેલો છે કે, તેના અલગ અને તેનાથી દુરનો છે?' તેના

જવાબમાં 'શયખ નજદી'એ કહ્યું કે, 'છેલ્લા છસ્સો વર્ષથી આ 'ઉમ્મત' 'કાફીર' અને 'મુશ્રીક' હતી.' ત્યારે એ માનવીએ કહ્યું કે, 'ત્યારે તો તમારો 'દિન' ઈસ્લામથી મળેલો નહીં, પરંતુ દૂરનો છે હવે એ બતાવો કે, તમે એ 'દિન' કોઈની પાસેથી હાંસલ કર્યો?' તેના જવાબમાં 'શયખ નજદી'એ કહ્યું કે, 'વહી' અને 'ઈલ્હામ' દ્વારા જેવી 'વહી' અને 'ઈલ્હામ' હઝરત ખિઝર (અલયહિસ્સલામ) પર થતી હતી.' તો એ માનવીએ કહ્યું કે, 'અગર 'વહી' અને 'ઈલ્હામ'નો દરવાજો ખુલ્લો છે તો તેની તમારી પાસે ખસુસીયત (ખાસપણું) શું છે? કોઈ પણ માનવી એક નવો 'દિન' લઈને ખડો થઈ શકે છે અને કહી શકે છે કે, આ 'દિન' 'વહી' અને 'ઈલ્હામ'થી તેને હાંસલ થયો છે. જુઓ તમામ 'અહેલે સુન્નત'ની નજદીક 'વસીલો' લેવું 'જાઈઝ' છે, તમારા માની લીધેલા ઉસ્તાદ ઈબ્ને તયમીયહએ પણ 'વસીલા'ના બે પ્રકાર બતાવ્યા છે, તેણે પણ એવું લખ્યું નથી કે, 'વસીલો' લેનારો 'કાફીર' છે, એટલે સુધી કે, તેણે 'રવાફીઝ' ખ્વારિજ અને બિદઅતીને પણ તેણે 'કાફીર' બતાવ્યા નથી તો પછી તમે 'વસીલો' લેનારાને તમે 'કાફીર' શા માટે કહો છો?' તેના જવાબમાં શયખ નજદીએ કહ્યું કે, 'હઝરત ઉંમર (રદિયલ્લાહો અન્હો)એ હઝરત અબ્બાસ (રદિયલ્લાહો અન્હો)ના 'વસીલા'થી વરસાદ માટે દુઆ માંગી હતી તેમણે 'હુઝૂરે અકરમ' (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના 'વસીલા'થી દુઆ કરી નહોતી તેનો અર્થ એ કે, જીવંત માનવીનો 'વસીલો' લેવું 'જાઈઝ' મૃત્યુ પામેલા માનવીનો 'વસીલો' લેવું 'જાઈઝ' નથી.' ત્યારે એ માનવીએ 'શયખ નજદી'ને કહ્યું કે, 'એ દલીલ તો તમારી માન્યતાની વિરૂદ્ધ જાય છે, હઝરત ઉંમરે (રદિયલ્લાહો અન્હો)એ હઝરત અબ્બાસ (રદિયલ્લાહો અન્હો)ના 'વસીલા'થી દુઆ એટલાં માટે માંગી કે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સિવાયના બીજા બુઝૂર્ગોનો 'વસીલો' માંગવું પણ 'જાઈઝ' છે. તમે હઝરત ઉંમર (રદિયલ્લાહો અન્હો)ના એ કાર્યને દલીલ કઈ રીતે બનાવી શકો છો? જો કે, હઝરત ઉંમર

ફારૂકે આઝમે એ 'હદીસ'ને બ્યાન કરી છે કે, 'હઝરત આદમ અલયહિસ્સલામે હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની પયદાઈશથી પહેલાં તેમના 'વસીલા'થી દુઆ માંગી હતી.' એ સાંભળીને 'શયખ નજદી' ચૂપ જ થઈ ગયો, તેની પાસે કોઈ જવાબ જ નહોતો..!

'વહાબી ફીર્કા' પહેલાં જેટલાં પણ 'ફીર્કા' થયાં છે તેમાંથી કોઈ પણ 'ફીર્કા'એ માથું મુંડાવવાનું જરૂરી બતાવ્યું નથી. એક 'સહીહ હદીસ'માં જે 'બદઅકીદા' અને 'દિન'થી નીકળી જનારા લોકોની ખબર દેવામાં આવી છે તેઓ માત્ર 'શયખ નજદી'ના અનુયાયીઓ (વહાબીઓ) છે, એટલાં કારણે સૈયદ અબ્દુર્રહેમાન અબ્દુદલ 'મુફતી ઝુહવયદ' કહે છે કે, 'મુહમ્મદ બીન અબ્દુલવહહાબ (શયખ નજદી)ની ગુમરાહી અને 'દિન'થી 'બગાવત' પર કોઈ અલગ અને કાયમી દલીલો લખવાની જરૂર નથી. બલ્કે, એ 'ફિર્કા' (વહાબી)નું રદ્ કરવા માટે એટલું કહી દેવું બસ છે કે, તેમણે (વહાબીઓએ) માથું મુંડાવવાને પોતાની એક 'વિશિષ્ટતા' બનાવી લીધી છે.

અલ્લામહ ઈબ્ને આબેદીન શામી (હિ.૧૨૫૮)એ તેમની મશ્હુર અને માન્ય કિતાબ 'રદુલમુહતાર'માં લખ્યું છે કે;

'આ એ લોકોની મિસાલ છે જેમણે હઝરત અલી (રદિયલ્લાહો અન્હો)ની વિરૂદ્ધ 'બંડ' કર્યો હતો નહીંતર તેમના 'ખારજી' હોવાને માટે આટલી બાબત પુરતી હતી કે, તેમણે (ખારજીઓએ) એ લોકોને 'કાફીર' બતાવ્યા હતાં જેમની વિરૂદ્ધ તેમણે 'બંડ' પોકાર્યો હતો. જેમ કે, અમારા સમયમાં મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદીના અનુયાયીઓ જેઓ 'નજદ'થી નીકળ્યા અને મક્કહને મદીનહ પર કબ્જો કરી લીધો, તેઓ (નજદીઓ) પોતાને 'હમ્બલી-મઝહબ'ના કહેતાં હતાં, પરંતુ તેમનો એ'તેકાદ એ હતો કે, મુસલમાન માત્ર તેઓ જ છે અને તેમના સમવિચારકો છે, જેઓ તેમના 'અકીદાઓ'ના વિરોધીઓ છે તેઓ મુસલમાન છે જ નહીં, બલ્કે તેઓ 'મુશ્રીક' છે એ કારણે

તેમણે (નજદીઓએ) 'અહલેસુન્નત' અને 'અહેલેસુન્નત-ઉલ્માઓ'ને કતલ કરવાનું 'જાઈઝ' બતાવ્યું હતું."

અલ્લાહમહ સૈયદી અબ્દુલ્લાહ બીન અલ્વી અલહદ્દાદે 'શયખ નજદી' (મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદી)ના રદમાં એક તિાબ જેનું નામ 'જિલાઉ ઝઝીલામ' લખી છે, તેમાં લખ્યું છે કે; 'હુઝૂર નબી-યે-કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફરમાવ્યું કે, બારમી સદીમાં 'વાદી-એ-હનીફહ'માં એક ફિત્નો જાહેર થશે જેનો દેખાવ એક વિરાટ કદના બળદ જેવો હશે, એ ભૂમિ પરનો બધો 'ઘાસચારો' ખાઈ જશે, તેના સમયમાં ખુનામરકી મોટા પ્રમાણમાં થશે, એ મુસલમાનોનો માલ 'હલાલ' સમજીને લૂંટશે અને માલથી વેપાર કરશે. મુસલમાનોની કત્લેઆમ 'જાઈઝ' સમજીને કરશે અને તેના પર ગર્વ કરશે, આ એક એવો ફિત્નો હશે જેમાં નીચ પ્રકારના લોકોનું વર્ચસ્વ થશે અને હલકટ પ્રકારના લોકો તેમની 'અંગત ઈચ્છાઓ'ને પોષવા તેનું અનુસરણ કરશે, જેવી રીતે કૂતરો તેના માલિકની પાછળ પૂછડી પટપટાવતો હોય છે..!' ત્યાર પછી સૈયદ મૌલ્વીએ લખ્યું છે કે; 'એથી પણ વધીને સ્પષ્ટ વાત એ છે કે, ફરેબના વમળમાં સપડાયેલો 'શયખ નજદી' 'બનુ તમીમ' નામના કબીલાની પેદાશ હતો, એ જોતાં શક્ય છે કે, એ ઝુલખ્વૈસરહ તમીમીના વંશજમાંથી હતો. એ ઝુલખ્વૈસરહ તમીમી જેણે અલ્લાહના સર્વશ્રેષ્ઠ નબીની શાનમાં સૌ પ્રથમ 'ગુસ્તાખી'ના શબ્દો ઉચ્ચાર્યા હતાં, જેના વિશે અલ્લાહના રસુલે ફરમાવ્યું હતું કે, આ માનવી (ઝુલખ્વૈસરહ તમીમી)ની અવલાદમાંથી એક એવી 'કવમ' પૈદા થશે જે કુર્આન પઢતી હશે, પરંતુ કુર્આન તેમના ગળાં હેઠળ ઉતરશે નહીં, 'દીન'થી તેઓ નીકળી જશે જેમ કમાનથી તીર, મુસલમાનોને એ કતલ કરશે અને 'કાફીરો'ને છોડી દેશે જેવી રીતે 'ખારજીઓ' 'અહેલે ઈસ્લામ'ને કતલ કરે છે અને 'કાફીરો' સાથે તેમને કોઈ ઝઘડો નથી, જયારે હઝરત અલી (રદિયલ્લાહો અન્હો)એ 'ખારજીઓ'ને કતલ કરી દીધાં ત્યારે એક માનવીએ અલ્લાહનો શુક્ર અદા કર્યો તો હઝરત અલીએ

ફરમાવ્યું કે, 'કસમ એ ઝાતે પાકની જેના કબ્જામાં મારી જાન છે, હજી 'ખારજીઓ' તેમના પુરૂષોની પીઠમાં અને તેમની માતાઓથી પૈદા થયાં નથી એ બાકી છે, તેમાંથી છેલ્લો 'દજજીલ' હશે.'

હઝરત અબુબક્ર સિદ્દીક (રદિયલ્લાહો અન્હો) એ ફરમાવ્યું છે કે, 'મુસયલેમહ કિઝ્ઝાબની કવમ 'બની હનીફહ'ની વાદીમાંથી 'કયામત' સુધી ફિત્નાઓ જાહેર થતાં રહેશે અને 'દિને-ઈસ્લામ' હંમેશા 'કિઝ્ઝાબો' (જુઠ્ઠાઓ)ને કારણે ફિત્નાઓથી ખરડાયેલો રહેશે.' ત્યાર પછી સૈયદ અલ્વીએ 'મિશ્કાત' શરીફની એક 'હદીસ' નકલ કરીને લખ્યું છે કે, 'હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફરમાવ્યું છે કે, આખર ઝમાનામાં એક એવી કવમ જાહેર થશે જે તેમને એવી વાતો કહેશે જે ન તો સાંભળી હશે ન તો તમારા બાપ-દાદાઓએ સાંભળી હશે, તમે એવા માનવીઓને હરગીઝ મળશો નહીં, ક્યાંક એઓ તમને ગુમરાહ ન કરી દે તમને ફિત્નામાં નાખી ન દે, એ 'કવમ' 'બની તમીમ'ની હતી જેના વિશે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે, 'એ લોકો 'આપ' (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને અવાજ દઈને બહારથી બોલાવે છે તેમાં વધુ ભાગે 'બેઅક્કલ' હોય છે.

સૈયદ અલ્વીએ વધુમાં લખ્યું છે કે; 'કબીલા 'બનીતમીમ', 'બનુહનીફહ' અને 'વાઈલ'ની બુરાઈમાં અનેક બાબતો જાહેર થયેલી છે, યાદ રહે કે, 'બની હનીફહ' અને 'બની તમીમ'ની વાદીમાંથી ઘણાં 'ખારજીઓ' જાહેર થયાં છે, 'વહાબી ફીર્કા'ના રઈસ અબ્દુલ અઝીઝ 'વાઈલ'માંથી હતો, કબીલા 'વાઈલ' વિશે એક રિવાયતમાં છે કે, 'હુઝૂરે અકરમ' (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની રિસાલતના શરૂઆતના સમયમાં 'હજ્જના દિવસો'માં 'આપ' જુદા જુદા 'કબીલા'ના લોકો સમક્ષ ઈસ્લામ પેશ કરતાં હતાં તેના જવાબમાં સૌથી વધુ 'ખબીસ જવાબ' આપ્યો હોય તો એ 'બની હનીફહ' કબીલાના લોકોએ આપ્યો હતો.'

'શયખ નજદી'એ બારમી સદીમાં ઉઠાવેલા ફિત્નાનું ખંડન કરવા માટે ઈસ્લામી જગતના ૪૨ (બેતાલીસ) મહાન ઉલ્માઓ મયદાનમાં આવ્યા હતાં અને તેમણે દળદાર ગ્રંથો લખીને તેના (વહાબી) મઝહબનું રદ્દ કર્યું હતું એ ૪૨ (બેતાલીસ) ઉલ્માઓમાં ભારત-પાકિસ્તાનના ઉલ્માઓનો સમાવેશ થતો નથી.

★★★

ઈબ્ને તયમીયહ

'શયખ નજદી' (મુહમ્મદ બીન અબ્દુલ વહહાબ નજદી)ની 'વહાબી ચળવળ' હિજરી અગિયારમાં શરૂ થઈ હતી અને 'શયખ નજદી'નો 'આધ્યાત્મિક ગુરૂ' ઈબ્ને તયમીયહ હિજરી આઠસો પહેલાં આ દુનિયાથી 'વિદાય' થઈ ગયો હતો, પરંતુ તેણે લખેલી કિતાબો 'શયખ નજદી'ના હાથોમાં આવી ગઈ તેને વાંચીને 'શયખ નજદી'ને ફિત્ના ફેલાવવાની 'ખુજલી' થઈ હતી, ઈબ્ને તયમીયહ વિશે ઉમ્મતના મહાન ઈમામોએ જે કંઈ લખ્યું છે તેને જોઈએ એટલે ઈબ્ને તયમીયહ સંબંધે આપણે આસાનીથી સમજી શકીશું કે, એ કેવો માનવી હતો? તેના 'અકીદા' કેવા હતાં? અને વિચારો કેવા હતાં?

'દેવબંદી વર્ગ'ના પેશ્વા ઉબયદુલ્લાહ સિંધીએ તેની કિતાબ 'શાહ વલીઉલ્લાહ' અને તેમની 'સિયાસી ચળવળ'માં લખ્યું છે કે;

'ઈબ્ને તયમીયહના માનનારાઓમાં સરઝમીન નજદમાં મુહમ્મદ બીન અબ્દુલવહહાબ (નજદી) પયદા થયો, દરઅસલ મુહમ્મદ બીન અબ્દુલવહહાબ (નજદી)એ કોઈ એવાં 'ઉસ્તાદ' પાસે તાઅલીમ લીધી નહોતી જે તેમને સાચી રાહ બતાવે અને 'ફાયદાકારક ઈલ્મો' તરફ તેની રહેનુમાઈ કરે, બલ્કે તેમણે એટલું કર્યું કે, ઈબ્ને તયમીયહ અને તેના શાગીર્દની કેટલીક કિતાબો પઢી લીધી અને તેનું અનુસરણ કર્યું.'

અલ્લામહ મુહમ્મદ અબ્દુર્રહેમાન સિલ્હટીએ તેમની ખ્યાતનામ કિતાબ

'સયફુલ અબ્રાર'માં લખ્યું છે કે;

'ઈબ્ને તયમીયહ 'વહાબીઓનો સરદાર' છે, એ 'શયખુલ ઈસ્લામ' નહીં પણ 'શયખુલ આસામ' (તમામ બુરાઈઓની જડ) છે, આ એ પહેલો માનવી છે જેણે તમામ બાતીલ 'અકીદાઓ'ને બ્યાન કર્યા. હકિકતમાં એ 'ગુમરાહ ફીર્કા'નો જન્મદાતા છે. (તુર્કીના) સુલતાન મુહમ્મદ (બીજા)ના સમયમાં એક શખ્સ જેનું નામ મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદી હતું તેણે ઈબ્ને તયમીયહના મૃત્યુના પાંચસો વર્ષ પછી તેના માટીમાંમળી ચૂકેલાં વિચારો અને 'બાતિલ અકીદાઓ'ને જાહેર કર્યા અને 'અહલેસુન્નત' વિરૂદ્ધ એક 'મોરચો બનાવ્યો.'

યાદ રહે કે, અલ્લામહ મુહમ્મદ અબ્દુર્રહેમાન સિલ્હટીની ઉપરોક્ત કિતાબ 'સયફુલ અબ્રાર' દિલ્હી અને ઈસ્તંબોલ (તુર્કી) બન્ને સ્થળેથી પ્રસિદ્ધ થઈ છે.

'મુફ્તિ-એ-હિજાઝ' શયખુલ ઈસ્લામ ઈમામુલમુહદ્દેસીન અલ્લામહ ઈબ્ને હજર મક્કી (અલયહિર્રહમહ)એ તેમની કિતાબ 'ફતાવા હદીસીયહ'માં 'ઈમામુલ વહાબીયહ' ઈબ્ને તયમીયહ વિશે લખ્યું છે કે;

'ઈબ્ને તયમીયહ' અલ્લાહનો એ બંદો છે જેને અલ્લાહ તઆલાએ 'ઝલીલ' કર્યો, ગુમરાહ કર્યો, આંધળો-બહેરોને રૂસ્વા કર્યો, 'દિનના ઈમામો'એ તેની સંપુર્ણ છણાવટ કરી દીધી. જેને પણ તેની ખાત્રી કરવી હોય તેણે ઈમામ મુજતહીદ હઝરત અબુલ હસન સુબ્કી અને તેમના ફરઝંદ અલ્લામહ તાજુદ્દીન સુબ્કી અને તેમના સિવાય ઉલ્મા-એ-શાફીય્યહ, માલકીયહ અને હન્ફીયહની કિતાબોનું અભ્યાસ કરે, ઈબ્ને તયમીયહએ માત્ર તેની પહેલાંના 'સુફીયા-એ-કિરામ' પર એતરાઝ કર્યો નથી, બલ્કે તેણે હઝરત ઉંમર ફારૂકે આઝમ અને શેરેખુદા હઝરત અલી બીન અબીતાલીબ (રદિયલ્લાહો અન્હુમા) જેવા મહાન સહાબા-એ-કિરામ પર પણ એ'તેરાઝ કર્યો છે, પરંતુ તેના લખાણોમાં કોઈ જ 'વજન' નથી, તેના લખાણો ઉજ્જડ સ્થાનમાં ફેંકી દેવાને પાત્ર છે, તેના સંબંધે

એટલું જ જાણી લેવું જરૂરી છે કે, એ (ઈબ્ને તયમીયહ) બિદઅતી, ગુમરાહ, જાહીલ અને બેવકૂફ હતો.'

અલ્લામહ ગુલામ મુસ્તુફા શાહ સાહેબ (અલયહિર્રહમહ)ની કિતાબ 'તોહર્રતુન્નાઝેરીન' જે ઈ.સ.૧૮૬૫ માં (એટલે આજથી લગભગ ૧૨૦ વર્ષ પહેલાં) પ્રસિદ્ધ થઈ છે તેમાં તેમણે 'ઈબ્ને તયમીયહ' વિશે લખ્યું છે કે;

'ઈબ્ને તયમીયહ અલ્લાહ તઆલાને 'શરીરસહ' હોવાનું કહેતો હતો અને સફરે-ઝિયારત રસુલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમને 'હરામ' બતાવતો હતો, 'ખુલ્ફા-એ-રાશેદીન' અને 'ઈમામો'ની શાનમાં બેઅદબી અને ગુસ્તાખી કરતો હતો, એ સમયના મહાન ઉલ્માઓ શયખ દાઉદ સમાન અને શયખ કમાલુદ્દીન સુબ્કીએ તેના બાતિલ અકીદાઓનું ખંડન કર્યું અને તેની ધરપકડ કરીને મિસરના મદ્રેસા કામેલિયહમાં એક સભા બોલાવી જેમાં બધાં 'કાઝીઓ' અને 'મુફ્તિઓ' એકઠાં થયાં અને તેની (ઈબ્ને તયમીયહ) સાથે ચર્ચા કરીને તેને 'લાજવાબ' કર્યો હતો, ત્યાર પછી ઈસ્લામી શહેરોમાં એક હુકમ જારી કરીને 'જાહેરાત' કરવામાં આવી હતી કે, 'ઈબ્ને તયમીયહ'એ જાહેર કરેલા 'અકીદા' 'ઈજમાઅ'થી સદંતર વિરૂદ્ધ છે, એટલે જે કોઈ તેને અપનાવશે એ સજાને પાત્ર થશે.' ત્યાર પછી 'વસીલા' (નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વિશે તેની સાથે ચર્ચા થઈ એ સંબંધે તેના ઉપર 'શરઈ મુકદ્દમો' થયો તેમાં તેને કેદની સજા થઈ, ત્યારે તેની (ઈબ્ને તયમીયહની) સામે અવલિયા અને મશાયેખ અને ઉલ્માઓની શાનમાં ગુસ્તાખી 'કુફ્ર' છે એ સાબિત કરવામાં આવ્યું છેવટે 'દૌલતે-નાસીરિયહ'માં તેણે (ઈબ્ને તયમીયહએ) તૌબા જાહેર કરી ત્યારે તેનો છૂટકારો થયો, ત્યાર પછી મિસરથી એ 'શામ' આવ્યો અને ત્યાં તેના 'બાતિલ અકીદા'નો પ્રચાર શરૂ કર્યો તો તેને 'દમિષ્ક'ના કેદખાનામાં કેદ કરવામાં આવ્યો અને 'શામ'ની હકુમત તરફથી એ પ્રકારની જાહેરાત કરવામાં આવી કે, જે કોઈ મુસલમાન ઈબ્ને તયમીયહના 'અકીદા'ને અપનાવશે તેનું ખુન અને માલ

'હલાલ' સમજવામાં આવશે. ઈબ્ને તયમીયહ જાહેર રીતે 'ખારજી' હતો કેમ કે, એ હઝરત અલી (કર્રમલ્લાહે વજહહુ) અને હઝરતે ફાતેમહ ઝોહરા (રદિયલ્લાહો અન્હા)ની શાનમાં બેઅદબી અને ગુસ્તાખી કરતો હતો.'

અલ્લામહ ઝુરકાની (અલયહિર્રહમહ) એ તેમની કિતાબ 'ગયસુલગમામ બર હાંશીયહ ઈમામુલકલામ'માં લખ્યું છે કે;

'એ શખ્સે (ઈબ્ને તયમીયહ) પોતાનો મનઘડત મઝહબ બનાવી લીધો હતો, તેણે તેની એ માન્યતા વ્યકત કરી હતી કે, 'હુઝૂરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની કબ્ર શરીફની 'ઝિયારત' ઈરાદાપુર્વક નહીં કરવી જોઈએ.' ઈબ્ને તયમીયહના 'અકીદા' વિરૂદ્ધ કોઈ વાતો કરતો તેને એ 'હુમલો કરનાર' સમજતો હતો જ્યારે ઈબ્ને તયમીયહ તેના વિરોધીઓનું રદ કરી શકતો નહોતો ત્યારે એ તેને 'જુઠો' કહીને વગોવતો હતો, બેશક! કહેવાળાએ સાચું જ કહ્યું છે કે, 'ઈબ્ને તયમીયહનો ઈલ્મ તેની બુદ્ધિથી વધુ હતો.'

મશહુર ઈતિહાસવેતા અને દુનિયાના મોટા ભાગની સફર કરનારા 'ઈબ્ને બતૂતહ'એ તેમની કિતાબ 'ગરાઈબુલ અમ્સાર'માં દમિશ્કના ઉલ્માઓના વર્ણનમાં લખ્યું છે કે;

'ઈબ્ને તયમીયહ'ની બુદ્ધિમાં કોઈ વસ્તુ (ફૂતુર) હતી એટલે તેણે તેના 'વાઅઝ'માં કહ્યું કે, 'અલ્લાહ તઆલા આસમાન પરથી એવી રીતે ઉતરે છે જેવી રીતે હું 'મિમ્બર'ની એક સીડી પરથી બીજી સીડી પર ઉતરૂ છું.'

શયખુલઈસ્લામ અલ્લામહ ઈબ્ને હજર અસ્કલાની (અલયહિર્રહમહ)એ તેમની ખ્યાતનામ કિતાબ 'અદદુરરૂલકામેનહ'માં લખ્યું છે કે;

હઝરત અલી શેરેખુદા (રદિયલ્લાહો અન્હો)એ બાળવયમાં ઈસ્લામનો સ્વિકાર કર્યો હતો અને બાળ વયમાં ઈસ્લામનો સ્વિકાર કરવું ખરૂ અને વિશ્વાસપાત્ર નથી-આ અકીદો ઈબ્ને તયમીયહએ વ્યકત કર્યો હતો.

અલ્લામહ ઈબ્ને હજર મક્કી (અલયહિર્રહમહ)એ ફતાવા હદીસીયહમાં લખ્યું

છે કે;

ઈબ્ને તયમીયહ એ હઝરત અલી શેરેખુદા (રદિયલ્લાહો અન્હો) વિશયે લખ્યું છે કે, હઝરત અલી મુર્તુજા (રદિયલ્લાહો અન્હો) એ ત્રણસોથી વધુ જગ્યાએ ગલત ફત્વાઓ આપ્યા હતાં. (મઆઝલ્લાહ)

શયખ શહાબુદ્દીન સુહર વર્દી (અલયહિર્રહમહ) એ કિદાબ 'ગયસુલગમ્મામ' માં ફર્માવ્યું છે કે, મેં જોયું છે કે, ઈબ્ને તયમીયહના મનમાં જે કંઈ (ગતલ સલત) આવતું તે લખી નાખતો હતો, (ત્યાર પછી) તેને જાણીને પણ એ તેને શબ્દો પાછા ખેંચતો નહોતો અને મેં જોયું કે, તેમાં ઈલ્મ વિશાળ હતો, પરંતુ તેમાં બુદ્ધિનો અભાવ હતો.

ઈમામ ઈબ્ને મજુમક્કી (અલયહિર્રહમહ) એ કિતાબ 'ફ્વાઈદ જામેઅહ' માં ઈબ્ને તયમીહયહના અકીદાઓ વિશે લખ્યું છે કે;

'ઈબ્ને તયમીયહનું કથન હતું કે, જાણી જોઈને નમાઝ છોડી દેનાર પર 'કઝા' લાઝીમ થતો નથી, 'માસિક' હાલતમાં ઔરતને ખાન-એ-કઅબહનો 'તવાફ' કરવું 'મુબાહ' છે એ કારણે તેના પર કોઈ 'કફ્ફારો' લાઝીમ થતો નથી અને ત્રણ તલાકને એક જ સમજવામાં આવશે, વગેરે એ સિવાય તેની (ઈબ્ને તયમીયહની) એ પણ માન્યતા જાહેર થઈ હતી કે, જે માનવીએ 'સંભોગ' કર્યો હોય અગર તો તે વીર્યપાતને કારણે નાપાક થયો હોય તેવો માનવી રાતના સમયમાં 'તયમ્મુમ' કરીને 'નફલો' પઢી શકે છે, તેવા માનવીને 'નફલ' 'તયમ્મુમ' થી પઢવા જોઈએ, તેને એ 'નફલો' ફજરના ગુસ્લ સુધી છોડવા જોઈએ નહીં, ભલે એ શહેરમાં રહેતો હોય, જે માનવી તેના 'અમીર' ને માટે રાતે સેવાનું કામ કરતો હોય, તેના 'અમીર' ની પથારી કરી દેતો હોય, સફરમાં તેના 'અમીર' ની સાથે હોય, તેવી સ્થિતિમાં તેને 'વીર્યપાત' થઈ જતાં નાપાક થઈ ગયો હોય અને તેને એ ડર હોય કે અગર એ 'ફજર' ના સમયે 'ગુસ્લ' કરશે તો તેનો 'અમીર' (અફસર) તેનાથી નારાજ થશે તો તે માનવી 'ફજર' ની નમાઝ

'તયમ્મુમ'થી પઢી લ્યે, ભલે એ 'ગુસ્લ' કરવાને માટે શક્તિમાન હોય.'

ઈમામુલ મુહદ્દેસીન જલાલતુલ મિલ્લતે વદદીન ઈમાન જલાલુદ્દીન સયુતી (અલયહિર્રહમહ) એ કિતાબ 'શવાહિદુલહક્ક'માં ઈબ્ને તયમીયહ વિશે સ્પષ્ટ લખ્યું છે કે;

'અને બેશક! મેં ઈબ્ને તયમીયહનો એ અંજામ દીઠો કે, તેને 'ઝલીલ' કરવામાં આવ્યો, ઠેર-ઠેર તેની બુરાઈ કરવામાં આવી, હક્ક અને બાતીલ બે બાબતોમાં એ બાતીલ પર હોવાના કારણે તેના પર 'કુફ્રનો ફત્વો' લાગ્યો, લોકોની નજદીક એ અંધકારવાળો, ગ્રહણવાળો, માટીથી લથડાએલો, તેના 'વિરોધી'ઓની નજીક જુઠી ત્હોમતો લગાડનારો, દજ્જાલ અને 'કાફીર' થઈ ગયો, બુદ્ધિશાળીઓ અને વિદ્વાનોના વર્ગની નજીક એ 'બિદઅતી' થઈ ગયો.'

અલ્લામહ યુસુફ નિબ્હાની (અલયહિર્રહમહ) તેમની કિતાબ 'અન્જાલહ બર દોસાલહ'માં ઈબ્ને તયમીયહ વિશે લખ્યું છે કે;

'ઈબ્ને તયમીયહ હઝરત મુહીય્યુદ્દીન ઈબ્ને અરબી (અલયહિર્રહમહ) જેમની ગણના શ્રેષ્ઠ 'અવલિયા-એ-કિરામ'માં થાય છે તેમને 'કાફીર' કહેતો હતો, તેની ઘડેલી બિદઅતો અને તેના નુતન અકીદાઓ કાતિલ ઝેર છે, સાંપોની સાથે તેની લખેલી કિતાબો ભરેલી છે, તેની કિતાબને પઢવાથી અને તેમાંથી ફાયદો હાંસલ કરવાની કોશીષ નિરર્થક છે.'

ખ્યાતનામ 'તફસીર સાવી'ના કર્તા અલ્લામહ સાવી (અલયહિર્રહમહ)એ ઈબ્ને તયમીયહ વિશે તેમની 'તફસીર સાવી અલલ જલાલૈન'માં લખ્યું છે કે;

'ઉલ્માઓએ ઈબ્ને તયમીયહ વિશે ફરમાવ્યું છે કે, 'એ ગુમરાહ છે અને બીજાઓને ગુમરાહ કરવાવાળો છે.'

હઝરત મુહદ્દીસ અબ્દુલ અઝીઝ દહેલ્વી (અલયહિર્રહમહ)એ તેમની મશહુર કિતાબ 'ફત્વા અઝીઝીયહ'માં ઈબ્ને તયમીયહ વિશે લખ્યું છે કે;

'મિન્હાજુસ્સુન્નહ વગેરે કિતાબોમાં ઈબ્ને તયમીયહના વિચારોને વાંચીને મને

બેહદ 'વહેશત' થાય છે, ખાસ કરીને તેવી વાતોથી માનવીને ખુબ જ ગુંગળામણ થાય છે જે વાતો ઈબ્ને તયમીયહએ 'અહેલે બયત'ની 'તવહીન'માં લખી છે, તેણે નબી-એ-પાકની 'ઝિયારત'ની મના લખી છે, 'ગવસ'-'કુત્તુબ' અને 'અબ્દાલ'નો તેણે ઈન્કાર કર્યો છે, 'સુફીયા-એ-કિરામ'ની તેણે 'ખુલ્લી તવહીન'માં ઘણું ઘણું લખ્યું છે. શામ, મગરીબ (પશ્ચિમ) અને મિસરના મહાન ઉલ્માઓએ તેના રદમાં ખુબ-ખુબ લખ્યું છે, તેના શાગીર્દ ઈબ્ને કય્યુમે જો કે, તેના 'કલામ'ના અર્થઘટનો કર્યા છે, પરંતુ 'અહેલે સુન્નત વ જમાઅતે' તેના અર્થઘટનોને માન્ય રાખ્યાં નથી, અમારા વાલીદ (શાહ વલીઉલ્લાહ દહેલ્વી)ના સમયમાં ઈબ્ને તયમીયહના રદમાં એક 'રિસાલો' લખ્યો હતો, 'એહલે સુન્નત'ના ઉલ્માઓની નજદીક ઈબ્ને તયમીયહનો 'કલામ' બાતિલ છે.'

આ'લા હઝરત આરીફે-રબ્બાની, ગવસે સમ્દાની, પીર, સૈયદ, મહેરઅલી શાહ સાહેબ ચિશ્તી ગોલડવી (અલયહિર્રહમહ)એ કિતાબ 'અજાલહ બર દોસાલહમાં ઈબ્ને તયમીયહ વિશે મુસલમાનોને 'નસીહત' ફરમાવતા લખ્યું છે કે;

'ઈબ્ને તયમીયહ (હિ. ૬૬૧-૭૨૮) એ ઈરાદો કરીને ઝિયારત રોઝ-એ-નબી જે 'મોમીનો' માટે કિતાબ 'સુન્નત', 'ઈજમાઅ'ને 'કયાસ' મુજબ 'નજાતની રાહ' છે તેને 'હરામ' જાહેર કરી હતી, અલ્લાહ તઆલાની શાને પાકમાં ભયાનક ગુસ્તાખી તેણે કરી હતી માટે ઓછો ઈલ્મ ધરાવનારાઓ ઈબ્ને તયમીયહની મોટી-મોટી કિતાબોને જોઈને તેમનો મઝહબ છોડી ન દે, મહાન ઉલ્માઓએ ખુબ જ તાકિદ ફરમાવી છે કે, ઈબ્ને તયમીયહની કિતાંબો કોઈ માનવી જે 'પુરેપુરો આલીમ' ન હોય તેણે પઢવી જોઈએ નહીં, અગર 'સંપુર્ણ આલીમ' ન હોય તેવો માનવી તેની કિતાબોનો અભ્યાસ કરશે તો ડર છે કે, એ 'બદઅકીદહ' બની જશે.'

હદીસની વિશ્વાસપાત્ર કિતાબ 'બુખારી શરીફ'ની 'શરહ' જેમણે લખી છે

એ અલ્લામહ ઈબ્ને હજર અસ્કલાની (અલયહિર્રહમહ)એ કિતાબ 'અદ્દુર્રૂલ કામેનહ'માં લખ્યું છે કે;

'સુલતાન જલાલુદ્દીન તુઝવેનીએ ઈબ્ને તયમીયહને (તેના બાતીલ અકીદાઓને ફેલાવવાના કારણે) કેદમાં નાખી દીધો, ત્યાર પછી ઈબ્ને તયમીયહએ તૌબા કરતાં તેને છોડી મુક્યો, ત્યાર પછી ફરીવાર એ તેની તૌબાથી ફરી જતાં (સુલતાને) તેને કેદખાનામાં ધકેલી દીધો અને તેણે એ'લાન કરાવ્યો કે, ઉલ્માઓના સર્વસંમત આદેશ પ્રમાણે ઈબ્ને તયમીયહના 'અકીદા' દુરસ્ત નથી માટે જે કોઈ તેના 'અકીદા'ને અપનાવશે તેનો માલ લૂંટી લેવું અને તેને કતલ કરી દેવું જરૂરી થશે.'

ઈબ્ને તયમીયહ વિશે 'અહેલેસુન્નત'ના મશ્હુર 'બુઝૂર્ગો'નો ઉપરોક્ત નિર્ણય જાહેર થયેલો છે, તેમ છતાં 'શયખ નજદી'એ તેના બાતિલ વિચારો અને 'અકીદાઓ'ને અપનાવ્યા અને ફેલાવ્યા, એ ઈબ્ને તયમીયહને ઉપખંડના 'અહેલેહદીસ' અને 'દેવબંદી ઉલ્માઓ' પોતાના 'ઈમામ' તરીકે સ્વીકારે છે અને તેના બાતિલ વિચારોને આજે પણ ફેલાવે છે અને પોતાને 'પાકા અને સાચા મુસલમાન' તરીકે ઓળખાવે છે. તેઓ ઉપરોક્ત બુઝૂર્ગોના કથન મુજબ ખરેખર મુસલમાન હોઈ શકતાં નથી.

★★★

ઉપખંડમાં 'વહાબીઓ' કોણ છે?

સામાન્ય રીતે 'અહેલેસુન્નત' (સુન્ની મુસલમાનો) 'ચાર ઈમામો'ના 'મસ્લક'ને માને છે, તેને અપનાવે છે. એ ચાર ઈમામોમાં (૧)હનફી, (૨)માલકી, (૩)શાફઈ અને (૪)હમ્બલી છે. એ ચારે'ય 'ઈમામો'ના 'ફિકહી મસાઈલ'ને દરેક 'ઈમામો'નો મુકલ્લીદ અપનાવે છે, વર્ષોથી આ પરંપરા ચાલી આવે છે, તેના ઉપર મહાન ઉલ્માઓનો 'ઈજમાઅ' (એટલે સર્વ સંમતિ) થઈ ચૂકી છે, પરંતુ ભારત-પાક.ના 'દેવબંદીઓ' અને 'અહેલેહદીસ' કહેવાતા વર્ગોના

'ઈમામ' બીજા છે, 'મવદુદી' પોતે જ કોઈ 'ઈમામના 'મુકલ્લીદ' હતાં જ નહીં, તેની તેમણે જાહેરાત શુદ્ધા કરી દીધી છે. એટલે તેમના વિશે લખવાની જરૂર નથી, તો પણ એ હકિકત છે કે, તેઓ પણ 'ઈમામ' તેને લખતાં હતાં જેને 'દેવબંદી-અહેલેહદીસ' 'ઈમામ' માની રહ્યાં છે. 'વહાબીઓ'ના મૌલ્વી હાફીઝ સલાહુદ્દીન યુસુફે પખવાડિક 'અલએઅતેસામ'માં 'દેવબંદીઓ'ના પેશ્વા મૌલ્વી કાસિમ નાનોત્વીના શાગીર્દ મૌલ્વી મુહમ્મદ હસન સંભલીના એક લખાણને ટાંકતા લખ્યું છે કે, જેમાં મૌલ્વી મુહમ્મદ હસન સંભલીએ લખ્યું છે કે;

'આ 'ઉમ્મત'ના 'ચાર' ઈમામ છે, (૧)ઈબ્ને તયમીયહ, (૨)ઈબ્ને તયમીયહનો શાગીર્દ ઈબ્ને કય્યુમ, (૩)ઈબ્ને તયમીયહના મૃત્યુ પછી તેનો 'મરસિયો' લખનાર શોકાની અને ચોથો તેમનો કૂતરો..'

ઉપરોક્ત લખાણ પછી તેના પર કંઈ વિવેચન કરવાની જરૂર રહેતી નથી.

'વહાબીઓ'ના માન્ય ઈતિહાસનવેશ એહમદ અબ્દુલગફુર અત્તારે તેની નામચીન કિતાબ 'મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદી'માં સ્પષ્ટ લખ્યું છે કે;

''વહાબીઓ' ઈબ્ને તયમીયહ અને ઈબ્ને કય્યુમ અને તેમના અનુયાયીઓના 'મસ્લક' પર ચાલે છે, બલ્કે એમ કહેવામાં આવે કે, 'વહાબીઓ'એ 'ઈમામો'ના 'અનુયાયીઓ' છે તો તેમાં લેશમાત્ર ખોટું નથી, ઈબ્ને અબ્દુલવહહાબ નજદી (શયખ નજદી) એ પણ તેમના 'તરીકા'નું સંપુર્ણ અનુસરણ કર્યું હતું.'

ભારત-પાક.ના મુસ્લિમો જેવી રીતે પોતાના કે પોતાના પુત્રોના નામ 'યઝીદ' રાખતાં નથી તેનું કારણ કે, 'યઝીદ'ના સમયમાં 'કરબલા'નો દર્દનાક બનાવ બન્યો હતો જેમાં ઈમામે હુસૈન અને તેમના સાથીઓને બેદર્દીની સાથે 'શહીદ' કરી દેવામાં આવ્યા હતાં એ છે, તેવી રીતે મુસલમાનોમાં એક પણ એવો જોવા મળતો નથી જે પોતાને 'વહાબી' તરીકે ઓળખાવામાં ગૌરવ અનુભવતો હોય, તેનું કારણ એ છે કે, 'વહાબીઓ' એ અરબસ્તાનના વિસ્તારમાં 'એહલેસુન્નત'

કહેવાતા મુસલમાનોની સરિયામ કત્લેઆમ કરી હતી અને ત્યાંના મુકદ્દસ મઝારાતોને તોડી પાડ્યા એ કારણ મુખ્ય છે જેના વિશે અસંખ્ય કિતાબો લખાઈ છે, આમ તો ભારતના 'દેવબંદીઓ', 'એહલેહદીસ', 'મવદુદી', 'તબ્લીગી', 'નદવી' વગેરે નામે ઓળખાતા વર્ગો પોતે 'વહાબી રીત'ને અનુસરે છે, પરંતુ પોતાને 'વહાબી' તરીકે ઓળખાવવામાં 'નાનપ' સમજે છે, તેમાંના કોઈ-કોઈ 'શયખ નજદી'ને વખોડતા પણ હોય છે એ એટલાં માટે કે, તેમના પર ક્યાંક 'વહાબી'ની 'છાપ' લાગી જાય નહીં. ભારત-પાક.માં 'શયખ નજદી'ના 'વહાબી ધર્મ' વિશે લખનારાઓમાં એ 'વર્ગો'માં ગણતરીના જ છે, વધુ ભાગે તેમનામાં 'વહાબી ધર્મ'ના હિમાયતી છે, બલ્કે એમ કહેવામાં આવે કે, તેમાં 'પુરેપુરા વહાબી' નહીં તો પચાસ-સાઠ કે એંસી ટકા તો 'વહાબીયત'ને ગળે લગાડેલા છે જ તેનો એક જ દાખલો બસ થઈ પડશે, આપણે જોઈ ગયાં કે, 'દેવબંદી-પેશ્વાઓ'નો મોટોભાગ 'વહાબી-હિમાયતી' છે તો થોડાક દેખાવ ખાતર (અગર તો સુન્ની મુસલમાનોને ભ્રમમાં રાખવા ખાતર) 'વહાબી નજદી'નો આછડતો વિરોધ કરીને એ બતાવવાની કોશીષ કરે છે કે, તેઓ ખરેખર 'વહાબી' નથી, 'દેવબંદી વર્ગ'ના 'કુતુબ' ગણાતા મૌલ્વી રશીદ અહેમદ ગંગોહીને એ વિશે સવાલ પૂછતાં તેમણે જે જવાબ આપ્યો એ સવાલ અને જવાબ વાંચી લ્યો.

સવાલઃ 'વહાબી કોણ લોકો છે? અને ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીનો 'અકીદો' કેવો હતો? અને તેનો કેવો મઝહબ હતો? અને એ સ્વયં કેવો માણસ હતો? અને 'નજદીઓ'ના 'અકીદાઓ' અને સુન્નીઓ-હન્ફીઓના 'અકીદાઓ'માં શું ફરક છે?'

જવાબઃ 'મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદીના માનનારાઓને 'વહાબી' કહેવાય છે, તેના 'અકીદા' ઉમ્દા હતાં અને તેમનો મઝહબ 'હમ્બલી' હતો, અલબત્ તેમના મિજાજમાં સખ્તાઈ હતી, પરંતુ એ અને તેના માનનારા સારા છે, પરંતુ હા.. જેઓ હદથી વધી ગયાં તેમાં 'ફસાદ'

આવી ગયો છે, 'અકીદા' તેમના એકસમાન છે, આ'માલમાં ફરક હન્ફી, શાફઈ, માલકી અને હમ્બલીનો છે.'

એક દેવબંદી-મૌલ્વી અન્વરશાહ કાશ્મીરી ઈબ્ને અબ્દુલવહહાબ નજદી વિશે લખે છે કે;

'એ માનવી જાહીલ હતો, ગુમરાહ હતો, ખુદ ગુમરાહ થયો અને બીજાઓને તેણે ગુમરાહ કર્યા.' ત્યાર પછી બીજો 'દેવબંદી મૌલ્વી' હુસૈન એહમદ ટાંડવી લખે છે કે, 'ઈબ્ને અબ્દુલવહહાબ નજદી જાહીલ હતો, બેવકૂફ હતો, ગુમરાહ હતો અને 'કાફીર' હતો.' ત્રીજો મૌલ્વી (દેવબંદી) ખલીલએહમદ અંબેઠવી લખે છે કે, 'ઈબ્ને અબ્દુલવહહાબ નજદી 'ખારજી' હતો.' અને એ બધાં 'દેવબંદી-મૌલ્વીઓ'ના કહેવાતા 'કુતુબ' મૌલ્વી રશીદ અહેમદ ગંગોહી 'ફત્વો' આપે છે કે, 'ઈબ્ને અબ્દુલવહહાબ નજદીના 'અકીદા' ઉમ્દા (ઉત્તમ) હતાં, તેના અનુયાયીઓ (વહાબીઓ) સાચા અને પાકા મુસલમાન છે.' ત્યારે પ્રશ્ન એ થાય છે કે, આમાં સાચો કોણ હતો? સુન્ની મુસલમાનોને છેતરવાની આમાં કોઈ તરકીબ હોવાની શંકા નથી થતી? 'શયખ' પણ ખુશ અને 'સુન્ની' પણ રાજી જેવું વલણ આમાં સ્પષ્ટ જોવામાં આવે છે, જે સુન્નીઓને 'ચક્કર'માં નાખવાની એક રીત છે, જોકે, 'તબલીગી જમાઅત'ના સર્વેસર્વા ગણાતા મૌલ્વી ઝકરિયા સહારનપુરીએ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે, તેઓ 'મોટા વહાબી' છે. (અલ્લાહ તઆલા 'વહાબીઓ'ના ફિત્નાથી સુરક્ષિત રાખે અને દેવબંદીઓની છેતરપીંડીથી આપણને બચાવે)

કંઈક એવા પ્રકારની બાબત મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી અને તેમની લખેલી કિતાબો 'તકવીયતુલ ઈમાન', 'સિરાતે મુસ્તકીમ', 'જીલાઉલઐન' અને 'ઐદાઉલહક' વિશેની છે, સામાન્ય રીતે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીને બધાં 'દેવબંદીઓ' તેમના 'ઈમામ' અને 'શહીદ' માને છે, બલ્કે 'દેવબંદી વર્ગ'ના પેશ્વા મૌલ્વી રશીદ એહમદ ગંગોહીએ તો તેમના 'ફત્વા'માં લખ્યું છે કે; 'મૌલ્વી

ઈસ્માઈલ દહેલ્વી 'શહીદ' અને 'ચોક્કસ જન્નતી' છે. જેમના ધર્મનો 'અકીદો' છે કે, અલ્લાહના મહાન, શ્રેષ્ઠ અને આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને દિવાલ પાછળ શું છે? તેની ખબર નથી એ 'ધર્મ'ના પેશ્વા મૌલ્વી ગંગોહીને ખબર પડી ગઈ કે, મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી 'ચોક્કસ જન્નતી' છે, એ કેટલું વિચિત્ર અને બેહુદુ કહેવાય?!'

એક 'વહાબી ઈતિહાસનવેશ' મીરઝા હયરત દહેલ્વીએ તેની કિતાબ 'હયાતે તયબહ'માં લખ્યું છે કે;

'આ (વહાબી) મઝહબની અસર ભારત (અને પાકિસ્તાન) અને 'નજદ'માં જેમની તેમ (એટલે પહેલાંની જેમ) બાકી છે અને એ દિવસે-દિવસે વધતી રહી છે. ઉપખંડમાં 'વહાબી મઝહબ'ની કિતાબો મોટા પ્રમાણમાં પ્રગટ થઈ રહી છે, ખાસ કરીને (મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ) 'તકવીયતુલઈમાન' અને 'સિરાતે મુસ્તકીમ' એ કિતાબોની અસર ભારતના મુસલમાનો પર ખુબ જ થઈ છે.'

ભારત-પાકિસ્તાનમાં મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ પ્રસિદ્ધ થઈ નહોતી ત્યાં સુધી ભારત-પાક.માં મુસલમાનો વચ્ચે કોઈ મઝહબી-વિવાદ નહોતો, ખુબી તો એ કે, ખુદ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ કિતાબ 'તકવીયતુલઈમાન' લખી હતી, એ કિતાબ હજી પ્રગટ થઈ નહોતી ત્યારે તેણે તેનો સ્વીકાર કર્યો હતો કે, મજકુર કિતાબમાં તેણે વધુ પડતી સખ્તાઈના શબ્દો લખી નાખ્યા છે, સામાન્ય ગુનાને 'શિર્ક' અને 'કુફ્ર' લખી નાખ્યા છે. આમ છતાં એ કિતાબ જેમની તેમ તેની મુળ સ્થિતિમાં પ્રગટ કરવામાં આવી અને આજે એકસો વર્ષ પછી પણ એ કિતાબ તેની મુળ સ્થિતિમાં 'દેવબંદી' અને 'અહેલેહદીસ' વર્ગ તરફથી છપાય છે, આ એક નક્કર હકિકત હોવા છતાં 'દેવબંદી વર્ગ'ના પેશ્વા અને 'કુતુબ' કહેવાતા મૌલ્વી રશીદ અહેમદ ગંગોહીએ મજકુર કિતાબ વિશે પોતાનો અભિપ્રાય આ શબ્દોમાં 'ફત્વા રૂપે' આપ્યો છે કે; 'કિતાબ

'તકવીયતુલઈમાન' કુર્આન અને હદીસ અનુસાર લખાઈ છે એ કિતાબનું વાંચવું, તેના પર અમલ કરવું અને તેને ઘરમાં રાખવી 'ઐન ઈસ્લામ' છે.'

મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કુખ્યાત કિતાબ 'તકવીયતુલ ઈમાન' વિશેની હકિકત જાણવા જેવી છે, તે એ કે, જે સમયે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી તાઅલીમ લઈને દિલ્હી અને તેની આસપાસના શહેરોમાં 'વાએઝ' કરતો હતો એ દિવસોમાં 'નજદ'થી 'વહાબી-ખારજી' મઝહબની કિતાબ 'કિતાબુત્તવહીદ' પ્રસિદ્ધ થઈ, જેનો લેખક મુહમ્મદ બિન અબ્દુલવહહાબ નજદી (શયખ નજદી) હતો, એ કિતાબ અરબીમાં છપાઈ હતી, ત્યાંથી પ્રથમ મુંબઈમાં આવી આ કિતાબના આગમન પહેલાં ભારતમાં ક્યાંયે પણ કોઈ 'વહાબી' નહોતો, ન તો કોઈ 'દેવબંદી' હતો, ત્યારે સર્વત્ર સીધા-સાદા અને ભલા-ભોળા મુસલમાનો હતાં, મુંબઈના 'વહાબી નજદી' એજન્ટોએ 'કિતાબુત્તવહીદ'ની નકલો બીજા ઉલ્માઓને મોકલાવી ત્યારે તેની એક નકલ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીને પણ મોકલાવી, બીજા તમામે તમામ ઉલ્માઓએ એ કિતાબના રદમાં કિતાબો અને લેખો લખ્યા અને સુન્ની જનતાને એ કિતાબ વાંચવા અને ખરીદવાની મનાઈ ફરમાવી, પરંતુ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીને એ કિતાબ ખુબ જ પસંદ પડી ગઈ, એ કિતાબમાં જે બાબતો લખેલી હતી એ તેને મનગમતી હતી, એવી કોઈ કિતાબ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ ભારતમાં જોઈ નહોતી, તેમાં જે 'અકીદા' મહત્ત્વના બતાવવામાં આવ્યા હતાં તેની સંક્ષિપ્ત વિગતો નીચે મુજબ છેઃ

(૧) હઝરત મુહમ્મદ રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અલ્લાહના રસુલ હતાં અને તેમની જીંદગીમાં તેમની ઈઝઝત અને હુરમંત બેશક હતી, પરંતુ હવે જ્યારે 'આપ' વફાત પામ્યા છે એટલે હવે તેમની ઈઝઝત અને તા'રીફ કરવી જરૂરી નથી અને આપને અલ્લાહ તઆલાએ લેશમાત્ર પણ 'ગયબનો ઈલ્મ' આપ્યો નહોતો.

(૨) કોઈ નબી અથવા કોઈ વલીને કોઈ પણ અખત્યાર અથવા એવો કોઈ

મરતબો મળ્યો નથી કે, તેઓ કોઈને મદદ કરી શકે જ્યારે મુહમ્મદ રસુલુલ્લાહને એવો કોઈ અખત્યાર નથી તો પછી અબ્દુલકાદર જીલાની (રદિયલ્લાહો અન્હો)ને એવો અખત્યાર હોઈ જ ન શકે.

(૩) કોઈ માનવી, કોઈ નબી અથવા વલીને મુશ્કેલીના સમયે પોકારે અને 'યા મુહમ્મદ', 'યા રસુલલ્લાહ' કહે એ ચોક્કસ 'મુશ્રીક-કાફીર' છે, તેવા માનવીને કતલ કરી દેવું 'વાજીબ' છે.

(૪) અત્યારના સમયમાં તમામ દુનિયાના મુસલમાનો હકિકતમાં 'મુશ્રીક' થઈ ચૂક્યા છે, કોઈ પણ 'તવહીદપરસ્ત' નથી, એટલે તેમના પર 'જેહાદ' ફર્ઝ છે.

(૫) રસુલે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના રોઝા મુબારકની 'ઝિયારત' અર્થે સફર કરવી 'શિર્ક' છે. હન્ફી, માલકી, શાફઈ, હમ્બલી વગેરે કહેવરાવવું 'બિદઅત' છે પણ ઈમામ'ની તકલીદ' કરવી સખ્ત ગુનાહ અને 'શિર્ક' છે, જે લોકો આ વહાબી-અકીદાને ન માને તેમનો 'કલ્મો' અને 'ઈમાન' વિશ્વાસપાત્ર નથી તેમના કતલ 'હલાલ' છે.. વગેરે.. વગેરે..!

મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ તેની ફીત્નાઅંગેઝ કિતાબ 'તકવીયતુલઈમાન'માં 'શયખ નજદી'ની કુખ્યાત કિતાબ 'કિતાબુત્તવહીદ'ના ઉપરોક્ત અકીદાઓને એકઠા કર્યા અને ઉપખંડના મુસ્લિમોની ઐક્યતાને ખંડિત કરી, એકસો વર્ષથી આ નાપાક કિતાબની નવી-નવી આવૃત્તિઓ પ્રસિદ્ધ થતી રહી છે, આ નવી 'આવૃત્તિઓ' ભારત-પાક.ના 'દેવબંદીઓ' છપાવીને દુનિયા કમાવી રહ્યાં છે, ત્યાર પછી 'દેવબંદી વર્ગ'ના મૌલ્વીઓ ખાસ કરીને મૌલ્વી ગંગોહીએ તેમના 'ફત્વાની કિતાબ' 'ફતાવા રશીદીયહ'માં મૌલ્વી થાન્વીએ તેમની કિતાબ 'તાલીમુલ ઈસ્લામ'માં 'તકવીયતુલઈમાન' કિતાબમાં લખાએલા 'અકીદાઓનો ધુમથી પ્રચાર કર્યો, આજે પણ એનો પ્રચાર 'દેવબંદી-પ્રેસ' જોરશોરથી કરી રહી છે.

અહીં એક હકિકતને સમજી લેવાની જરૂરત છે તે એ કે, 'દેવબંદી' ધર્મનો સ્થાપક મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી છે, મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતે 'ગયરમુકલ્લીદ' હતો, એ કોઈ 'ઈમામ'ને માનતો નહોતો એટલે એનો બનાવેલો 'ફીર્કો' સૌ પ્રથમ 'ઈસ્માઈલી મઝહબ'ને નામે શરૂ થયો હતો, પરંતુ ધીમે-ધીમે તે 'ફીર્કા'નું કેન્દ્રસ્થાન દેવબંદી મદ્રેસો બન્યો ત્યાર પછી એ દેવબંદીને નામે પ્રચલિત થયો જે આજે પણ 'દેવબંદી મઝહબ'ને નામે એ નામચીન છે. કહેવાનો મતલબ એ છે કે, ભારતમાં 'વહાબી ધર્મ'ને લાવનારા અને ફેલાવનારા મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી મુખ્ય છે અને મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીના 'મઝહબ'નો પ્રચાર કરનારા 'દેવબંદી પેશ્વાઓ' છે.

મક્કહ અને મદીનહના એ સમયના ઉલ્માઓએ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીની લખેલી કુખ્યાત કિતાબ 'તકવીયતુલઈમાન' વિશે જે 'ફત્વો' સાદર કર્યો છે તેને જોઈ લ્યો.

'(કિતાબ) 'તકવીયતુલઈમાન' માં લખાએલા 'અકીદાઓ' બેશક બાતિલ છે. કેમ કે, એ (અકીદાઓ) શયતાની ટોળી 'નજદીઓ' વડાની કિતાબ 'કિતાબુત્તવહીદ' (જેનો લેખક ઈબ્ને અબ્દુલવહહાબ નજદી છે)ને અનુરૂપ છે એટલે કિતાબ 'તકવીયતુલઈમાન'નો લેખક (મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી) 'દજ્જાલ' અને જુઠો છે, એ ઈસ્માઈલ દહેલ્વી અલ્લાહ તઆલા અને તેના 'ફરિશ્તા' અને તમામ જહાનની લાઅનતનો અધિકારી છે.'

મક્કહના ઉલ્માઓ

(૧) અબ્દહુ શયખ ઉમર, (૨) અહેમદ દેહલાન મુફ્તિ મક્કહ મુઅઝઝમહ, (૩) અબ્દહુ અબ્દુર્રહમાન, (૪) મુહમ્મદ અલબકી મુફ્તિ મક્કહ

મદીનહ તયબહના ઉલ્માઓ

(૧) અસ્સૈયદ અબુમસ્ઉદ અલહન્ફી અલમુફ્તિ મદીનહ આલીયહ, (૨) મુહમ્મદ બાલી, (૩) સૈયદ યુસુફ અલઅરબી, (૪) સૈયદ

અબુમુહમ્મદતાહીર સીદીકી, (૫) અબુસ્સઆદાત મુહમ્મદ, (૬) અબ્દુલકાદર દત્યાવી, (૭) મુહમ્મદ અશરફ ખુરાસાની, (૮) શમ્શુદ્દીન બીન અબ્દુર્રહેમાન.

હવે શાંત ચિત્તે ઉપરોક્ત હકિકતને વિચારો કે, કિતાબ 'તકવીયતુલઈમાન'ના લેખક મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી સ્વયં એકરાર કરે છે કે, મારી કિતાબમાં ક્યાંક-ક્યાંક 'સખ્ત શબ્દ'નો ઉપયોગ થયો છે, સામાન્ય ગુનાહને મેં 'કુફ્ર' અને 'શિર્ક' લખી દીધું છે તેમ છતાં 'દેવબંદી વર્ગ'ના 'કુતુબ' મૌલ્વી ગંગોહીએ કિતાબને 'કુર્આન' અને 'હદીસ' મુજબની બતાવે તેમાં 'વ્યક્તિ પરસ્તી' નથી દેખાતી? ત્યાર પછી પોતાના એક 'જુઠાણા'ને નિભાવવા માટે મૌલ્વી ગંગોહીએ 'તકવીયતુલઈમાન'ના લેખક મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીને 'ચોક્કસ જન્નતી'ની 'સર્ટીફીકેટ' પણ આપી દીધી, હવે એક હૈરતનાક હકિકતને પણ જોઈ લો, 'તકવીયતુલઈમાન' કિતાબના લેખક મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ એક બીજી 'વિવાદાસ્પદ' કિતાબ પણ લખી હતી, એ કિતાબનું નામ 'ઐદાઉલહક' આ કિતાબ 'ઐદાઉલહક'માં મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ એક 'નવો અકીદો' જાહેર કર્યો છે. લખ્યું છે કે, 'અલ્લાહ તઆલાને 'ઝમાન' અને 'મકાન' વગેરેથી પાક સમજવું એ 'હકીકી બિદઅત' છે. એટલે એ કે, અલ્લાહ તઆલાને પણ 'મકાન'ની જરૂરત છે, કેટલી વાહિયાત વાત લખી દીધી? આ લખાણને કોઈએ મૌલ્વી ગંગોહીને મોકલાવીને લખાણ લખનાર સંબંધે 'ફત્વો' પૂછ્યો, તો મૌલ્વી ગંગોહીએ જે માનવી (ઈસ્માઈલ દહેલ્વી)ને એક વખત 'ચોક્કસ જન્નતી'નો ફત્વો આપ્યો હતો એ જ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીને તેની કિતાબ ઐદાઉલહકના ઉપરોક્ત લખાણ પરથી 'અહેલેસુન્નતથી ખારીજ' હોવાનો 'ફત્વો' આપી દીધો.

એ રીતે 'દેવબંદી વર્ગ'ના બીજા પેશ્વા મૌલ્વી અશરફઅલી થાન્વી જયારે કાનપુરમાં મસ્જિદમાં 'નોકરી' કરતાં હતાં ત્યારે તેમના સ્વમુખે એકરાર કર્યો હતો કે, તેઓ 'વહાબી' છે, પરંતુ જયારે 'દેવબંદી મૌલ્વીઓ'ને મક્કહ અને મદીનહના ઉલ્માઓએ પૂછ્યું કે, તેઓ મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદી

વિશે કેવા પ્રકારનો અકીદો ધરાવો છો? તેના જવાબમાં એ સમયના લગભગ 'દેવબંદી પેશ્વાઓ' એ લખી દીધું હતું કે, 'તેઓ (દેવબંદી પેશ્વાઓ) મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદીને 'ખારજી' અને 'કાફીર' સરજે છે.' આ જવાબ હેઠળ પોતાને 'વહાબી' તરીકે ઓળખાવનાર મૌલ્વી અશ્રફઅલી થાન્વીએ પણ સહી કરી આપી હતી. શું કહેશો એ બેધારી નીતિને? 'વહાબી' હોવામાં સહી અને 'વહાબી'ને 'કાફીર' કહેવામાં પણ દસ્તખત, કદાચ કોઈ 'જંગલો' કહેતો હોય કે, મૌલ્વી અશ્રફઅલી અજ્ઞાન હતાં, જાહીલ હતાં, એટલે આમ થઈ ગયું હશે તો તેનો જવાબ એ છે કે, દેવબંદીઓના 'હકીમુલ ઉમ્મત' કહેવાતા મૌલ્વી થાન્વી અગર જાહીલ હોય તો તેમના માનનારા કેવા હશે? એ તેમને વિચારવું રહ્યું.

આપણો દાવો જ માત્ર નથી, ઉપરોક્ત દસ્તાવેજ હકિકતોથી સ્પષ્ટ સાબિત થાય છે કે, ભારતમાં સૌ પ્રથમ 'વહાબી ધર્મ'નો પ્રચાર કરનારા અને તેને અપનાવનારા 'દેવબંદીઓ' અને 'ગયર મુકલ્લીદો' હતાં અને છે, ચાહે તેઓ 'વહાબી' હોવાનું સ્વીકારે અથવા ન સ્વીકારે, પુરાવા સ્પષ્ટ બતાવે છે અને પુરાવા એટલાં સ્પષ્ટ છે કે, તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

★★★

ઘરની ગવાહી

ભારત અને પાકિસ્તાનમાં 'નજદી-સઉદી' વર્ગના પ્રખર પ્રચારકોમાં 'દેવબંદી-મવદુદી-અહેલેહદીસ અને તબ્લીગી' વર્ગના ઉલ્માઓ હંમેશા મોખરે રહ્યાં છે, એ તો જગમશહુર હકિકત છે, આમાં લખનવ (ઉત્તર પ્રદેશ)ની એક સંસ્થા જે 'નદવહ'ને નામે નામચીન છે, આ સંસ્થાના મૌલ્વીઓ તેમની ઉત્પત્તિથી લઈને આજ સુધી 'વહાબી વર્તુળ'ની હિમાયતમાં વિપુલ સાહિત્ય પ્રગટ કર્યું છે. કહેવાને માટે એ સંસ્થા તેને મઝહબી વાદ-વિવાદથી પર બતાવે છે, આ સંસ્થાની એક જવાબદાર વ્યક્તિ જેનું નામ મસઉદ આલમ નદવી છે

તેણે એક પુસ્તક 'મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદી'ને નામે પ્રગટ કરીને 'સઉદી-નજદી' વર્ગની ખુલ્લી હિમાયત જાહેર કરી છે, એવી રીતે 'દેવબંદી-મવ્દુદી-તબ્લીગી અને અહેલેહદીસ' વર્ગો તરફથી 'વહાબી સઉદી' વર્ગની હિમાયતમાં ખુબ ખુબ સાહિત્ય પ્રચાર થયું છે, તેમાં 'મવદુદી' અને 'અહેલેહદીસ' વર્ગને બાદ કરતાં 'દેવબંદી' અને 'તબ્લીગી' એ બે વર્ગ એવા છે જેમણે પોતાની જાતને 'વહાબી'ની છાપ લાગી જાય નહીં એટલાં ખાતર 'વહાબી-સઉદી'ની હિમાયતની સાથે-સાથે તેની વિરૂદ્ધમાં પણ લખ્યું છે. આમ કરીને તેમણે 'દૂધ અને દહીં બન્નેમાં પગ' રાખીને પોતાને 'તટસ્થ' દેખાડવાના પ્રયાસો કર્યા છે. દા.ત. 'દારૂલ ઉલુમ' (દેવબંદ)ના 'શયખુલહદીસ' મૌલ્વી અન્વરશાહ કશ્મીરીએ મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદી વિશે તેમની કિતાબ 'ફયઝુલબારી' માં લખ્યું છે કે; 'મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદી બેહદ બેવકુફ અને કમ ઈલ્મ શખ્સ હતો અને એ મુસલમાનો ઉપર 'કુફ્ર'નો હુકમ લગાવવામાં જરા પણ અચકાતો નહોતો.'

'દેવબંદી-વિચારસરણી'ના પ્રખર હિમાયતી અને પ્રચારક અને ખાદીધારી મૌલ્વી હુસૈન એહમદ ટાંડવીએ તેની કિતાબ 'શિહાબ સાકિબ'માં લખ્યું છે કે; 'વહાબીઓની જીભે અનેકવાર સાંભળવામાં આવ્યું છે કે, 'અસ્સલાતો વસ્સલામો અલયકા યા રસુલલ્લાહ' કહેવાની સખ્ત મનાઈ કરતાં હતાં અને 'હરમૈન શરીફૈન' (મક્કહ અને મદીનહ)માં એ 'નિદા' (પોકાર) કરનારાઓ પ્રત્યે સખ્ત નફરત કરતાં હતાં અને તેમના માટે અપશબ્દો ઉચ્ચારીને તેમની મઝાક ઉડાવતાં હતાં. મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદી તેરમી સદીની શરૂઆતમાં 'નજદ'થી જાહેર થયો, તેના 'અકીદા' અને 'વિચારો' બાતિલ હતાં, તેણે 'અહેલેસુન્નત વ જમાઅત'થી જંગ કરી, તેમને કતલ કર્યા, તેમને પોતાના (બાતિલ) વિચારો અપનાવવા માટે ખુબ-ખુબ તકલીફો આપી; તેમના માલ-મિલ્કતને 'માલેગનીમત' અને પોતાને માટે 'હલાલ' સમજીને લૂંટ્યા, તેમને

કતલ કરવાને એ 'રહેમત' અને 'સવાબ' સમજતો હતો, તેણે મક્કા-મદીનહ અને 'હિજાઝ'ના લોકો પર ખુબ-ખુબ જુલ્મો કર્યા, મર્હુમ બુઝૂર્ગોની શાનમાં ગુસ્તાખી અને બેઅદબીના શબ્દોનો બેફામ ઉપયોગ કર્યો, અનેક લોકોને એ કારણે મક્કહ અને મદીનહ છોડીને ભાગી જવું પડ્યું અને હજારો માણસો તેની ફૌજના હાથે 'શહીદ' થઈ ગયાં, મતલબ એ કે, મુહમ્મદ બીન અબ્દુલ વહહાબ નજદી એક ઝાલીમ, બાગી, ખુંખાર અને ફાસિક શખ્સ હતો, એ કારણે (એ સમયના) અરબોને તેના પ્રત્યે એટલી હદે ધિક્કારની ભાવના હતી જેટલી યહુદી, નસ્રાની, મજૂસી અને હિન્દુઓથી નહોતી.

ઉપરોક્ત કથનો 'દેવબંદી-મૌલ્વી' હુસૈન એહમદ ટાંડવીના છે જે તેમણે તેમની કિતાબ 'શિહાબ સાકિબ'માં લખ્યાં છે, પરંતુ બીજા 'દેવબંદી મૌલ્વી' મન્ઝુર નુઅમાનીએ લખ્યું છે કે; 'મૌલ્વી હુસૈન એહમદ ટાંડવી સાથે મારે ચર્ચા થઈ ત્યારે મેં સાબિત કરી આપ્યું કે, જેવી રીતે તેઓ (હુસૈન એહમદ) સમજી રહ્યાં હતાં એવા 'અકીદા' અને 'વિચારો મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદીના નહોતાં, ત્યારે તેમણે (હુસૈન એહમદ ટાંડવીએ) તેનો સ્વીકાર કરીને પોતાના લખાણ માટે પોતાની ભૂલોનો સ્વીકાર કર્યો હતો.

છે ને, દૂધ અને દહીં બન્નેમાં પગ રાખવાની વાત..! જુઠાઓ પર લા'અનત ખુદાની..!!

નામચીન 'દેવબંદી મૌલ્વીઓ' ખલીલ એહમદ અંબેઠવી, અશ્રફઅલી થાન્વી, શબ્બીર એહમદ ઉસ્માની અને હબીબુર્રહમાન દેવબંદી અને બીજાઓની સહી સાથે એક જવાબં કિતાબ 'અત્તસ્કીદાત લીદ્દફઉત્તલબીસાત'માં છે, જેમાં લખ્યું છે કે;

'અમારી નજીક તેનો એ જ હુકમ છે જે અલ્લાહમ શામી (રહેમતુલ્લાહ અલયહે) તેમની કિતાબ 'શામી'ના હાંશિયામાં લખ્યો છે, જેમ કે અમારા ઝમાનામાં મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદીના અનુયાયીઓ (વહાબીઓ)

સરઝમીન 'નજદ'થી નીકળીને 'હરમૈન શરીફૈન' પર કબ્જો કર્યો, તેઓ (વહાબીઓ) પોતાને 'હમ્બલી મઝહબ'ના બતાવતાં હતાં, પરંતુ તેમનો એ 'અકીદો' હતો કે, તેઓ જ માત્ર મુસલમાન છે અને જે કોઈ તેમના 'અકીદા' વિરૂદ્ધ હોય છે એ 'મુશ્રીક' છે આ કારણે તેમણે (વહાબીઓએ) 'અહેલે સુન્નત' અને 'ઉલ્મા-એ-અહેલે સુન્નત'ને કતલ કરવાને 'સવાબ' સમજી લીધું હતું. એટલે સુધી કે, અલ્લાહે તેમની શવકત તોડી પાડી.'

'દેવબંદી વર્ગ'ના પેશ્વા મૌલ્વી રશીદ એહમદ ગંગોહીએ એક સવાલનો જવાબ તેમની કિતાબ 'ફતાવા રશીદીયહ'માં આ શબ્દોમાં આપતાં લખ્યું છે કે;

'મુહમ્મદ બીન અબ્દુલવહહાબ નજદી સારો માણ હતો, એ 'શિર્ક' અને 'બિદઅત'થી રોકતો હતો, તેના 'અકીદા' સારા હતાં, પરંતુ તેમાં સખ્તાઈ વધુ હતી.'

ઉપરોક્ત અભિપ્રાયને પુનઃ વાંચી જાવ, એક જ (દેવબંદી) 'વર્ગ'ના મૌલ્વીઓના જુદા જુદા મંતવ્યો, એક કહે છે કે, એ (નજદી) 'કાફીર' હતો, મોટો બેવકુફ અને જાહિલ હતો... તો બીજો લખે છે કે, એ 'ખારજી' હતો.. ત્રીજો લખે છે કે, એ પાકો અને સાચો મુસલમાન હતો, તેના 'અકીદા' સારા હતાં... આને 'દૂધ-દહીં' બન્નેમાં પગ રાખવાની નીતિ ન કહેવાય તો બીજું શું કહેવાય?

દુનિયામાં 'વહાબી ધર્મ'ના ક્યાંયે કદમ મજબુત થયાં નથી. જો કે, 'ધર્મ'ને ફેલાવવા માટે છેલ્લા દૌરમાં લખલુંટ દૌલત ખર્ચવામાં આવી છે, 'વહાબી ધર્મ'ના પ્રચાર માટે ઠેરઠેર સંસ્થાઓ ઉભી કરવામાં આવી છે, દેશ-દેશમાં 'ઝમીર ફરોશ ઉલ્માઓ'ને ખરીદવામાં આવ્યા છે. આમ છતાં 'વહાબી ધર્મ'નો ફેલાવો થઈ શક્યો નથી એ એક ઈતિહાસ પ્રસિદ્ધ હકિકત છે.

'વહાબીઓ'એ 'અહેલેસુન્નત' ઉપર જે જુલ્મો કર્યા એ જગજાહેર છે જો કે, એ 'ગઈકાલ'ની વાત બની ગઈ છે, પરંતુ તેમના જુલ્મોની દિલ કંપાવી દેનારી

એક હકિકત એ છે કે, તેમણે મક્કહ-મદીનહ અને બીજા સ્થળેના કબ્રસ્તાનોને મિસ્માર કરી દીધાં, ત્યાંની મુકદ્દસ કબ્રોના 'કુબ્બા'ને તોડી પાડ્યાં, કબ્રોની બેહુરમતી કરી તેની દાસ્તાન દિલ કંપાવી નાખનારી છે, સુન્ની મુસલમાનો તેને એક ભયાનક અને દિલ કંપાવનારી બાબત સમજે છે, પરંતુ સુન્ની (બરેલ્વી) વર્ગના કટ્ટર વિરોધી અને 'દેવબંદી-વર્ગ'ના પ્રખર પ્રચારક તરીકે નામચીન એવા આંજહાની 'શોરીશ' કાશ્મીરી હતાં, જેમણે વર્ષો સુધી લાહૌર (પાકિસ્તાન)થી 'ચટ્ટાન' નામનું સાપ્તાહિક કાઢતાં હતાં. તેઓ તેમના સાથીદારો સાથે ચૌદ દિવસના અરબના પ્રવાસે ગયાં હતાં, જ્યાં તેમણે તેમની આંખોથી જે કંઈ જોયું તેને એક પુસ્તિકામાં લખ્યું છે. એ પુસ્તિકાનું નામ 'શબ જાએ કે મન બૂદમ' છે, આ પુસ્તિકા લખી તે પહેલાં કદાચ તેમને એવો અહેસાસ થયો હોય કે, વર્ષો સુધી તેમણે 'દેવબંદી' અને 'અહેલેહદીસ' વર્ગોની હિમાયત કરીને 'બરેલ્વી' (સુન્નીઓ)ને ભાંડવામાં તેમણે મોટામાં મોટી ભુલ કરી હતી એ તો માત્ર કલ્પના છે, તેનો હકિકત સાથે કંઈ જ સંબંધ નથી.

જ. 'શોરીશ' કાશ્મારીએ અરબસ્તાનની ચૌદ દિવસની યાત્રાએથી પાછા ફરીને ત્યાં જે કંઈ તેમની આંખેથી જોયું છે તેને લખીને તેની પુસ્તિકા પ્રગટ કરી છે, એ પુસ્તિકાનું નામ તેમણે 'શબ જાએ કે મન બૂદમ' રાખ્યું છે. જેનો ભાવાર્થ એ થાય છે કે, 'રાત વિતતી રહી અને દિલ ડૂબતું રહ્યું.'

'શોરીશ' કાશ્મીરી એક સિદ્ધહસ્ત કલમદાર તરીકે જાણીતા હતાં, તેમણે જિદ્દાહથી લઈને મદીનહ સુધીમાં 'વહાબી'ઓએ જે 'દિલઆઝાર કારનામા' કર્યા છે તેને સાદૃશ્ય કર્યા છે, આપણે તેને ધ્યાનપૂર્વક જોઈએ.

જ. 'શોરીશ' કાશ્મીરી ૧૯૬૯ માં સઉદી અરબમાં ચૌદ દિવસ વિતાવ્યા ત્યાં તેમણે તેમની આંખોથી જે કંઈ જોયું તેને એક પુસ્તિકામાં તેમના પ્રત્યાઘાતરૂપે રજુ કર્યા છે, તેમાંના પ્રત્યાઘાત બે પ્રકારના છે. તેમનું કથન છે કે, એક તરફ સઉદી અરબમાં લંડન, પેરીસ અને ન્યૂયોર્કને મ્હાત કરી દેતી વિશાળ

સડકો છે, ફલકબોસ ઈમારતો છે, ચમકતી શાનદાર મોટરો છે, આધુનિક 'પંચતારક' હોટલો છે, બીજી તરફ અલ્લાહના આખરી રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના મહાન અને જાંનિશાર સહાબા-એ-કિરામ અને આપના નજીકના સગાઓની વેરાન થયેલી કબરો છે. 'શોરીશ' કાશ્મીરીએ તેમની પુસ્તિકા 'શબ જાએ કે મન બૂદમ'માં લખ્યું છે કે;

'જિદ્દાહ'માં હવે બે વસ્તુઓ 'પુરાની' (એટલે ઈસ્લામી) રહી છે, એક ભાષા એટલે જબાન અને બીજી 'અઝાન' બાકી તમામે તમામ વસ્તુઓ ઉપર 'યુરોપ'ની 'છાપ' લાગી ચૂકી છે, અરબોનો 'ખાસ પોષાક' હતો તેમાં પણ 'મિશ્રણ' થઈ ગયું છે, 'કતઅ' છે તો 'વઝઅ' નથી અને 'વઝઅ' છે તો 'કતઅ' નથી. 'વઝઅ'નો 'ભરમ' ઝાંખો છે તો 'કતઅ'નો રખરખાવ નથી. મતલબ એ કે, 'અરબ' તો છે પણ અરબ 'મહારબહ' પણ છે અને અરબ 'મુસ્તઅરબહ' પણ પરંતુ 'કુર્આની ભૂમિ'ના અરબ અહીં હવે માટી અને પાણીના આધુનિક ઢાંચામાં ઢળી ગયાં છે, એ અરબો આંધીઓ અને તોફાનોથી ખેલનારા હતાં. અરે એ સ્વયં 'મહાતોફાન' જેવા હતાં અને અત્યારે જે અરબો છે એ કિનારાના ચાહકો છે. કિનારાના પ્રેક્ષકો છે, જેઓ કિનારા પર ઉભાં રહીને સ્વયં એક 'કિનારો' થઈ ગયાં છે, અત્યારે એમ કહેવું મુશ્કેલ છે કે, ભુતકાળ સાથે તેમનો કોઈ સંબંધ રહ્યો નથી, અલબત્ એ કહેવું ગલત નથી કે, તેમનો ભુતકાળ તેમનાથી સદંતર વંચિત થઈ ચૂક્યો છે, એ ચિરાગની જેમ યાદો અને સ્મરણોના મઝાર પર ભુલાઈ-વિસરાએલી 'ચમક' આપતો હોય છે.'

'જિદ્દાહ બંદર' 'લાલ મસુદ્રની મહારાણી' ગણાય છે. તેના મોજાંઓ તેના કિનારાથી માથાં ટકરાવીને પાછા હટી જતાં હોય છે, જહાજો આવે છે અને ચાલ્યા જાય છે. કરોડોનો માલ અહીં ઉતારતા જાય છે, એ 'માલ' 'હિજાઝ'ની બજારોમાં બેફામ વેંચાય છે, કોઈ પણ પ્રકારની રોકટોક વગર આજના અરબોમાં કોઈ 'તારીક' નથી જે ઉછળતા મોજાંઓમાં ઉતરી જાય, જહાજોને પોકારીને

તેના 'બાદબાન' ખોલી નાખે, તેના 'સાથીઓ'ને ઉદ્દેશીને કહી દે કે, 'આપણે આપણા વતનથી ઘણે દૂર છીંએ, પાછા ફરવા માટે કોઈ રાહ નથી.' તેનો જવાબ એ હતો કે, 'અહીં વતનથી ઘણે દૂર પાછો ફરવા માટે આવ્યો જ કોણ છે? અરે અહીં (સ્પેનમાં) આપણે આપણાં કદમ જમાવવાના છે, ઈસ્લામનો 'પરચમ' આપણે આપણી હંમેશાની 'આરામગાહ' બનાવીશું.' કેટલો મજબુત 'ઈમાન' હતો ઈસ્લામના એ 'મુજાહીદ' તારીક બીન ઝિયાદનો? કેટલા હિંમતવાન હતાં તેની સાથે આવેલા ગણ્યા-ગાંઠ્યા સૈનિકો? લાખો સલામ એ મુજાહિદોને..!'

જ. 'શોરીશ' કાશ્મીરીએ તેમની કિતાબ 'શબ જાએ કે મન બૂદમ'માં આગળ જતાં લખ્યું છે કે;

'જિદ્દાહ ક્યારેક હતો એવો બંદર આજે રહ્યો નથી, આજે તો એ 'બૈરૂત'નો 'હમઝુલ્ફ' (સાઢુભાઈ) છે, અરબોની દૌલત બૈરૂત પછી અહીં ખર્ચાય છે, એ એક 'ખુલ્લી માર્કેટ' છે જ્યાં યુરોપની સંસ્કૃતિ તેની બનાવેલી વસ્તુઓની સાથે વેંચાય છે. યુરોપે ઐયાશીઓની વસ્તુઓની જેટલી શોધો કરી છે એ વસ્તુ અહીં વિશાળ પ્રમાણમાં વેંચાય છે. કપડો છે તો તેના ભરચક બજારો છે, એકથી વધીને એક, વિચારોથી પણ વધુ નાજુક, પ્રશ્ન રૂપિયો નથી, તેલ અને સોના એ અરબોને એટલી દૌલત આપી દીધી છે કે, હવે તો તેમને માટે સવાલ વાપરવાનો રહ્યો છે, ખર્ચ કરવાનો, અરબના 'શયખો' કિંમત પૂછતાં નથી, પૈસો લૂંટાવે છે..! તેમની દૌલત વસ્તુને શોધતી હોય છે, તેને માટે હરણફાળ ભરતી હોય છે. 'જિદ્દાહ'ની પ્રત્યેક રાત્રી પર 'અલીફ લૈલા' છવાયેલી છે. 'અલીફ લૈલાની દાસ્તાન' એ કહાણીઓનો ભંડાર છે, તેના સૌદાગરો મહેફીલો સજાવીને ઊંટોની કતારોમાં 'સારબાનો'ની સાથે ચાલતાં હતાં અને રણપ્રદેશમાં જ્યોત જગાવતાં હતાં, હવે અહીં 'ઉમ્વીઓ'ના 'દમીશ્ક'ના 'સુબ્હે-નિગારખાના' અને 'અબ્બાસીઓ'ના 'બગદાદ'ના 'શબ મયખાના' પ્રત્યેક પળે યુવાન છે, તેની 'માર્કેટ' 'પુરાતન અકકાઝ'ની

બજારોની 'રિવાયતો'ને ઝુઠલાવી ચૂકી છે. બલ્કે, તેનાથી પણ ઘણે આગળ નીકળી ચૂકી છે. અરબોની જમીનનું 'રોગન' અને અરબોના શરીરનું લોહી 'પશ્ચિમ' લગાતાર ખેંચતું રહ્યું છે. આજે પણ એ ક્રમ જારી છે. 'જિદ્દાહ'ની ઈમારતો ખુબ જ બુલંદ છે, બેહદ મજબુત છે, ક્યારેક અરબો કદાવર હતાં, ઊંચા અને મજબુત હતાં હવે તેમની ઈમારતો ઊંચી અને મજબુત છે..! 'જિદ્દાહ' 'દુલ્હો' છે અને અરબો તેના 'બારાતી-જાનૈયા' છે. હું પ્રત્યેક પળ એ શોધતો રહ્યો કે, 'જિદ્દાહ'માં કુર્આનની ભૂમિની તલાશ કરૂં પણ અફસોસ..! મને તેમાં સફળતા મળી નહીં..!! ઊંટોને શોધતો રહ્યો તો મોટરો જોવા મળી, મોટી મોટી મોટરો, એયરકન્ડીશન્ડ મોટરો, રંગ-બેરંગી મોટરો, આપણે ત્યાં પતંગો ઉડે છે એવી રીતે ઉડતી-ફરતી મોટરકારો, એ મોટરકારો જેનો ઉપયોગ તેને બનાવનારા દેશોના લોકો પણ કરી શકતાં નથી, એવી હજારો મોટરો અહીં 'ફર્રાટા ભરતી' જોવામાં આવે છે.'

જ. 'શોરીશ' કાશ્મીરીએ જિદ્દાહની મસ્જિદો વિશે લખ્યું છે કે;

'જિદ્દાહ'માં મસ્જિદો પણ છે, પરંતુ એકાદ-બે મસ્જિદો સિવાય કોઈ 'શાનદાર મસ્જિદ' નથી. જો કે, એક-બે મસ્જિદો સંબંધે 'શાનદાર' શબ્દનો ઉપયોગ પણ વધુ પડતો ગણાય..! 'મસ્જિદે હન્ફી' પણ છે, 'મસ્જિદે શાફઈ' પણ છે, 'મસ્જિદે માલીકી' પણ છે અને 'મસ્જિદે અક્કાશહ' પણ છે, 'મદીનતુલ હુજ્જાજ'માં પણ ખુબસૂરત 'મસ્જિદે નબી' છે એ મસ્જિદોને જોઈને 'ફર્ઝ'નો અહેસાસ જરૂર થાય છે, પરંતુ 'શાનદાર' હોવાનો અહેસાસ થતો નથી. 'કપડાં માર્કેટ'ની લગોલગ એક નાનકડી ગલી છે તેમાં એક નાનકડી મસ્જિદ છે, એવી મસ્જિદ જેવી આપણે ત્યાંના ગામડાંમાં હોય છે. 'બદવીયત'ની યાદગાર..! પરંતુ બુલંદ અને કદાવર ઈમારતોની બાજુમાં તેનું અસ્તિત્વ જાણે એવું લાગે છે જેમ 'અલીફ'ની સાથે 'હમ્ઝહ', આ મસ્જિદો પર બુલંદ મિનારા નથી, વર્તમાન સમયની 'સઉદી-નજદી' હકુમતે

'રિસાલત'ના સમયની યાદગારો, 'સહાબા-એ-કિરામ' અને 'અહેલેબયત'ની કબ્રોની નિશાનીઓને છે ક જ ભૂંસી નાખી છે, જે વસ્તુઓને જે યાદગારોને શોધી-શોધીને તેનું 'રક્ષણ' કરવાની જરૂર હતી તેને શોધી-શોધીને મિટાવી દેવામાં આવી છે, તેની નિશાની શુદ્ધાં રહેવા દીધી નથી. ત્યાંના 'દુભાષિયા' જે બતાવે છે તેને આપણે સ્વીકારવું જ પડે છે, 'સઉદી-નજદી' હુકુમતની નજીક એ પુરાતન કબ્રો-એ યાદગારોને જેમની તેમ રાખવી 'બિદઅત' છે, એ 'તવહીદ'ના 'અકીદા'થી સદંતર વિરૂદ્ધ છે, 'સુન્નતે રસુલ'ના 'ખિલાફ' છે. કેમ કે, એ પુરાતન છે, 'જિદ્દાહ'માં જ નહીં આખાએ 'હિજાઝ'માં આ પરિસ્થિતિ છે. બલ્કે રોજબરોજ એ વિસ્તરી રહી છે. શું કુર્આન અને 'સુન્નત'ના એ કથનો તેને લાગુ પડતાં નથી કે, ઠેરઠેર હોટલોમાં શાહ ફયસલની (અને હવે શાહ ફહદની) મોટી મોટી તસ્વીરો લટકેલી જોવામાં આવે છે? એ તસ્વીરોની વ્યવસ્થા ત્યાંની 'હકુમતે' કરી છે. એરપોર્ટ પર કદમ મુકતાંની સાથે એ 'તસ્વીર' સીધી જ નજરે પડે છે. 'કહવાખાના' અને રેસ્ટોરન્ટમાં એ તસ્વીરો ઠેરઠેર લાગેલી જોવામાં આવે છે, તેમાં કોઈ 'બિદઅત' નથી? કોઈ બુરાઈ નથી? શું 'બિદઅત' આપણા મહાન બુઝૂર્ગોની 'યાદગીરી'ને બનાવી રાખવા અને તેને 'સુરક્ષિત' રાખવામાં જ છે? 'હિઝાઝ'ના 'અમીરો' અને 'શયખો' અને તેના 'શાહી ખાનદાનના સભ્યો' સોના અને ચાંદીના તાર લગાવેલા ભારે કિંમતી રેશમના બનાવેલા ગાદલાઓ ઉપર આરામની ઊંઘ લઈ રહ્યાં છે, એમાં તેમને ન તો કોઈ 'બિદઅત' દેખાય છે, ન 'શિર્ક' નજરે પડે છે અને ન તો 'કુફ્ર' જોવા મળે છે, આ વીસમી સદીની વિસ્મયતા નહીં તો બીજું શું છે?'

'જિદ્દાહ' ખાતે કસ્ટમ્સની વ્યવસ્થા વિશે જ 'શોરીશ' કાશ્મીરીએ લખ્યું છે કે;

'કસ્ટમ્સની ચેકીંગ માત્ર શરાબ અને ચરસ અને કિતાબો પુરતી કડક છે. શરાબ, ચરસ, હેરોઈન અગર તો એવી બીજી માદક વસ્તુઓ માટે સખ્તાઈ

હોય તે વ્યાજબી કહી શકાય, પરંતુ કિતાબો અને અખબારો માટે સખ્તાઈ શા માટે? કિતાબો અને અખબારોને 'કસ્ટમ્સ' 'સેન્સર' કરતી નથી, બલ્કે જેની પાસે હોય તેની પાસેથી એ વસ્તુઓ લઈને ત્યાંના 'શિક્ષણ વિભાગ'ના કર્મચારીઓ પર એ નિર્ભર હોય છે કે, તેનું ચેકીંગ સપ્તાહોમાં કરે અગર તો મહિનાઓમાં એ ચાહે તો 'જપ્ત' કરી લ્યે અને ઈચ્છે તો પાછી આપી દે, મારી પાસે ડૉ. ઈકબાલની લખેલી કિતાબ 'ફયઝાને-ઈકબાલ' હતી તેને લઈ લેવામાં આવી, હું પંદર દિવસે પાછો ફર્યો ત્યાં સુધી એ કિતાબ સેન્સર થઈ નહોતી. કિતાબો 'શિક્ષણ-વિભાગ'ના દફતરમાં કચરાના ઢગલાંની જેમ પડી હોય છે. કુર્આને પાકના તરજુમાં તેમાં પડ્યાં હોય છે જેનો ત્યાં લેશમાત્ર 'એહતરામ' કરવામાં આવતો નથી, એ દફતરમાં જે કોઈ બેઠો હોય છે તેની ઈચ્છા 'સેન્સર' છે, તેની ફુરસદનું નામ સમય છે, મેં તેના વડાને ખુબ-ખુબ સમજાવ્યા કે, મારી લાવેલી કિતાબમાં કંઈ જ વાંધાજનક નથી, આ કિતાબ 'ફયઝાને-ઈકબાલ' એવા શાયરની લખેલી છે જે 'હિઝાઝ'ના ઈશ્કમાં ડૂબેલો હતો, પરંતુ કોણ સાંભળે?! કોઈએ દાદ આપી નહીં અને મારે કિતાબ 'ફયઝાને-ઈકબાલ' ત્યાં જ રાખી દેવી પડી.

જ. 'શોરીશ' કાશ્મીરીએ તેની કિતાબ 'સબ જાએ કે મન બૂદમ' માં 'શિર્ક' અને 'ઈશ્ક' વિશે લખ્યું છે કે; 'મેં મારા સાથી જેનું નામ સુહયલ હતું તેને ઉદ્દેશીને કહ્યું કે, આખર આ પ્રકારની બેપરવાઈ અને 'યાદગાર ફરમોશી'નું કારણ શું છે? જે સ્થાનોને કુર્આન, સિરત, હદીસ અને ત્વારિખે 'સંપુર્ણ સુરક્ષિત' કરી દીધાં હોય તેના પ્રત્યે આ પ્રકારનું કઠોર વર્તન વ્યાજબી છે? અગર એ 'યાદગાર વસ્તુઓ'ને મક્કહમાંથી કાઢી નાખવામાં આવે ત્યાર પછી મક્કહ પાસે શું રહી જાય છે? 'બયતુલ્લાહે' મક્કહને મેઅરાજ બખ્શી, પરંતુ 'મેઅરાજ'ને જે 'સાહિબે-મેઅરાજ' દ્વારા આપણે ઓળખી અને મક્કહ હંમેશને માટે 'ઉમ્મુલકુરા' બની ગયો તેની 'નિશાનીઓ' અને અંકિત થયેલાં 'નકશ' ન

હોત તો મક્કહ માટે દુનિયાના માનવીને આકર્ષવા જેવું બીજુ શું રહ્યું હોત? એ વસ્તુઓ-એ યાદગારો તો 'બયતુલ્લાહ'ના સુશોભિત 'હાંશિયા' છે, આજના અરબોને તેનો અહેસાસ નથી કે, તેમની ઉચ્ચતા અને અનોખાપણાંને એ 'વસ્તુઓ'એ 'જીવંત' રાખ્યા છે, એ તમામેતમામ વસ્તુઓ જે 'આકા'ના દમકદમથી છે એ 'આકા' અરબોને 'કયામત' સુધી આ 'વિશેષતા' આપી ગયો છે, 'મુહમ્મદ અરબી' ન હોત તો અરબોની ત્વારિખ એના સિવાય શું હોત કે તેઓ પણ બીજી કવમોની જેમ એક 'કવમ' હતી, 'હજ્જ' અને 'ઉમ્રહ' એ 'કયામતની સુબ્હ' સુધી અરબોની તમામત્તર સંહુલતોને કાયમ કરી દીધી છે, તેમની બજારોની રૌનક 'ફખ્રે-મવજુદાત'ની ઝાત છે કે, લોકો દુર-દુરથી તેમના 'ઈશ્ક'માં તેમની દા'વત પર 'લબ્બૈક' કહેતાં ખેંચાઈ-ખેંચાઈને આવતાં રહે છે અને 'મહેમાન' બનીને 'મેઝબાની'ના હક્ક અદા કરતાં રહે છે.'

'આલે સઉદ'ની હુકુમત યુરોપની બનેલી દરેકે દરેક વસ્તુઓથી 'સંતુષ્ટ' થઈ રહી છે, એટલે સુધી કે, 'યુવાન તબિયત' રાખવાનો સામાન પણ ત્યાંથી આવે છે, પરંતુ જે વિદ્યાએ યુરોપની બાલાદસ્તી-યુરોપનું વર્ચસ્વ સ્થાપેલ છે અને એક ત્વારિખ ઘડી કાઢી છે, એનાથી સવિશેષ અને સાચો ઈલ્મ અરબોને ત્યાં તેના સાચા સ્વરૂપમાં સંપુર્ણ રીતે મૌજુદ છે, તેમ છતાં વર્તમાન અરબ તેની પોતાની ત્વારિખને પોતાના હાથે મિટાવી રહ્યો છે, યુરોપનો 'મિજાજ' તો એ છે કે, ત્યાં 'ઈલ્મના ખંઢેરો' શોધાઈ રહ્યાં છે, વેરાન સ્થાનોના ખોદકામો થઈ રહ્યાં છે, પરંતુ વર્તમાન અરબો ત્વારિખની એ દૌલતથી જે 'સરવરે કવનૈન'ના જીવન અને વિચારો પર પ્રકાશ ફેંકે છે, મહાન 'સહાબા'ના મહાન કારનામાઓની આપણને પ્રેરણા આપે છે તેની સાથે તેઓ એવો વર્તાવ કરી રહ્યાં છે જેના ઉપર જોહુકમી અને જુલ્મ બન્નેનો ગુનોહ લાગુ થઈ જાય છે, એ બાબત આપણી ઉજવળ ત્વારિખ અને 'અકીદતભર્યા ઈશ્ક' બન્ને માટે વધુ પડતી અને સહન થઈ શકે નહીં તેવી છે.'

આજની 'સઉદી-નજદી હુકુમત' ઈસ્લામની શરૂઆતની 'હુકુમત' જેવી નથી,

અત્યારની હુકુમત સરમુખ્ત્યારશાહી હુકુમત છે, 'એકહથ્થુ બાદશાહી' છે જે 'આખરી નબી'ની પસંદગીની નથી એ 'કયસર' અને 'કિસ્રા'ની 'યાદગાર' છે, જેને તેમણે પોતાને માટે પોતાની રીતે 'ઈસ્લામ અનુસાર' બનાવી રાખી છે જેને 'ઈસ્લામ' સાથે દુર-દુરનો પણ સંબંધ નથી.

જ. 'શોરીશ' કાશ્મીરીએ તેમની પુસ્તિકા 'સબ જાએ કે મન બૂદમ'માં આગળ જતાં લખ્યું છે કે;

'મારા મિત્ર અને સાથીદાર સુહયલનું કહેવું હતું કે, 'યાદગાર સ્થળો' અને 'મઝારો'ની 'બેહુરમતી' એટલા માટે અહીં કરવામાં આવી છે કે, એ વસ્તુઓ 'શિર્ક'નો 'રદ્દેઅમલ' (પ્રતિભાવ) છે, લોકોએ એ સ્થાનોને 'પુજનીય' બનાવી લીધાં હતાં, તેમને માટે 'બયતુલ્લાહ'થી વિશેષ 'બયઅતે-રિદવાન'નો વૃક્ષ વધુ આદરને પાત્ર હતો જે કોઈને ત્યાં બાળક જન્મતું નહોતું એવી સ્ત્રીઓ અને પુરૂષો 'બયઅતે-રિદવાન' નામના વૃક્ષને વળગીને દુઆઓ કરતાં હતાં.' તેના જવાબમાં મેં (શોરીશ કાશ્મીરીએ) કહ્યું કે; 'એ વાત ખરી હોય તો પણ તેનાથી એ ક્યાં સાબિત થાય છે કે, તેને કારણે 'મુળ વસ્તુ'ને સદંતર મિટાવી દેવામાં આવે? તેનો નાશ કરી દેવામાં આવે?'

જે વસ્તુ ગમે તેમ તો ત્વારિખની 'યાદગાર' છે એ યાદગાર કાયમ રહેવી જોઈએ, 'ખાન-એ-કઅબહ' અને 'મસ્જિદે નબ્વી' એ પણ 'પુરાતન યાદગારો' છે, 'સફા' અને 'મરવહ' નામની પહાડીઓને 'શઆઈરૂલ્લાહ' (અલ્લાહની નિશાનીઓ) કહેવામાં આવી છે, 'મુઝદલ્ફહ' શા માટે લોકો જાય છે? 'મીના' જવાની શું જરૂરત છે? 'અરફાત'માં શા માટે એકઠા થવામાં આવે છે? 'જમ્રતુલઅકબા', 'જમ્રતુલવસ્તા' અને 'જમ્રતુલઅવલા' (ત્રણે શયતાનો) એ શું છે? એ 'આસાર' છે, 'પુરાતન-યાદગારો' જ છે, તેને 'હજ્જ'ની રસ્મોમાં 'હજ્જ'ના 'અરકાન' ગણવામાં આવે છે એ તમામને 'સુરક્ષિત' રાખવામાં આવ્યા છે, તો એ 'અકીદો' જેના દ્વારા આપણા સુધી પહોંચ્યો અને જેણે 'મિલ્લત'

તૈયાર કરી, ડૉક્ટર ઈકબાલના કથન મુજબ 'દિન' અલ્લાહ તરફથી આવે છે અને 'મિલ્લત' 'પયગમ્બર' બનાવે છે.' એ આલીશાન પયગમ્બરનું જન્મસ્થળ, રહેણાંક, તેની દા'વતના કેન્દ્રો, તેના ઉપર આવતી 'આસમાની-વહી'ના સ્થળોને શા માટે 'સુરક્ષિત' રાખવામાં ન આવે? તેના સાંચામાં ઢળેલા ઈન્સાનોની યાદગારોને શા માટે તેની અસલી હાલતમાં રાખવામાં ન આવે? એ તમામે તમામ યાદગારો એવા ઈન્સાનોની યાદગારો છે જેમણે ત્વારિખના પ્રચંડ પ્રવાહને 'અબ્દલઆબાદ' સુધી બદલી લઈને 'અમર' થઈ ગયાં, જેમના મુબારક નામો અને કારનામાઓ 'કયામત' સુધી જીવંત રહેશે, જેમને માટે તમામ ઈઝ્ઝત અને તમામ શ્રેષ્ઠતાઓ છે, જેઓ અલ્લાહના આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના 'અહેલેબયત' હતાં, ગુમશુદા વસ્તુને જાણી શકતી-જોઈ શકતી ઈશ્કની આંખોથી આજે પણ તેમને હરતા-ફરતા જોવામાં આવે છે, તેમની 'યાદગારો' સુરક્ષિત ન રહે તો પછી કઈ વસ્તુને સુરક્ષિત રાખી શકાશે? (કહેવાને ખાતર) 'સઉદી-નજદી-હકુમતે' 'શિર્ક'ને છિન્ન-ભિન્ન કરી દીધું, પરંતુ તેની સાથે તેણે 'ઈશ્ક'ને પણ મિસ્માર કરી દીધું એ 'શિર્ક' અને 'ઈશ્ક'માં રહેલા તફાવતને સમજી શકી નથી. કેમ કે, એ વસ્તુઓ-એ આસારો-એ યાદગારો 'અકીદો' નહીં પણ 'ત્વારિખ' છે, જે કવમે દુનિયાને સૌથી પહેલાં ત્વારિખ આપી અને જેના સુચિતાર્થો 'કલામુલ્લાહે' સુરક્ષિત કર્યા એ કવમ આજે પોતાની ઝળહળતી ત્વારિખ મિટાવવા માટે કમર કસી લીધી છે? અગર ખરેખર એવું જ હોય તો એ બેહદ દુઃખદાયક છે, આઘાતજનક છે, મહાન બુઝૂર્ગોના 'આસારો' (નિશાનીઓ)ની તાઅઝીમ એ 'દિનનો મસ્અલો' નથી, અકીદતમંદીની ભાવનાનો પ્રશ્ન છે. નિઃશંક 'તવહીદ-બારી' એ એની 'પરસ્તીશ' (પુજા)ની છૂટ આપી નથી, પરંતુ આ 'પરસ્તીશ'ની ક્યાં બાબત છે? આ 'મસ્અલો' તો 'તહેઝીબ'નો છે, 'સભ્ય-સંસ્કૃતિ'નો છે જેની પાછળ 'અકીદત'ની ભવ્ય ભાવના હોય છે.

જ. 'શોરીશ' કાશ્મીરીએ લખ્યું છે કે;

'ઈસ્લામની આ મુકદ્દસ સરઝમીન પર આજે 'આલે સઉદ' (નજદી)ની એકહથ્થુ હુકુમત છે, તેની સંપુર્ણ સત્તા છે, વ્યવસ્થા જાળવવાની તેની જવાબદારી છે, પરંતુ એ ઈલાકો-એ વિસ્તાર 'આલે સઉદ'ને વારસામાં મળેલો નથી, બલ્કે 'મિલ્લતે-અરબી' માત્ર પણ તેની વારસ નથી, એ સરઝમીન, ખાસ કરીને મક્કહ અને મદીનહ સુધીની સરઝમીન, જ્યાં-જ્યાં અલ્લાહના આખરી નબીની આવ-જાવ રહી, બલ્કે આખુંય અરબ જે 'ઈસ્લામી જગતનું જામીન' છે, તમામે તમામ મુસલમાનો અને મુસ્લિમ હુકુમતોને મઝહબી ધોરણેતેની વ્યવસ્થા કરવાનો સંપુર્ણ અધિકાર હાસલ છે, 'આલે સઉદ' તો તેના વહિવટના એક 'જવાબદાર સભ્ય' છે.'

જ. 'શોરીશ' કાશ્મીરીએ ત્યાર પછી લખ્યું છે કે;

'મારા સાથી સુહયલને લાગ્યું કે, હું વધુ પડતો લાગણી પ્રધાન બની ગયો છું, તેમ છતાં મેં તેને એ માનવા પર મજબુર કરી દીધો કે, એ વસ્તુઓ આ પ્રકારની બેપરવાહી અને બેરૂખીને માટે જવાબદાર નથી, એ તો ત્વારિખના હિસ્સા છે એ ધોરણે તેને ચોકસાઈ પુર્વક જાળવી રાખવા જોઈએ. કેમ કે, 'ઈલ્મ'ના ચાર હિસ્સા છે.. પ્રથમ વહી, બીજો 'આસાર' (યાદગાર) જેની બુનિયાદ કુર્આને પાકે 'સયરૂ ફીલઅર્દ' પર રાખી છે અને ત્વારિખને 'ઐયામુલ્લાહ'નું નામ આપ્યું છે, ત્રીજો 'ઈલ્મુન્નફસ' અને ચોથો 'પ્રકૃત્તિના પૃષ્ઠો' (સહીફ-એ-ફિતરત), 'સયરૂ ફીલઅર્દ'નો મતલબ શું છે? 'આસાર' (પુરાતન યાદગારો)નો અભ્યાસ, જેના ઉપર 'ત્વારિખી કાર્યો' જીવંત છે, જે પ્રેરણા આપે છે જે 'અકીદા'ને મજબુત બનાવે છે.'

મક્કહના પુરાતન કબ્રસ્તાન 'જન્નતુલમુઅલ્લા' વિશે જ. શોરીશ કાશ્મીરીએ લખ્યું છે કે;

''જન્નતુલ મુઅલ્લા' મક્કહ મુઅઝ્ઝમહનો પુરાતન કબ્રસ્તાન છે, મદીનહ

મુનવરાના કબ્રસ્તાન 'જન્નતુલ બકીઅ' એ પછી 'સર્વશ્રેષ્ઠ'ની કક્ષામાં એ કબ્રસ્તાન આવે છે, 'મિના'ને રસ્તે 'કઅબતુલ્લાહ'થી લગભગ એક માઈલને અંતરે એ આવેલ છે. અહીંથી એક પહોળી સડક કાઢવામાં આવી છે, તેને કારણે એ કબ્રસ્તાન બે ભાગોમાં વહેંચાઈ ગયો છે, વચ્ચોવચ્ચ એક 'ચાર દીવારી' છે તેમાંથી કોઈ એક પણ કબ્ર પર 'કત્બો' કે 'નિશાની' નથી, જે કંઈ 'નિશાનીઓ' હતી તેને સદંતર ભૂંસી નાખવામાં આવી છે, કબ્રસ્તાનમાં ચારેકોર માટીના ઢગલાં પડેલાં છે, ક્યાંયે ચિરાગ દેખાય છે અને ન તો ક્યાંયે ફુલ જોવા મળે છે, કોઈ કોઈ કબ્ર પર કાંકરીઓ પડેલી દેખાય છે, કબ્રસ્તાન વેરાન અને ઉજ્જડ દેખાય છે, તેના એક ભાગમાં હઝરતે અસ્મા બીન્તે અબુબક્ર, હઝરત અબ્દુર્રહમાન બીન અબુબક્ર, હઝરત અબ્દુલ્લાહ બીન ઉંમર, હઝરત અબ્દુલ્લાહ બીન ઝુબૈર, હઝરત અબ્દુલ્લાહ બીન મુબારક, ઈમામ ઈબ્ને જુબીર અને હઝરત સઈદ બીન મુસય્યબ (રિદવાનુલ્લાહે તઆલા અલયહિમ અજમઈન)ની કબ્રો છે, 'દૌરે-રિસાલત'ના એ 'ઝળહળતા હીરાઓ' હતાં, અલ્લાહના આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જેનાથી રાજી હતાં, ખુશ હતાં, તેમની 'યાદગીરી' માટીના ઢગલાં તરીકે બાકી રહી છે. 'જન્નતુલ મુઅલ્લા' કબ્રસ્તાનમાં જઈ કબ્ર પર 'ફાતેહો' પઢવા માટે નહીં પણ નવી મૈયતોને લઈ જવા માટે છે. કબ્રસ્તાનના એક હિસ્સામાં ઉમ્મુલમુઅમેનીન હઝરતે ખદીજતુલકુબ્રા (રદિયલ્લાહો અન્હા) અને તેમના ખાનદાનના સભ્યો 'આરામ' ફરમાવી રહ્યાં છે. હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના લખ્તેજીગર હઝરત કાસીમ, આપના કાકા અબુતાલીબ જ્યાં દફન છે ત્યાં પહોંચવાનો કોઈ રસ્તો કે દરવાજો નંથી કોઈ એક પણ કબ્ર પર પાણીનો છંટકાવ થતો નથી, પરંતુ તડકો ખુબ જ પડતો હોવાથી આખી દુનિયામાં આનાથી વધીને કોઈ કબ્રસ્તાન બેબસીની હાલતમાં જોવા મળશે નહીં.'

અમે (શોરીશ કાશ્મીરી અને તેના સાથીઓ) એક પહાડી પર ચડ્યા ત્યાંથી

'ઉમ્મુલમુઅમેનીન'ની મુકદ્દસ મઝાર? અમે તેની સ્થિતિ જોઈને કંપી ઉઠ્યા, અમારા દિલ જોર-જોરથી ધડકવા લાગ્યા, મુસલમાન બાદશાહો અને સુલતાનોએ તેમને માટે અને તેમની 'બેગમો' માટે તાજમહેલ અને એવી બીજી ભવ્ય ઈમારતો બનાવી, 'અમીરો'એ મહેલો જેવા 'મકબરા' બનાવ્યા, પરંતુ જે ઔરત અલ્લાહના મહેબુબ અને આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના પુનિત પત્ની, ફાતેમહ ઝોહરા (રદિયલ્લાહો અન્હા)ના મુકદ્દસ માતા, જેણે ઈસ્લામના ઉત્કૃષ્ઠ માટે પોતાનું સર્વસ્વ ખર્ચી દીધું હતું, એ આજે એક વેરાન-ઉજ્જડ કબ્રમાં હતી, તેના ઉપર ન તો ફુલો હતાં ન તો ચાદર હતી અને ન તો ચિરાગ..! અમારી આંખોમાં આંસુઓ આવી ગયાં, મારાથી એ બરદાશ્ત થયું નહીં મેં ('શોરીશ' કાશ્મીરી) સુહયલને ઉદ્દેશીને કહ્યું કે; 'સુહયલ! આજના અરબોનો 'મિજાજ' એ જ તેમને માટે સજા છે, શું ખદીજતુલકુબ્રા એ મક્કહમાં જીવન વિતાવ્યું નહોતું? હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) નબુવ્વતનો એ'લાન કર્યો ત્યાર પછી લગાતાર ૧૧ વર્ષ સુધી આપને સતાવવામાં આવ્યાં અને આજની 'સઉદી-નજદી હકુમત' ઉમ્મુલમુઅમેનીન ખદીજતુલકુબ્રા (રદિયલ્લાહો અન્હા)ને સતાવી રહી છે, હુઝૂરે અકરમ મદીનહ મુનવ્વરામાં-ઉમ્મુલમુઅમેનીન ખદીજતુલકુબ્રા મક્કહમાં એ 'મહાન ઔરતો'નો ઈન્સાનીયત પર કેટલો મોટો અહેસાન છે? 'નબુવ્વત'ના એ'લાનના પહેલાં શબ્દ પર 'લબ્બૈક' કહેનારી દુનિયાની એ સૌથી પહેલી ઔરત હતી, મારા શરીરમાં કંપારી થવા લાગી, મારી જબાન પરથી શબ્દો સરી પડ્યાં કે, 'મરા અય કાશ કે માદર ન ઝાદે.'

ઉમ્મુલમુઅમેનીન ખદીજતુલકુબ્રા (રદિયલ્લાહો અન્હા) માટે અલ્લાહના મહાન, શ્રેષ્ઠ અને આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના દિલમાં કેટલો પ્રેમ હતો, તેને માટે એક જ દાખલો બસ છે, જયારે 'મક્કહ' ફત્તેહ થયું ત્યારે 'આપ'ને પૂછવામાં આવ્યું કે, 'હુઝૂર! આપનું નિવાસ ક્યાં રાખવામાં આવે?'

ત્યારે 'આપે' ફરમાવ્યું કે, 'અમારો 'ખૈમો' હઝરતે ખદીજહ (રદિયલ્લાહો અન્હા)ની કબ્ર પાસે લગાવવામાં આવે.' કેટલાંક લોકોના આગ્રહથી આપે ફરમાવ્યું કે, 'જ્યારે હું ગરીબ હતો તે તેણીએ મને માલામાલ કર્યો, જ્યારે લોકોએ મને જુઠલાવ્યો ત્યારે તેણીએ મારામાં વિશ્વાસ મુક્યો, જ્યારે આખી દુનિયા મારા વિરૂદ્ધ હતી ત્યારે તેણી એકલી જ મારી સાથે હતી.'

આ એક નક્કર હકિકત છતાં આજની 'સઉદી-નજદી હકુમત' તેના ઘમંડમાં આવી કબ્રો સાથે જે વર્તન કર્યું છે એવું વર્તન કોઈ 'ખુલ્લો કાફીર' પણ કરી શકે નહીં, પરંતુ 'તવહીદ'ના દાવેદાર 'નજદીઓ'એ જે કંઈ 'જુલ્મો' કર્યા છે, એ ચંઘીસખાન અને હલાકુથી વધીને છે, એ હકિકત છતાં ભારતમાં તેના 'એજન્ટો' તેની 'વફાદારી' જાહેર કરી રહ્યાં છે. તેઓ ખરેખર 'નજદીઓ'ના 'વફાદાર' હશે, પરંતુ અલ્લાહ અને તેના રસુલના તો તેઓ હરગીઝ 'વફાદાર' નથી.

ચૌદસો વર્ષ થઈ ગયાં, 'ખલીફાઓ'ની હુકુમત ત્રીસ વર્ષ રહી, ત્યાર પછી 'સહાબા'એ સ્થાન પર આવ્યા, ત્યાર પછી 'તાબઈ' અને તેમના પછી 'તબેઅ-તાબઈન' આવ્યા, આમ 'હિજાઝ', ઈરાક, બયતુલમુકદ્દસ વગેરે વિસ્તારો પર 'ઈસ્લામી હકુમત' રહી, ત્યારે કુર્આન-હદીસ-તફસીર અને ત્વારિખના 'જાણકારો' લાખોની સંખ્યામાં હતાં તેમ છતાં કોઈએ કબ્રોને તોડી પાડવા અને તેને જમીનદોસ્ત કરી દેવાનો 'હુકમ' આપ્યો નહોતો, તેમને મુકાબલે 'સઉદી-નજદી-આલીમો' તેમના રજકણની તોલે પણ આવે તેમ નથી, તો પછી તેમને એવો કયો અધિકાર મળ્યો છે કે, તેઓ 'મુકદ્દસ મઝારો' અને 'યાદગારોને મિટાવી રહ્યાં છે?

જ. 'શોરીશ' કાશ્મીરીએ તેની કિતાબ 'શબ જાએ કે મન બૂદમ'માં આગળ લખ્યું છે કે;

'જે લોકો તેમના નામો 'કુર્આન' અને 'સુન્નત' મુજબ રાખે છે, તેઓ કયા મોઢે શાહી તાજ પહેરે છે? ઊંચા-ઊંચા પત્થરના મહેલો બનાવે છે? 'મુહમ્મદ અરબી'ની દૌલત સમેટે છે, તેનું નામ 'શાહીખઝાના' રાખે છે, જે

મુકદ્દસ ઝાતના સદકામાં તેમને ઈઝ્ઝત મળી, હુકુમત મળી, તેઓ તેમની 'યાદગારો'ની આટલી હદે 'બેહુરમતી' કરી રહ્યાં છે તેને તેઓ કુર્આન અને હદીસને અનુરૂપ કહી રહ્યાં છે, પરંતુ ખરેખર એ કુર્આન અને હદીસને અનુરૂપ નહીં તેનાથી સદંતર વિરૂદ્ધ છે, ખુલ્લી બેઅદબી અને ગુસ્તાખી છે, અલ્લાહની ભૂમિમાંથી સાંપડેલી દૌલત એ અલ્લાહનો માલ છે, કોઈ ઈન્સાનને એ હક્ક પ્રાપ્ત થતો નથી કે, એ ઈસ્સાની-ઘેટાંઓનો વાડો બનાવીને પોતે 'ભરવાડ' બની બેસે અને જ્યારે ચાહે ત્યારે ને તેવી રીતે ઘેટાંઓને ચીરી-ફાડીને તેનું માંસ ખાતો રહે અને તેના ચામડાં વેંચતો રહે.'

મોત કોઈનો પીછો છોડતી નથી, જે લોકો મોતની એ રીતે બેઈઝ્ઝતી કરી રહ્યાં છે, મોત તેમના માથા પર ભમી રહી છે, 'જન્નતે મુઅલ્લા'માં એ લોકો 'આરામ' ફરમાવી રહ્યાં છે જેઓ આપણને (મુસલમાનોને) 'જીવંત' કરી ગયાં, આપણને 'હયાત' આપી ગયાં, જેઓ મુખ ફેરવીને 'શાહો' પર દૃષ્ટિ નાખતા તો તેમના દિલો કંપી ઉઠતાં, સઉદી (નજદી) હુકુમત 'ઈશ્ક' અને 'શિર્ક'માં ફરક કરી શકી નહીં, જોઈ શકી નહીં-રહેમત એ કબ્રોમાં આરામ ફરમાવનારાઓ ઉપર અને ઈબ્રત આપણા માટે! કેટલી મહાન અને શ્રેષ્ઠ જીંદગીઓ એ કબ્રોમાં સુઈ રહી છે? લાખો સલામ તેમના ઉપર અને લાઅનત તેમના ઉપર જેઓ તેમની 'નિશાનીઓ'ને બરબાદ કરી રહ્યાં છે.

જ્યાં ઈસ્લામ અને 'કુફ્ર' વચ્ચે સૌથી પહેલી જંગ થઈ હતી, એ સ્થળ 'બદ્ર'નું વર્ણન જ. 'શોરીશ' કાશ્મીએ આ શબ્દોમાં કર્યું છે;

'મક્કહથી મદીનાહ અમારી મોટરકાર પુરપાટ ઝડપે જઈ રહી હતી, અમને કહેવામાં આવ્યું કે, સામે દેખાય છે એ 'બદ્રની વાદી' છે, મોટર બે મિનિટ માટે એક નાનકડી હોટલ પાસે આવીને ઉભી રહી ગઈ, એ સમયે ત્યાં કોઈ હાજર નહોતું, તાળાં વિનાનું બધું બંધ હતું, ત્યારે ચારે'ચકોર સન્નાટો છવાયેલો હતો, હોટલ નજીક પાણીના માટલાં પડેલાં હતાં, છીદ્રોવાળા લોટાં હતાં, તેમાં પાણી

લઈને અમે 'વઝૂ' કરીને 'નફલ' પઢ્યા, ત્યાર પછી 'બદ્રના શહીદો'ની મઝાર પર ગયાં, ત્યાં પણ એ જ હાલત હતી જેવી મક્કહના કબ્રસ્તાનની હતી, ન કોઈ નિશાની, ન કત્બહ, કબ્રો શું હતી? માટીના ઢગલાં હતાં..!! કુર્આને પાકની 'સુર-એ-અન્ફાલ'ની પંચોતેર 'આયતો'માં બદ્રનો ઉલ્લેખ થયેલો છે, તેમાં લખ્યું છે કે, 'અહીં એ લોકો આરામ ફરમાવી રહ્યાં છે જેઓ આ 'આયતો'ની મધ્યમાં છે જેઓ સંખ્યામાં ત્રણસોને તેર હતાં જેમાંથી ચૌદ અહીં છે, જેઓ અલ્લાહની રાહમાં 'શહીદ' થયાં, 'શહાદતે' તેમને સરબુલંદ કર્યા, જેમની મદદ માટે અલ્લાહ તઆલાએ 'ફરિશ્તાઓ'ને મોકલાવ્યા હતાં, આ એ જંગ છે જેનો અહેવાલ અલ્લાહ તઆલાએ કુર્આને પાકમાં 'સુરક્ષિત' કરી દીધો છે. 'બદ્ર'ની જંગ શરૂ થતાં પહેલાં મુસલમાનોની બેસરોસામાની માટે અલ્લાહના આખરી નબીએ અલ્લાહની બારગાહમાં દુઆ કરી હતી કે, 'અય પાક પરવરદિગાર! તારો વાયદો આજે પરીપુર્ણ કરી દે.' ત્યાર પછી 'આપ' 'સિજદા'માં સર રાખીને ખુદાથી હમકલામ થયાં અને અર્જ કરી કે, 'અય દુનિયાના ખાલીક અને માલિક! અગર આ થોડાંક લોકો માર્યા જશે તો 'કયામત' સુધી તારો નામ લેવાવાળો કોઈ રહેશે નહીં.' અલ્લાહ તઆલાએ તેના મહેબુબને શાંત્વના આપતાં ફરમાવ્યું કે, 'અય મારા મહેબુબ! મક્કહથી આવેલી 'મુશ્રીક-કુરયશી' ફોજને નામોશીભરી શિકસ્ત મળશે, 'બદ્ર'ના મયદાનથી એ પીઠ બતાવીને ભાગી છૂટશે.' અને ખરેખર, એમ જ થયું, અલ્લાહ અને તેના રસુલ જે ચાહતાં હતાં, બારસો જેટલાં શશસ્ત્ર 'મુશ્રીકો' ત્રણસો તેર 'નિઃશસ્ત્ર મુજાહીદો'થી ટકરાયા, તેમાંથી સિત્તેર જેટલાં 'બદ્ર'ના મયદાનની ધૂળ ચાટતાં થયાં અને બાકીના મંક્કહ તરફ ભાગી છુટ્યાં, ઈસ્લામને જવલંત ફત્તેહ હાંસલ થઈ.'

'બદ્ર'ના આ ઉજ્જડ અને વેરાન સ્થળે આજે પણ જાણે અલ્લાહના મશ્હુર 'સહાબી' હઝરત સઅદ બીન અબાદહ (રદિયલ્લાહો અન્હો)નો સ્વર ગુંજી રહ્યો છે કે, ખુદાની કસમ! યા રસુલલ્લાહ! આપ ફરમાવી દીયો તો અમે ઘુઘવાતા સમુદ્રમાં

કુદી પડીએ, આપ હુકમ કરો તો 'નમ્રૂદી-આગ'માં અમને હોમી દઈએ.' ત્યારે હઝરત મિકદાદ (રદિયલ્લાહો અન્હો) કહી રહ્યા હતાં કે, 'યા રસુલલ્લાહ! અમે હઝરત મુસા (અલયહિસ્સલામ)ની કવમ (યહુદીઓ)ની જેમ નથી કે, આપને કહી દઈએ કે, આપ અને આપનો ખુદા બન્ને જઈને 'મુશ્રીકો'થી લડી લ્યો, બલ્કે... યા રસુલલ્લાહ! અમે આપના જમણે-ડાબે, આગળ અને પાછળ લડીશું'

ત્રણસોને તેર 'મુજાહીદો' જેમાં માત્ર બે ઘોડેસ્વાર હતાં, મક્કહના 'મુશ્રીકો'ની સંખ્યા બારસોની હતી તેમાં એકસો ઘોડેસ્વારો હતાં, 'મુજાહીદો'એ તેમને 'ત્રણ..તેર' કરીને રાખી દીધાં, 'કુરયશ' (મુશ્રીકો)ના નામવર સરદારોમાં નવ્વાણું ટકા 'મુજાહીદો'ના હાથે માર્યા ગયા, 'અબુજહલ' જખ્મી બનીને 'બદ્ર'ની ધૂળ ચાટતો પડ્યો હતો, તેનું માથું હઝરત અબ્દુલ્લાહ બીન મસ્ઉદ (રદિયલ્લાહો અન્હો) કાપીને 'આપ'ના કદમોમાં લાવી દીધું, 'મુશ્રીકો'નો પહેલાં નંબરનો સરદાર ઉત્બહ હઝરત અમીર હમ્ઝહ (રદિયલ્લાહો અન્હો)ની તલવારના એક જ વારથી બે ટૂકડાં થઈને બદ્રની ધૂળમાં આળોટવા લાગ્યો હતો, એ ત્વારિખ 'બદ્ર'ની જંગમાં સાંપડેલા 'ભવ્ય વિજય'માં છે અને એ ચૌદ 'શહીદો' જેમને અલ્લાહના રસુલે તેમના મુબારક હાથો વડે 'બદ્ર'ની ધરતીને સુપરદ કર્યા હતાં, તેમની કબ્રો આજે કહેવાતા 'સુન્નતના વારસદારો'ના હાથેથી હતી નહતી થયેલી છે, ઈતિહાસની એ 'ભવ્ય યાદગાર' ફના થતી જાય છે, જેમને અબુજહલ જેવો 'કવમનો ફિરઔન' મિટાવી શક્યો નહોતો, જેમને 'ઉત્બહ' જેવો શુરવીર આંચ પહોંચાડી શક્યો નહોતો એવા 'મુજાહીદો'ના આસાર 'યાદગાર'ને આજની 'સઉદી નજદી હુકુમત' ખુબ જ આસાનીથી કુર્આન અને હદીસની (ખોટી) આડ લઈને આડેધડ મિટાવી રહી છે.'

'મારા રોમ-રોમમાં 'સઉદી નજદી હુકુમત' પ્રત્યે તિરસ્કારની લાગણી વ્યાપી ગઈ, તેમણે જે કંઈ કર્યું એ ખરેખર કુર્આન અને 'સુન્નત'ને અનુરૂપ નથી, એ તો સંગીની અને સંગદીલી છે કે, રસુલલ્લાહની 'યાદગારો'ને મિટાવી દેવામાં આવે

છે અને તેમની પોતાની 'યાદગારો'ને ખડી કરવામાં આવી છે, શું આજના અરબો આ બેઈઝઝતી અને 'બગાવત'ની સજા ભોગવી રહ્યાં નથી? અરબોને ઈન્સાની શ્રેષ્ઠતા કોનાથી હાંસલ થઈ? એમનાથી જેમની બેઈઝઝતી અને બેહુરમતી તેઓ કરી રહ્યાં છે, ખુલ્લેઆમ-ઉઘાડે છોગે-કોઈનો પણ લેશમાત્ર ડર રાખ્યા વિના.'

'સુર-એ-અન્ફાલ'ની પંચોતેર 'આયતો' જેમની શાનમાં ઉતરી છે, તેમની મહાન કુરબાનીની 'તવહીન' આજે એ વિસ્તારમાં છડેચોક થઈ રહી છે જ્યાં અલ્લાહના આખરી નબીનું આગમન થયું, જેના પર કુર્આન 'નાઝિલ' થયો, કુર્આને હદીસના જાણકાર હોવાનો દાવો કરનારાઓ એ ભૂલી ગયા કે, અલ્લાહના રસુલે હઝરત જીબ્રઈલ અમીનને ઉદ્દેશીને ફરમાવ્યું હતું કે; 'અય જીબ્રઈલ! 'અહેલે-બદ્ર' તમામ જગતના મુસલમાનોમાં 'અફઝલ' છે, શ્રેષ્ઠ છે.' ત્યારે હઝરત જીબ્રઈલ અમીને કહ્યું હતું કે, 'યા રસુલલ્લાહ! જે ફરિશ્તાઓ 'બદ્ર'ની જંગમાં સામેલ થયાં છે તેમનો 'દરજ્જો' તમામ 'ફરિશ્તાઓ'માં 'અફઝલ' છે.

ઐતિહાસિક-યાદગાર વસ્તુઓને જાળવવાની રીત ત્યારે પણ પ્રચલિત હતી તેનો દાખલો આપતાં જ. 'શોરીશ' કાશ્મીરીએ તેની કિતાબ 'શબ જાએ કે, મન બૂદમ'માં લખ્યું છે કે;

'અબુકુર્શ' નામનો એક 'મુશરીક' 'બદ્ર'માં મુસલમાનોથી લડવા આવ્યો હતો, તેણે પગથી માથા સુધી લોખંડનો બખ્તર પહેર્યો હતો, લોખંડી બખ્તરને કારણે તેની બે આંખો સિવાય બીજું કશું જોઈ શકાતું નહોતું તેના શરીરના કોઈ પણ ભાગથી તલવાર ટકરાઈને પરત આવતી હતી, હઝરત ઝુબૈર ઈબ્નુઅવામ (રદિયલ્લાહો અન્હો)ને મુકાબલે એ 'કાફીર' આવ્યો હતો, હઝરત ઝુબૈરે ખુબ જ સાવચેતીથી નિશાન લઈને તેમના હાથની બરછી ખુબ જ જોરથી તેની તગતગતી આંખમાં ઝીંકી દીધી, એ 'બરછી' તેની આંખને તોડીને ગરદનના પાછળના ભાગમાં સોંસરવી નીકળી ગઈ, લોખંડના બખ્તરનો ભાગ ઉપાડીને ફરી રહેલો 'અબુકુર્શ' એ વજન સહિત 'બદ્ર'ના મયદાનમાં ઢળી પડ્યો, હઝરત ઝુબૈરે તેમની

બરછીને ખુબ જ બળ વડે પાછી ખેંચી તો એ બરછી વાંકી વળી ગઈ હતી, હઝરત ઝુબૈર પાસેથી એ 'બરછી' અલ્લાહના રસુલે લઈને તેને યાદગીરી રૂપે તેની પાસે રાખી લીધી હતી, ત્યાર પછી એ 'બરછી' 'ઈસ્લામના ખલીફાઓ' પાસે વારાફરતી 'યાદગાર' તરીકે રહી, છેવટે એ 'બરછી' હઝરત ઝુબૈરના શહેઝાદા હઝરત અબ્દુલ્લાહ બીન ઝુબૈર પાસે આવી, અહીં પૂછવાનું મન થાય છે કે, એ 'બરછી'માં કઈ વિશેષતા હતી? શું તેને જાળવી રાખવાનો કુર્આનનો એવો કોઈ હુકમ નહોતો, પરંતુ રસુલલ્લાહે એ બરછીને યાદગીરીરૂપે જાળવી હતી એટલી જ બાબત હતી જે બતાવે છે કે, 'યાદગારો'ની જાળવણી એ 'સુન્નતે રસુલ' છે.'

દુનિયાનો ઈતિહાસ કહે છે કે, 'જીવંત કવમો' તેમના 'મુહસીનો' (અહેસાન કરનારાઓ)ની મહાનતા અને શ્રેષ્ઠતા જીવંત રહે, બીજાને માટે પ્રેરણારૂપ બને એટલાં ખાતર તેમને અલગ કબ્રસ્તાનોમાં દફન કરીને તેની જાળવણી કરે છે, જેથી ભવિષ્યની પ્રજા તેમની યાદગીરીને અનુસરે, તેમની 'નિશાનીઓ' જીવંત રહે, લોકો તેમના પ્રત્યે 'અકીદત' જાહેર કરીને તેમનો અહેસાન માનતી રહે, ભારતના પાટનગર દિલ્હી વિશે એક શાયરે લખ્યું છે કે;

'ચપ્પે ચપ્પે હૈ યાં ગવહરે-યકતા તહે-ખાક,
દફન હોતા ન કહીં ઈત્ના ખઝાના હરગીઝ.'

દિલ્હી ઉપખંડમાં ઈસ્લામી મહાનતા અને શ્રેષ્ઠતાની 'અમીન' અને 'રક્ષક' છે, અહીં અસંખ્ય મુસ્લિમ બાદશાહો અને સુલતાનો, બુઝૂર્ગાને દીન, સુફીયા-એ-કિરામ, ઉલ્મા-એ-ઉઝઝામ, કલમ અને તલવારના સ્વામીઓ વગેરે તેની ધરતીમાં નિંદ્રાધિન છે, એ દિલ્હી જેને 'બાવીસ ખ્વાજાની ચૌખટ' કહેવામાં આવે છે, એ દિલ્હી જેમાં ઈસ્લામના હજારો 'ઝળહળિત રત્નો'નો ખજાનો છે, વર્ષો પછી એ 'યાદગારો'ને લોકો તેમના 'રાહની મશાલ' બનાવી રાખેલ છે, દક્ષિણ ભારતના મશહુર શહેર ગોલકુંડાના 'શાહી કબ્રસ્તાન' વિશે કહેવાયું છે કે;

'ખયબર સે બાખ્તર તકે જીનકે નિશાન યે બર્પા,

કુછ મકબરોં મેં બાકી ઉન્કી નિશાનીયાં હૈ.'

સિંધનું નગરઠઠ્ઠા શહેર જેમાં 'માઈમકલીનું કબ્રસ્તાન' છે, એક 'રિવાયત' મુજબ એ કબ્રસ્તાનમાં સવાલાખ જેટલાં 'અલ્લાહના વલી' આરામ ફરમાવે છે, ઈસ્લામની શાનો-શવકતની એ છડી પોકારે છે, તેમાંની કેટલીક કબરોના 'કત્બહ' અને કિંમતી લખાણો કેટલાંક લાલચુ લોકોએ તફડાવીને વેંચી દીધેલા છે, તેમ છતાં તેની શાન આજે પણ એવી જ છે. એ વિરાટ કબ્રસ્તાનમાં આરામ કરી રહેલાં ઈસ્લામના જાંનિસારોની કબ્રોથી આજે પણ લોકો પ્રેરણા લઈ રહ્યાં છે અને એ કબ્રસ્તાનની જાળવણી થઈ રહી છે, એટલે જ કહેવાળાએ કહ્યું છે કે, 'શહેનશાહોના તાજ અને તખ્ત જે લાખોની કિંમતના હતાં તેને લોકોએ યાદગીરીરૂપે ગણીને તેની 'હિફાઝત' કરી નથી, પરંતુ 'બુઝૂર્ગાને દિન'ના 'જૂતા' આજે પણ જળવાએલા છે અને લોકો તેને માથા પર મુકવામાં ફખ્ર સમજે છે.'

સામાન્ય રીતે દુનિયાભરના મુસલમાનો અકીદતને ધોરણે અલ્લાહના મહાન-શ્રેષ્ટ અને આખરી નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને સર્વશ્રેષ્ઠતા આપે છે, તેના વિશે શાયરે ખુબ કહ્યું છે કે;

'અદબગાહેસ્ત ઝેરે-આસ્માં અઝ અર્શ નાઝુકતર,
નફસ ગુમકર્દહ મી આયદ, 'જુનયદો-બાયઝીદ' ઈન્જા.'

આ રીતે શ્રેષ્ટતામાં સર્વોપરી કોઈ કબ્રસ્તાનને હોય તો એ મદીનહ મુનવ્વરામાં કબ્રસ્તાન 'જન્નતુલબકીઅ'ની છે, જો કે, સઉદી-નજદી-હુકુમતે તેની દુર્ગત કરવામાં કંઈ જ બાકી રાખેલ નથી, આ સર્વશ્રેષ્ઠ કબ્રસ્તાન જન્નતુલબકીઅ વિશે 'દેવબંદી-મસ્લક'ના પ્રખર પ્રચારક જ. 'શોરીશ' કાશ્મીરીએ તેમની કિતાબ 'શબ જાએ કે મન બૂદમ'માં લખ્યું છે કે;

'જન્નતુલબકીઅ'નો વિસ્તાર લગભગ આઠ એકર જેટલો હશે, ચારેકોર ચાર-સાડાચાર ફૂટની 'ફસીલ' છે, તેનો દરવાજો એક જ છે, એ દરવાજા પર એક 'નજદી પોલીસ' પહેરો ભરતો હોય છે, લોકોને એ માટીના ઢગલાં બતાવીને

કહેતો હોય છે કે, ક્યાં કોની કબ્ર છે, અહીં આજુબાજુમાં ન તો કોઈ ફૂલ વેંચનારો જોવામાં આવે છે અને ન તો કોઈ પાણીની 'મશ્ક' લઈને અહીં ફરતો દેખાય છે. મક્કહના 'જન્નતુલમુઅક્ષા' કબ્રસ્તાનની જે હાલત હતી તેનાથી જરા પણ સારી હાલત 'જન્નતુલબકીઅ'ની નહોતી, અહીં ચિરાગ કે અગરબત્તીનું નામ પણ લેવાતું નથી, 'જન્નતુલબકીઅ' એ સ્થળ છે જ્યાં 'ખાનદાને-રિસાલત'ના બે તૃતિયાંશ 'સભ્યો' 'આરામ' ફરમાવી રહ્યાં છે, જે ઈસ્લામી શરૂઆતના સમયના 'ચમકતા સિતારા' હતાં, એ સિવાય અગણિત 'સહાબા', 'શહીદો' અને 'ઈમામોની એ 'આખરી મંઝીલ' છે, તેમની કબ્રોની હાલત જોઈને કોઈ પણ મુસલમાનનું ખુન ઉકળી ઉઠે છે, 'ચઝદાં'નું દામન ચાક કરવાનો હોંસલો નથી, 'સઉદી-નજદી-હુકુમત'ના સર પર પહોંચવાની હિંમત નથી અને પોતાનું ગિરેબાન ચાક કરવાથી કોઈ ફાયદો નથી, હઝરત ઉંમર ફારૂકે આઝમ (રદિયલ્લાહો અન્હો) એ એક સમયે ફરમાવ્યું હતું કે, 'અરબવાળા ગાંડા ઊંટ છે, જેમની 'મહાર' (લગામ) મારા હાથમાં આપવામાં આવી છે, હું તેમને સીધા રસ્તે ચલાવીને જ છોડીશ.' અને ખરેખર ફારૂકે આઝમ (રદિયલ્લાહો અન્હો)એ તેમને 'સીધા રસ્તા' પર ચલાવીને રહ્યાં હતાં, પરંતુ આજે એવો કોણ છે જે સઉદી-નજદી-હુકુમતને સીધી રાહ બતાવે?'

'જન્નતુલબકીઅ'માં કોઈ અરબ આવતો નથી, 'અસલ અરબો' કબ્રોમાં સુઈ રહ્યાં છે જેઓ ખરેખરા અને સાચા અરબ હતાં, જેમને માટે કુર્આન ઉતર્યો હતો, હવે ત્યાં આપણા જેવા 'ગયર અરબ' (અજમી) જાય છે, તેમને ત્યાં એક એવું 'કરૂણ દૃશ્ય' જોવા મળે છે કે, તેમના દિલમાંથી 'હાયકારો' નીકળી જાય છે, અત્યારના અરબો (ખરેખર તો સઉદી-નજદીઓ) એવા ઘમંડમાં રાંચી રહ્યાં છે કે, તેમના ઈલાકામાં 'કઅબતુલ્લાહ' છે તેમના વિસ્તારમાં 'મદીનતુન્નબી' છે, તેના દામનમાં 'જબલે નુર' છે, 'જબલે રહેમત' છે, 'જબલે ઉહદ' છે, 'સફા' અને 'મરવહ' છે, જેના રસ્તાઓએ અલ્લાહના રસુલના કદમોને ચૂમ્યા છે, તેમની

પોતાની ભાષામાં 'અલ્લાહ' તઆલાએ સમગ્ર કાએનાતને ઉદ્દેશી છે, ઈસ્લામની નેવું ટકા ત્વારિખ તેમની બાહોંમાં આરામ કરી રહી છે, એટલે એ 'યાદગારો'ના રક્ષણથી 'શરઅ' તેમને રોકે છે, પરંતુ તેમને એટલો અહેસાસ નથી કે, એ 'યાદગારો'માં જે લોકો 'નિંદ્રાધીન' છેએ કોણ છે? રસુલે-મકબુલના લખ્તેજીગર, નુરે નઝર અને નુરે નઝરના ચશ્મો ચિરાગ, રસુલે અકરમના કાકા અને તેમના શાહેબઝાદા છે. 'ઉમ્મતની મુકદ્દસ માતાઓ' છે, 'જન્નતની શાહઝાદીઓ' છે, મહાન 'સહાબા' છે, 'શહીદો' છે, 'મુજાહિદો' અને 'ઈમામો' છે, જેમણે ઈસ્લામને ફેલાવવાનો મહાન પુરૂષાર્થ કર્યો હતો, પરંતુ આજના અરબ, સઉદી-નજદી અરબ, ખુદાની પનાહ! એ ઈસ્લામના જીગરના ટૂકડાઓની કબ્રોને માટીના ઢગલા બનાવી રહ્યાં છે અને બીજી તરફ સિમેન્ટ-કોંક્રીટની ફલકબોસ ઈમારતોનું એક 'જંગલ' ખડું કરી રહ્યાં છે, તેને તેઓએ 'શરીઅત' બનાવી લીધી છે, હકિકતમાં 'સઉદી નજદી' ધર્મમાં 'શિર્ક'ની જે શરતો અને 'બીદઅત'ની જે બનાવટો બતાવવામાં આવી છે એ માત્ર મનઘડત સિવાય કંઈ જ નથી.'

જ. 'શોરીશ' કાશ્મીરીએ 'જન્નતુલ બકીઅ' વિશે વિશેષમાં લખ્યું છે કે;

'જન્નતુલબકીઅ'માં દાખલ થતાં તેની જમણી બાજુએ હુઝુરે અકરમની 'ફોઈઓ' હઝરતે આતેકહ, હઝરતે સફીયહ અને હઝરતે ફાતેમહની કબ્રો છે, ત્યાંથી આગળ વધીએ ઉમ્મુલમુઅમેનીન હઝરતે આઈશહ સીદ્દીકહ, હઝરતે સવદહ, હઝરતે ઝયનબ, હઝરતે હિફસહ, ઉમ્મુલમસાકીન, હઝરતે ઉમ્મેસલ્મહ, હઝરતે જવૈરીયહ, હઝરતે ઉમ્મે-હબીબહ અને હઝરતે સફીયહની મઝારો છે, તેની સાથે સાથે હઝરત અલી શેરેખુદાના ભાઈ હઝરત અકીલ, હઝરત જઅફર તૈયાર, ઈમામે માલીક અને ઈમામ નાફેઅ 'આરામ' ફરમાવી રહ્યાં છે. એ આખો વિસ્તાર 'મસ્જિદે નબી'માં આવેલા હઝરતે ફાતેમહના 'હુજરા'થી પણ નાનો છે. 'કરબલા'માં જે બાળકો 'કાકા'ની નિગરાની કરી રહ્યાં હતાં એ માતાની 'ગોદ'માં છે અને જેઓ 'કરબલા'માં રહી ગયાં હતાં

તેમના વિયોગનું વસમું દુઃખ તેમની કબ્રમાંથી મહેસુસ થઈ રહ્યું છે, પતિ 'નજફ અસરફ'માં, પિતા સામેના ભાગમાં યુવાન પુત્ર કરબલાના મયદાનમાં 'જન્નતુલબકીઅ' અને 'મસ્જિદે નબ્વી'ની વચ્ચે સઉદી-નજદી-હકુમતે થોડાંક મકાનો ખડાં કરી દીધાં છે, દુનિયાવાળાઓએ મૃત્યુ પછી પણ વચ્ચે દિવાલો ખેંચી દીધી છે. 'ગુંબદે ખીઝ્રા'ને એ રૂખથી જુઓ તો ગમગીન દેખાય છે, એ વિરાની-એ ઉજ્જડતાને ટગર-ટગર જોઈ રહ્યો છે, તેના હોઠો પર 'જુંબીશ' જેવું છે, જાણે કહી રહ્યો છે કે, 'ગોશ નઝદીક લબમ આરમ કે આવાઝે હસ્ત'

હુઝૂરે અકરમે ફરમાવ્યું હતું કે, 'ફાતેમહ મારા જીગરનો ટૂકડો છે જે પણ તેને દુઃખ પહોંચાડશે એ મને ઈજા પહોંચાડશે.' (ભાવાર્થ)

'રસુલલ્લાહની એ 'સાહેબઝાદી'ના મુકદ્દસ મઝાર સામે હું લગભગ એક કલાક સુધી ખામોશ ઉભો રહ્યો, એવી રીતે ઉભો રહી ગયો હતો જાણે કોઈ વસ્તુ જમીનમાં ધસી ગઈ હોય અને તેમાં 'જીવન' જેવું કંઈ રહ્યું ન હોય, મારા સાથી દુઆ માંગી રહ્યાં હતાં, પરંતુ હું 'હાથ-પગ' વિનાનો થઈને ઉભો રહી ગયો હતો. મારી 'આહ' બરફની જેમ જામી ગઈ હતી, મારા આંસુઓનો પ્રવાહ રોકાઈ ગયો હતો, મારી હાલત જોઈને મારા સાથીએ કહ્યું કે, 'આગા સાહેબ! ફાતેહો પઢો.' હું પત્થરમાં અંકિત થયેલા 'નકશ'ની જેમ બની ગયો હતો, મારા ખભા પર હાથ મૂકીને ફરીવાર મારા સાથીએ કહ્યું કે, 'આગા સાહેબ! ફાતેહો પઢો.' જવાબમાં મેં કહ્યું કે, 'ફાતેહો? શા માટે? શું તેમને આપણા હાથોની જરૂરત છે? આપણે શું ને આપણી દુઆ શું? આપણે તો ખુદ તેમના મ્હોતાજ છીએ, આપણી મગ્ફેરત તેમની બદૌલત થશે.' આમ કહીને હું કબ્રને એકીટશે જોતો રહ્યો, મારો જવાબ સાંભળીને મારા સાથીઓ મને આશ્ચર્યભાવે જોઈ રહી ગયાં, હું કહી રહ્યો હતો કે, '(હઝરતે) ફાતેમહ ઝોહરા તો આજે પણ 'કરબલા'માં છે, તેમના 'વાલીદ' (રસુલલ્લાહ)નો 'કલ્મો' પઢવાવાળાઓએ તેમને આજ પર્યન્ત સતાવતા રહ્યાં છે, તેની કહાણી જખ્મોની કહાણી છે, તેમણે

'કઅબતુલ્લાહ'માં તેમના 'વાલીદ'ના જખ્મોને ધોયાં હતાં, 'કરબલા'માં તેમની અવલાદે જખ્મો ઝીલ્યા, 'કુફહ'માં તેમના 'શવહર-નામદાર' ઉમ્મતના જખ્મો ખાઈને અલ્લાહથી 'વાસીલ' થયાં તેમના 'વાલીદ' (રસુલલ્લાહ)ની 'ઉમ્મત' તેમની અવલાદને નિરંતર સતાવતી રહી, આજે તેને ચૌદસો સદી થવા આવી, હવે તેમને અને તેમની અવલાદને કબ્રોમાં પણ સતાવવામાં આવે છે, જાણે આખો અરબ તેની અવલાદની 'કત્લગાહ' છે, એ મા ફાતેમહ! તમારા 'અબ્બા'એ કહ્યું હતું કે, મારા 'વિસાલ' પછી જે પહેલાં મને મળશે એ ફાતેમહ હશે, એ જ પ્રમાણે થયું ફાતેમહ ઝોહરા તેમની પાસે ચાલી ગઈ, 'મુહમ્મદ'નો 'ઘરાનો' આજે પણ 'કરબલા'માં પડેલો છે, જેઓ લશ્કર અને તેની તલવારોથી બચી ગયાં હતાં તેમને તેમની કબ્રોમાં 'કત્લ' કરવામાં આવી રહ્યાં છે, એ કબ્ર પર મને દિલ ખોલીને રડવા દો, અય અલ્લાહના મહેબુબના સાહબઝાદી! હું તમારી સામે જીવંત ઉભો છું, મારી જીંદગી મને મહેસુસ થઈ રહી છે, પરંતુ તમારી કબ્રના રજકણો આખી દુનિયાના 'મરવારિદ'થી ઉચ્ચત્તર છે, તેમાં સૂરજ અને ચંદ્રથી વધીને પ્રકાશ છે, પરંતુ સમયે આંખો 'ફેરવી' લીધી છે અને તેના દિલનો આયનો 'ગયરત' અને 'હમીયત'થી ખાલી થઈ ચૂક્યો છે.'

ત્યાંથી પાછો ફર્યો, રાતભર બિસ્તરા પર પડખાં બદલતો રહ્યો, ઊંઘ ઉડી ગઈ હતી, હું વિચારતો રહ્યો હતો કે, આજના અરબો પાસે ભાષાના ગર્વ સિવાય કંઈ જ રહ્યું નથી. અલબત્ ભૂતકાળનો ઘમંડ રહ્યો હશે, પરંતુ એ કંઈ 'વિશેષતા' નથી, ભૂતકાળનો વારસો મોટો કહેવાય, બીજી સવારે ફરી હું હઝરતે ફાતેમહ ઝોહરાના મઝારે-પાક પાસે આવીને ગુમસુમ ઉભો રહી ગયો, જાણે તેઓ કહી રહ્યાં હતાં કે, 'અય અહલે અરબ! શરમ કરો, મારા 'નુરચશ્મ'ની મઝાર સાથે આવું સલુક કરી રહ્યાં છો? તેમના 'નાના'એ તેમને 'શ્રેષ્ઠતા' અપાવી અને તેમને 'ખયરૂલ ઉમમ' બનાવ્યા એ કંઈ નાનો-સુનો અહેસાન તો નથી જ..!'

હઝરતે આઈશાહ સિદ્દીકહ (રદિયલ્લાહો અન્હા)ના 'હુજરા'માં હુઝૂરે અકરમ

(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો 'વિસાલ' થયો, એ સમયે 'આપ' હઝરતે આઈશાહ સિદ્દીકહના સિના પર સર રાખીને બેઠાં હતાં. તેમની બદૌલત અલ્લાહ તઆલાએ 'તયમ્મુમ'નો હુકમ સાદર ફરમાવ્યો, હુઝૂરે અકરમની બિમારીની હાલતમાં હઝરતે આઈશાહ સિદ્દીકહ આપને 'મિસ્વાક' ચાવીને આપતાં હતાં. હઝરતે આઈશાહ સિદ્દીકહના વાલીદ હઝરત અબુબક્ર સિદ્દીક (રદિયલ્લાહો અન્હો) દુનિયાના 'બીજા મુસલમાન' હતાં, 'ગારે-હિરા' ના યાર, હઝરતની રાતના સાથીદાર જેમને અલ્લાહ તઆલાએ 'સિદ્દીક'નો લકબ અતા ફરમાવ્યો હતો. 'ખિલાફતે ઈલાહી'ના પહેલાં 'ખલીફા' આજે 'જન્નતુલબકીઅ'માં તેમની વ્હાલસોઈ પુત્રી, રસુલલ્લાહની પુનિત પત્ની અને આપણી મુકદ્દસ માતા એક બેનામ અને બેનિશાન કબ્રમાં 'નિંદ્રાધીન' છે, ઉમ્મુલમુઅમેનીન (હઝરતે હિફસહ) લગાતાર રોઝા રાખનારા રાતભર અલ્લાહની ઈબાદતમાં મશ્ગુલ રહેનારા હઝરત ઉંમર ફારૂકે આ'ઝમ (રદિયલ્લાહો અન્હો)ની સાહેબઝાદી અને રસુલલ્લાહની પુનિત પત્નીની મઝાર શરીફ પણ આજની 'સઉદી-નજદી-હકુમત'ની 'શરઈ-સંગીની'નો શિકાર બની છે, ત્યાર પછી ઉમ્મુલમુઅમેનીન હઝરતે ઝયનબ 'ઉમ્મુલમસાકી'ના જેમની કબ્ર તેમની 'અટક' (ઉમ્મુલમસાકીન)નું પ્રતિબિંબ છે અને ઉમ્મુલમુઅમેનીન હઝરતે ઉમ્મે સલ્મહ જેમનું બિસ્તર હુઝૂરે અકરમના 'મુસલ્લા'ની સામે બિછાવવામાં આવતો હતો.

અબુ બાબહની તૌબા ત્યાં કબુલ થઈ ત્યારે હઝરતે ઉમ્મે સલ્મહના હુજરામાં 'વહી' નાઝિલ થઈ હતી. એ ઉમ્મે સલ્માહ જેઓ 'ખયબર'ની જંગમાં હુઝૂરે અકરમની સાથે હતાં, 'હુદયબીયહ'ની સફરમાં પણ તેમની હાજરીં હતી. 'હુજ્જતુલવિદાઅ' વખતે તેઓ હુઝૂરે અકરમના હમરાહ હતાં, 'કરબલા'ના મયદાનમાં ઈમામે હુસૈન (રદિયલ્લાહો અન્હો)ની 'શહાદત' થઈ એ રાત્રે તેમણે ખ્વાબમાં જોયું કે, અલ્લાહના રસુલ બેહદ પરેશાન છે, આપના સર મુબારક અને દાઢી મુબારકમાં ધૂળ લાગેલી છે, એ જોઈને તેમણે પૂછ્યું, 'યા રસુલલ્લાહ! આપની આ શું હાલત જોઈ રહી છું?' ત્યારે

'આપે' ફરમાવ્યું કે, 'હું હમણાં જ હુસૈનના 'મક્તલ'થી આવી રહ્યો છું., 'અહેલે ઈરાકે' મારા હુસૈનને 'શહીદ' કરી દીધો, ખુદા તેમને કતલ કરે, જેણે મારા હુસૈનને ઈજા પહોંચાડી તેમના પર અલ્લાહની લાઅનત.'

ઉમ્મુલમુઅમેનીન હઝરતે ઝયનબ બીન્તે હજશ (રદિયલ્લાહો અન્હા) જેમના જનાઝાની નમાઝ હઝરત અબુહુરૈરહ (રદિયલ્લાહો અન્હો)એ પઢાવી હતી, તેમની કબ્ર પણ તૂટેલી-ભાંગેલી કબ્રોમાંની એક કબ્ર છે. હઝરતે ઝયનબ બીન્તે હજશ તેઓ પોતાના હાથથી પોતાની 'જરૂરત' પુરી કરી લેતાં હતાં, તેમની જે આવક બચતી તેને ફકીરો અને મિસ્કિનોમાં વહેંચી દેતાં હતાં, તેઓ હુઝૂરે અકરમના ફોઈના પુત્રી હતાં. 'જન્નતુલ બકીઅ'ની એક ઉજ્જડ અને વેરાન જગ્યાએ તેઓ તેમની મિસ્માર થયેલી કબ્રમાં નિંદ્રાધિન છે, ઉમ્મુલ મુઅમેનીન હઝરતે જવૈરીયહ (રદિયલ્લાહો અન્હા) 'બની મુસ્તલક' ખાનદાનના સરદારની પુત્રી હતાં, 'મીરે ઉમમ'ના 'હરમ'ના 'ચિરાગ' હતાં. તેમની 'આખરી આરામગાહ'નો ચિરાગ પણ આ 'વિરાના'માં છે અને તેને કોણ ભૂલી શકે તેમ છે? ઉમ્મે-હબીબહ, હઝરત અમીરે મુઆવીયહના બહેન, હઝરત અબુસુફયાનના સાહબઝાદી, તેમના પિતા અને ભાઈ જયારે 'કુફ્ર'ની હાલતમાં હતાં ત્યારે તેમણે ઈસ્લામનો સ્વીકાર કર્યો હતો, 'હબ્શહ' તરફ તેમના પતિ સાથે તેમણે 'હિજરત' કરી જ્યાં તેમના પતિએ 'ઈસાઈ ધર્મ' અપનાવીને તેમને રઝળતા મૂકી દીધાં હતાં, 'હબ્શ'ના બાદશાહ 'નજ્જાશી' હુઝૂરે અકરમના 'વકીલ' બનીને તેમની 'નિકાહ' હુઝૂરે અકરમ સાથે કરી હતી, ત્યાર પછી એક એવો સમય આવ્યો કે, ઉમ્મુલ મુઅમેનીન ઉમ્મે-હબીબહનો 'કાફીર પિતા' મક્કહ ખાતે બેટીના ઘેર આવ્યો અને આવતાં વેંત જ એ રસુલલ્લાહના બિસ્તર પર બેસવાની કોશીષ કરી તેવામાં રસુલલ્લાહની એ પુનિત પત્નીએ બિસ્તરો ઉઠાવી લેતાં તેના 'કાફિર પિતા'ને કહ્યું કે; 'રસુલલ્લાહના બિસ્તર પર કોઈ 'મુશ્રીક' બેસી શકતો નથી.'

એક રિવાયતમાં છે કે, ઉમ્મુલમુઅમેનીન હઝરતે ઉમ્મે હબીબહની કબ્ર શરીફ હઝરત અલીના મકાનમાં હતી જે મકાન મદીનહમાં હતું, પરંતુ જ્યાં હઝરત અલી (રદિયલ્લાહો અન્હો)નું મકાન હતું એ મકાન પણ રહ્યું નથી તો કબ્ર ક્યાંથી હોય? રહે નામ અલ્લાહનું..!

ઉમ્મુલમુઅમેનીન હઝરતે મયમૂનહ (રદિયલ્લાહો અન્હા)ની 'વફાત' થઈ ત્યારે તેમનો જનાઝો ઉઠાવવામાં આવ્યો એ વખતે હઝરત અબ્દુલ્લાહ બીન અબ્બાસ (રદિયલ્લાહો અન્હો) લોકોને પોકારી રહ્યાં હતાં કે, 'અય લોકો! આ જનાજો અલ્લાહના રસુલના પુનિત પત્નીનો છે તેને અદબપૂર્વક ધીમે-ધીમે લઈ ચાલો.' હઝરતે મયમૂનહના જનાઝાની નમાઝ હઝરત અબ્દુલ્લાહ બીન અબ્બાસે પઢાવી હતી.

ઉમ્મુલમુઅમેનીન હઝરતે સફીયહ (રદિયલ્લાહો અન્હા) બેહદ બુદ્ધિશાળી અને વિનમ્ર તબીયત ધરાવતા હતાં, 'ખયબર'ની જંગમાં એ 'જંગી કેદી' તરીકે પકડાઈને આવ્યા હતાં, સરવરે-આલમના 'હરમ'માં દાખલ થયાં, એક દિવસે 'હુઝૂર' પધાર્યા ત્યારે તેમની આંખોમાં આંસુ હતાં. આપે રડવાનું કારણ પૂછતાં તેમણે કહ્યું કે, 'હઝરતે આઈસહ સિદ્દીકહ અને હઝરતે હિફસહ કહે છે અમે અલ્લાહના રસુલની પુનિત પત્નીઓમાં શ્રેષ્ઠ છીંએ અને તમે 'યહુદીના પુત્રી' છો.' એ સાંભળીને આપે તેમને શાંતવન આપતાં ફરમાવ્યું કે, 'તમે એ બન્નેને એમ શા માટે કહી દીધું નહીં કે, મારા પિતા હઝરત મુસા અને કાકા હઝરત હારૂન અને મારા શવહર હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) છે.'

જન્નતુલબકીઅમાં હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ૧૧ પુનિત પત્નીઓમાંથી ૯ ની 'આરામગાહ' છે. રસુલલ્લાહના 'એહલે બયત' રસુલલ્લાહની અવલાદ, રસુલલ્લાહના 'જાંનિસાર સાથીઓ' રસુલલ્લાહના મહાન સહાબા અને રસુલલ્લાહ જેમની ગોદમાં હુંફ મેળવીને ઊછર્યા હતાં એ હલીમહ સઅદીયહની કબ્રો અહીં છે, જેને 'સઉદી-નજદી-હુકુમત'ની મનઘડત 'શરઈ

સંગીની'નો ભોગ બનવો પડ્યો છે. અલ્લાહ તેના રસુલ એ બધાથી રાજી હતાં તેઓ 'જન્નતુલબકીઅ'માં 'આરામ' કરી રહ્યાં છે, જેવી રીતે સાહિત્યકારોના 'અધુરા મશ્વરા પર 'ઈબારતો' (લખાણો) કાપકુટ થઈને દમ તોડી દે છે.'

જ. 'શોરીશ' કાશ્મીરીએ તેમની કિતાબ 'શબ જાએ કે, મન બૂદમ'માં 'ઉહદ' પહાડ જ્યાં મુસલમાનો અને મુશ્રીકો વચ્ચે જંગ થઈ હતી તેનું વર્ણન આ શબ્દોમાં કર્યુ છે;

'ઉહદ'ના દામનમાં જમીનથી બે સીડી જેટલાં ઊંચા સ્થળે અને પહાડથી ઘણે નીચે હઝરત અમીર હમ્ઝહ, હઝરત અબ્દુલ્લાહ બીન હજશ અને હઝરત મઅસબ બીન ઉમૈરની કબ્રો છે, પરંતુ 'આલે-સઉદ' શરીઅતની ગલત આડ લઈને તેને પણ જમીનની બરાબર કરી દીધી છે, 'ઉહદ'નો એ મયદાન જ્યાં મુસલમાનો અને મુશ્રીકો વચ્ચે ઘમાસાણની લડાઈ થઈ હતી, અબુસુફ્યાંનની પત્ની હિંદહ પુરૂષનો લિબાસ પહેરીને આ જંગમાં 'મુશ્રીકો'ને ઉશ્કેરવા માટે આવી હતી, તેણે તેના 'હબ્શી-વહેશી-ગુલામ'ને એ શરતે આ જંગમાં તેડી આવી હતી કે, એ તેના નાનકડા પણ જીવલેણ શસ્ત્ર વડે હઝરત અમીર હમ્ઝહને 'શહીદ' કરે તેના બદલામાં તેણી તેને 'આઝાદ' કરી દેશે, હઝરત અમીર હમ્ઝહ લડાઈમાં પ્રવૃત્ત હતાં તેવામાં લાગ જોઈને 'વહેશી-ગુલામે' પીઠ પાછળથી તેનું નાનકડું શસ્ત્ર દૂરથી તેમના તરફ ફેંક્યું, એ શસ્ત્ર હઝરત અમીર હમ્ઝહના શરીરની આરપાર નીકળી ગયું. હઝરત અમીર હમ્ઝહ લોહી-લોહાણ થઈને પડી ગયાં, આ હાલત હોવા છતાં 'વહેશી' કે 'હિંદહ' તેમની નજીક જતાં ડરતાં હતાં, જ્યારે 'વહેશી'એ દૂરથી બે-ચાર કાંકરીઓ તેમના પર ફેંકી પણ હલન-ચલન થયું નહીં ત્યારે હિંદહ ત્યાં પહોંચી ગઈ, ઝડપથી તેણીએ કપડાંમાં છૂપાવેલું ખંજર કાઢીને હઝરત અમીર હમ્ઝહના સિનાને ચીરીને પેટમાં હાથ નાખીને તેમનું 'કલેજુ' બહાર કાઢી મોઢેથી ચાવવા લાગી, પરંતુ એ તેના ગળા હેઠળ ઉતર્યું નહીં, અલબત્ તેના બન્ને તરફના હોઠના ખુણા પરથી લોહી ટપકવા લાગ્યું હતું ત્યાર પછી તેણીએ

હઝરત અમીર હમ્ઝહના નાક-કાન કાપી નાખ્યા અને સૌથી ઘૃણાજનક કાર્ય એ સ્ત્રીએ કર્યું તે એ કે તેનો 'ગુપ્ત ભાગ' પણ કાપી નાખ્યો, આમ કરીને તેણીએ તેના ભાઈઓ અને પિતા હઝરત અમીર હમ્ઝહના હાથે માર્યા ગયાં હતાં તેનો 'બદલો' લેવાનો સંતોષ લીધો હતો.'

'હિંદહ એ હઝરત અમીર હમ્ઝહનો કલેજો ચાવ્યો હતો, પરંતુ આજના 'સઉદી-નજદી-સત્તાધિશો' તેમની કબ્રોને ચાવી ગયાં, હઝરત મસ્અબ બીન ઉમૈર અને હઝરત અબ્દુલ્લાહ બીન જહશની કબ્રો પણ અહીં જ હતી, પરંતુ એ કબ્રો કે કબ્રોના નિશાન ક્યાંય દેખાતા નથી, ત્યાં રહેતાં અરબ કહે છે કે, એમની કબ્રો અહીં હતી, 'ઉહદ'ના લગભગ 'શહીદો' અહીંની માટીમાં સુતાં છે, એમ સમજીને આપણે એ સ્થળે આપણાં માથાં ઝૂકાવીએ છીંએ, આપણી અકીદતમંદીને જાહેર કરીએ છીંએ.'

'હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફરમાવ્યું છે કે, 'તમે જ્યારે પણ 'ઉહદ' પાસે આવો ત્યારે ત્યાનો વૃક્ષ ચાહે એ વૃક્ષ કાંટાળો કેમ ન હોય તેમાંથી કંઈક ખાવ.' પરંતુ 'સઉદી-નજદી-હકુમત'ના પ્રકોપથી ત્યાં કોઈ વૃક્ષો જ રહ્યાં નથી, જેવી રીતે બીજી 'યાદગારો' અને 'નિશાનીઓ' બચી નથી. જોકે, ઈસ્લામનો ઉદય થયો, ફેલાયો એ સ્થાનો પોકારી-પોકારીને કહી રહ્યાં છે કે, 'અમે ફલાણા છીંએ.' સામાન્ય રીતે એ તમામે તમામ નિશાનીઓ રહેવી જોઈએ, તેની જાળવણી પણ બરાબર ચિવટપુર્વક થવી જોઈએ, શું એ 'યાદગારો' કાયમ રહેવાથી એ બીજી 'ઈબાદતગાહો' બની જશે? એ દલીલ તદ્દન પાંગળી છે, અરબોને ત્વારિખ પર ગર્વ છે, એ ત્વારિખે તેમને 'વિશેષતા' આપી છે, એ 'કાઅબતુલ્લાહ' અને 'હરમે નબી' છે અથવા તો એ સ્થાન જેને 'ગઝવાતે નબી' એ તેમને શ્રેષ્ઠતા આપી છે, એ અને એ સિવાયની બીજી તમામ યાદગારો જેમની તેમ સુરક્ષિત રહેવી જોઈએ, એવી રીતે નહીં કે, ઈલ્મના એ સમયમાં એ ભૂંસાઈ જાય, નામશેષ થઈ જાય, એ તો સર્વ વિદિત હકિકત છે કે, અરબના 'સઉદી-નજદી' શાહબઝાદાઓ યુરોપ

અને અમેરિકામાં ઘુમતાં હોય છે, ત્યાં તેઓ શું નથી કરતાં? અને ત્યાંથી શું-શું નથી લાવતા? એનાથી કોણ અજ્ઞાન છે? શું એ 'સાહબઝાદાઓ' એ જોયું નથી કે, ફ્રાન્સના 'શાહો'ને કતલ કર્યા પછી તેમને જ્યાં કતલ કરવામાં આવ્યાં હતાં એ 'કતલગાહો'ને પણ ત્યાં સુરક્ષિત રાખવામાં આવી છે, રોમન સમ્રાટો 'વહેશત'ના દૌરમાં હિંશક પશુઓ દ્વારા ઈન્સાનોને ચિરીને તેનો 'તમાશો' જોતાં હતાં એ સ્થાનો આજે પણ 'સુરક્ષિત' છે, બર્લીનમાં સોવિયેટ રશિયાએ તેના વિજયની અઝીમુશ્શાન યાદગારો સ્થાપિત કરેલી છે, ઈંગ્લેન્ડએ તો 'પુરાતનવાદ'નું ઘર છે એ તેના 'શાહો'ની તમામ પ્રાચીન વસ્તુઓને યાદગાર બનાવીને તેના સિનાથી લગાવીને બેઠો છે, ત્યાં 'શાહના મહેલ' અને વડાપ્રધાનના સ્થળો આજ પર્યંત બદલાયા નથી. કેમ કે, એ તેમની પુરાતન ત્વારિખ છે જે ભૂતકાળને વર્તમાનથી મિલાવે છે. તો શું એ વસ્તુઓ-એ યાદગારો તેમની નજીક 'ઈબાદતગાહો' બની ગઈ? જ્યારે એ લોકો (અંગ્રેજો-ઈસાઈઓ) કુર્આનની નજીક 'ગુમરાહ' અને 'અઝાબમાં સપડાયેલા' જાહેર થઈ ચૂક્યા છે તેમણે તેમની પુરાની યાદગારોને અને ત્વારિખની પુંજીને 'ઈબાદતગાહ' બનાવી નથી તો પછી એ મુસલમાન જેની તાઅલીમ અને તરબીયત 'તવહીદ' અને 'રિસાલત'ના વાતાવરણમાં થઈ હોય એ 'પુરાતન યાદગારો'ને 'ઈબાદતગાહ' બનાવી લ્યે એ તો માની શકાય જ નહીં, જ્યાં 'બયતુલ્લાહ' અને 'ગુંબદે ખીદ્રા' હોય ત્યાં બીજી કઈ જગ્યાએ 'જબીને-ન્યાઝ'ની 'સિજદાગાહ' હોઈ શકે છે? લોકોની ગલત માન્યતા અને ગુમરાહીનો એ ઈલાજ હરગીઝ નથી કે, એ વસ્તુઓ એ યાદગારોને મિટાવી દેવામાં આવે ત્યાર પછી (સઉદી-નજદી-માન્યતાં મુજબ) એમ સમજવું કે, સામાન્ય જન સમુદાય 'શિર્ક'માં સપડાય છે એમાં કંઈ જ તથ્ય નથી, કોઈએ અંગુર અને ખજુરનો નાશ કર્યો છે? તેમાંથી કિંમતી શરાબ બને છે..!'

'જિદ્દાહ'ને અતિઆધુનિક અને 'રિયાધ'ને જન્નત નિશાન બનાવનારા 'સઉદી-નજદી-હાકેમો' મક્કહ અને મદીનહમાં આવીને બાયોં ચડાવી લે છે,

ત્યાં તેમને તેમનામાં રહેલી કમજોરી દેખાતી નથી, ન તો એ મહેસુસ થાય છે.

મદીનહની બહાર વિશાળ મયદાન છે, મક્કહના 'મુશ્રીકો' અને મદીનહના મુસલમાનો વચ્ચે અહીં મોરચાબંદી થઈ હતી. હઝરત સલમાન ફારસી (રદિયલ્લાહો અન્હો)ની સલાહ પ્રમાણે એક વિશાળ લાંબી 'ખાઈ' ત્યાં ખોદવામાં આવી હતી, અરબીમાં 'ખાઈ'ને 'ખન્દક' કહેવામાં આવે છે. અહીં 'અહઝાબ' અને 'સુલઅ' નામની પહાડીઓ તેના પશ્ચિમી કિનારા પર છે, ત્યાં હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) 'ખૈમો' લગાવ્યો હતો તેની આસપાસમાં હઝરત સિદ્દીકે અકબર, હઝરત ફારૂકે આ'ઝમ, હઝરત ઉસ્માને ગની અને હઝરત અલી શેરેખુદાએ પણ 'ખૈમા' ખડા કર્યા હતાં. ઈસ્લામના મુઠ્ઠીભર 'મુજાહીદો'એ ત્યાં ભારે 'આકરી પરીક્ષા' આપવામાં સફળ થયાં હતાં. દુશ્મનો પાસે ચાળીસ હજાર માનવીઓનું લશ્કર હતું, શસ્ત્રો પુરતાં પ્રમાણમાં હતાં, ખાવા-પીવાની વસ્તુઓ વિપુલ પ્રમાણમાં હતી, તેની સામે મુસલમાનોની સંખ્યા પંદરસો જેટલી હતી, શસ્ત્રો નામના હતાં, ખાવા-પીવાની વસ્તુઓની બેહદ તંગી હતી, તેમ છતાં ચાળીસ હજારની ફૌજને રાતના અંધકારમાં ભાગી છૂટવાની ફરજ પડી હતી, ત્યાર પછી એ સ્થળે કેટલીક મસ્જિદો 'યાદગાર' તરીકે બનાવવામાં આવી હતી. 'મસ્જિદે ફત્તેહ', 'મસ્જિદે સલમાન', 'મસ્જિદે ફતેમહ ઝોહરા' અને બીજી મસ્જિદો, પરંતુ ખુદાની પનાહ! રસુલલ્લાહના સમયમાં બનેલી એ 'યાદગાર મસ્જિદો' પણ વર્તમાન 'સઉદી-નજદી-હકુમત'ની ઘડેલી શરઈ પક્કડમાં છે, અલબત્ તેની નજીકમાં એક 'અમેરિકન તર્ઝ'નો શાહી મહેલ બનેલો છે, એ મહેલના વિશાળ કમ્પાઉન્ડમાં એક મોટો બગીચો પણ છે ત્યાં 'સઉદી-નજદી-શરઅ' ઉભી રહેતી નથી, કેટલો વિરોધાભાસ..!!

જ. 'શોરીશ' કાશ્મીરીએ તેમની કિતાબ 'શબ જાએ કે મન બૂદમ'માં મદીનહ મુનવ્વરા વિશે લખ્યું છે કે;

'હરમ શરીફ'ની ચારેકોર યુરોપ-અમેરિકા અને જાપાનથી આયત થયેલી કિંમતી વસ્તુઓની દુકાનો ભરચક રહે છે, 'કરન્સી'ના અહીં મોટા વેપારીઓ

છે, બૈરૂતથી પ્રગટ થતાં અખબારો જેમાં નગ્ન તસવીરો હોય છે એ મોટાં પ્રમાણમાં અહીં જોવા મળે છે, વાળ કાપવાના આધુનિક 'હેયર કટીંગ સલુન' પણ છે, નવીન વસ્તુઓમાં આધુનિક હોટલો છે, પરંતુ ઊંટ ક્યાંયે દેખાતા નથી.. અલબત્ 'ઉપગ્રહો' ઉડતા-ફરતા જોવામાં આવે છે. વિદાય થયા પહેલાં હું 'રોઝ-એ-અકદસ'ને ફરીને કેટલાંક ફેરાં લગાવ્યાં, એક 'સૂતૂન' (સ્તંભ) પાસે આવીને ઉભો રહ્યો, 'અસ્હાબે-સુફ્ફહ'ના ચબૂતરાને શોધવા લાગ્યો, પરંતુ એ જોવામાં આવ્યો નહીં. હઝરતે ફાતેમહ ઝોહરાના 'હુજરા'માં હુઝૂર સરવરે આલમ દરેક રાત્રે 'તહજજુદની નમાઝ' અદા કરતાં હતાં એ સ્થળ પાસે આવતાં લાગ્યું કે, 'અભી ઈસ રાહ સે કોઈ ગયા હૈ..'

'જન્નતુલબકીઅ' વિશેની કેટલીક વાતો રહી ગઈ હતી. જ. 'શોરીશ' કાશ્મીરીએ તેમની કિતાબ 'શબ જાએ કે મન બૂદમ'માં લખી છે તેને પણ વાંચી લ્યો;

'જન્નતુલબકીઅ' એ કબ્રસ્તાન છે તેમાંના મઝારોની સ્થિતિ અત્યંત ખરાબ છે, જે કબ્રસ્તાનમાં અનેક 'કુબ્બા' અને લીલા વૃક્ષોના ઝૂંડ હતાં એ પાક કબ્રસ્તાનમાં ધૂળની ડમરીઓ ઉડી રહી છે, ઠેર-ઠેર માટીના ઢગલાં પડેલાં છે. ખુબી તો એ છે કે, મઝારોને મિસ્માર કરનારાઓ તેની બાજુમાં જ ફલકબોસ ઈમારતો ઉભી કરી રહ્યાં છે, જે 'પયગમ્બરે' જીંદગીભર રહેવાને માટે પાકો મકાન બનાવ્યો નહોતો તેને નામે 'ચરી રહેલાં આંખલાઓ' (સઉદી-નજદી) તેમના પોતાના રહેવા માટે સંગેમરમરના મહેલો બનાવીને તેમાં રહે છે. જાણે આપણાં બુઝૂર્ગોની કબ્રો પર 'સુન્નતે નબ્વી'નો કાયદો જારી છે અને જેઓ પોતાને 'સુન્નતના તાબેદાર' કહેતા ફરે છે તેમના વિશાળ મહેલો માટે 'શરીઅત'નો કોઈ કાયદો લાગુ થતો નથી, કેટલી આશ્ચર્યકારક અને અફસોસનાક હકિકત છે?!

'दामन को लिये हाथ में कहेता था येह कातिल,
कब तक ईसे धोया करूं, लाली नहीं जाती..'

ચમક તુઝસે પાતે હૈં સબ પાને વાલે..

ચમક તુઝસે પાતે હૈં સબ પાને વાલે,
મેરા દિલ ભી ચમકા દે ચમકાને વાલે.

બરસતા નહીં દેખ કર અબ્રે રહમત,
બંદો પર ભી બરસા દે બરસાને વાલે.

મદીને કે ખિત્તે ખુદા તુઝકો રખે,
ગરીબોં-ફકીરોં કો ઠહરાને વાલે.

તું ઝિન્દા હૈ વલ્લાહ તું ઝિન્દા હૈ વલ્લાહ,
મેરે ચશ્મે આલમ સે છુપ જાને વાલે:

મેં મુજરિમ હું આકા મુઝે સાથ લે લો,
કિ રસ્તે મેં હૈં જા બજા થાને વાલે.

હરમ કી ઝમી ઔર કદમ રખ કે ચલના,
અરે સર કા મૌકા હૈ ઓ જાને વાલે.

ચલ ઉઠ જિબ્હ ફસાં હો સાકી કે દર પર,
દરે જુદ એ મેરે મસ્તાને વાલે.

તેરા ખાયેં તેરે ગુલામોં સે ઉલઝે
હૈં મુન્કીર અજબ ખાને ગુર્રાને વાલે.

રહેગા યુંહી ઉનકા ચર્ચા રહેગા,
પડે ખાક હો જાયે જલ જાને વાલે.

અબ આઈ' શફાઅત કી સાઅત અબ આઈ',
જરા ચૈન લે મેરે ઘબરાને વાલે.

'રઝા' નફસ દુશ્મન હૈ દમ મેં ન આના,
કહાં તુમને દેખે હૈં ચન્દરાને વાલે.

ઈમામે ઈશ્કો મોહબ્બત, આ'લા હઝરત ઈમામ અહમદ
રઝા (રદિઅલ્લાહો અન્હો)

ઈસ્લામી સાહિત્ય જગતના વિદ્વાન લેખક જનાબ હાજી અબ્દુલગફાર ચોલા સાહેબ 'કલમબાઝ' જામનગરીની દીની તથા દુન્યવી જાણકારીથી ભરપુર કિતાબો વાંચી આપના ઈલ્મમાં વધારો કરો.

૦૧.	ઈલ્મનો ખજાનો	૧૦૦
૦૨.	અલ્લાહના પયગમ્બરો (ભાગ:૧)	૫૦
૦૩.	અલ્લાહના પયગમ્બરો (ભાગ:૨)	૫૦
૦૪.	અલ્લાહના પયગમ્બરો (ભાગ:૩)	૫૦
૦૫.	અલ્લાહના પયગમ્બરો (ભાગ:૪)	૬૦
૦૬.	અજાયબુલ મખ્લુકાત	૫૦
૦૭.	ઈમામે આઝમ	૫૦
૦૮.	રોશન સિતારા	૫૦
૦૯.	શહીદે કરબલા	૫૦
૧૦.	જિન્નાતની દુનિયા	૫૦
૧૧.	કુર્આનના હેરતનાક કિસ્સા	૪૦
૧૨.	કુર્આનની હેરતનાક હકિકતો	૪૦
૧૩.	મહાન અને મુકદ્દસ યાદગારો	૫૦
૧૪.	સિરતે ગૌષે આઝમ	૪૦
૧૫.	ઈસ્લામમાં મહાફીત્નો શિઆ-રાફઝી	૪૦
૧૬.	કરબલા પછીના ખુની મંઝર	૪૦
૧૭.	સરવરે આલમ	૩૦
૧૮.	રોશની	૩૦
૧૯.	દાસ્તાન ઈમાન ફરોશોની	૩૫
૨૦.	હિકમતના મોતી	૩૦
૨૧.	સામાને બખ્શીશ	૪૦
૨૨.	કુદરતના અનમોલ પથ્થર (ભાગ:૧)	૪૦
૨૩.	કુદરતના અનમોલ પથ્થર (ભાગ:૨)	૫૦
૨૪.	કાળા મુસલમાન	૪૦
૨૫.	દલાઈલુલ ખયરાત શરીફ	૭૦
૨૬.	કશીદહ બુર્દહ શરીફ	૨૦

અગામી પ્રકાશનો

(૧) ખ્વાબ અને તાઅબીર
(૨) મા-બાપના હક્ક
(૩) કુદરતના અનમોલ પથ્થર ભાગઃ૩

૦ પ્રાપ્તિ સ્થાન ૦

મહંમદઅમીન એ. ચોલા (નૂરી)

ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર-૩૬૧ ૦૦૧.

Mobile : 98248 36500